દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 192 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 August 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧૪ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


### ચોર મચાયે શોર...

# સોનિયાના નામે જ મતયાદીમાં ગરબડ

## ભારતીય નાગરિક બન્યાં એ પહેલા જ તેમનું નામ વૉટર લિસ્ટમાં સામેલ થયું હોવાનો ભાજપનો આક્ષેપ

**ઇટલીનાં નાગરિક સોનિયા ગાંધી ભારતીય નાગરિક બન્યાં તેના ત્રણ વર્ષ પહેલાં એટલે કે ૧૯૮૦માં તેમનું નામ ભારતની મતદાર યાદીમાં ઉમેરાયું હતું. આવું કઇ રીતે બન્યું હતું?**

નવી દિલ્હીઃ ભાજપના આઇટી સૅલના વડા અમિત માલવિયાએ સોશ્યલ મીડિયા ‘એક્સ’ પરની પોતાની પોસ્ટમાં સવાલ કર્યો હતો કે ઇટલીનાં નાગરિક સોનિયા ગાંધી ભારતીય નાગરિક બન્યાં તેના ત્રણ વર્ષ પહેલાં એટલે કે ૧૯૮૦માં તેમનું નામ ભારતની મતદાર યાદીમાં ઉમેરાયું હતું. આવું કઇ રીતે બન્યું હતું?

તેમણે જણાવ્યું હતું કે ગાંધી પરિવાર ૧૯૮૦ સુધી ભૂતપૂર્વ વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીના ૧, સફદરજંગ રોડ ખાતે આવેલા સત્તાવાર નિવાસસ્થાનમાં રહેતો હતો અને તે વખતે તેના મતદારો ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સંજય ગાંધી અને મેનકા ગાંધી હતાં. ૧૯૮૦ની પહેલી જાન્યુઆરીએ દિલ્હી સંસદીય મતક્ષેત્ર માટેની મતદાર યાદી સુધારવામાં આવી હતી અને તેમાં સોનિયા ગાંધીનું નામ મતદાન કેન્દ્ર ૧૪૫માં મતદાર ક્રમાંક ૩૮૮ તરીકે નોંધાયું હતું. મતદાર ભારતીય નાગરિક હોવો જરૂરી છે. આ મુદ્દે બહુ હોબાળો થતાં ૧૯૮૨માં સોનિયાનું નામ મતદાર યાદીમાંથી કાઢી નખાયું હતું, પરંતુ બાદમાં ૧૯૮૩માં પાછું ઉમેરવામાં આવ્યું હતું. શું આને

(જુઓ પાનું ૨) ▸▸

# વૉટર લિસ્ટની સમીક્ષા તો કરવી જ પડેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બુધવારે જણાવ્યું હતું કે મતદારયાદીમાંના મતદારોના નામ અને આંકડા સહિતની વિગત કાયમ માટે ફેરફાર થયા વિનાની રહી ન શકે અને તેની સમીક્ષા કરવી જ જોઇએ.

તેણે બિહારની મતદારયાદી સુધારણાની પ્રક્રિયા કાયદાના આધાર વિનાની ગણાવીને તેને રદબાતલ કરવાનો ઇનકાર કર્યો હતો.

તેણે જણાવ્યું હતું કે બિહાર મતદાર યાદીની હાલની ખાસ સુધારણા પ્રક્રિયામાં મતદારે ૧૧ દસ્તાવેજમાંથી કોઇ પણ એક દસ્તાવેજ સુપરત કરવાનો છે, જ્યારે અગાઉ સમરી રિવિઝનમાં સાત દસ્તાવેજમાંનો એક સુપરત કરવાનો હતો અને તે જ બતાવે છે કે

(જુઓ પાનું ૨) ▸▸

## રાહુલ, પ્રિયંકા, અખિલેશ પણ મત-ચોરીથી ચૂંટણી જીત્યાંઃ ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે બુધવારે આક્ષેપ કર્યો હતો કે રાયબરેલી, વાયનાડ, ડાયમંડ હાર્બર અને કન્નૌજની સંસદીય બેઠક પર મતદારોની નોંધણીમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાથી આ બેઠકો પરથી જનપ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા રાહુલ ગાંધી, પ્રિયંકા વાડરા, અભિષેક બેનરજી અને અખિલેશ યાદવે લોકસભાના સાંસદ તરીકે રાજીનામું આપી દેવું

(જુઓ પાનું ૨) ▸▸

# કબૂતરોને ચણના મુદ્દાને લાગ્યો સાંપ્રદાયિક રંગ

**દાદર કબૂતરખાનાને મામલે જૈનોની સામે મરાઠી એકીકરણ સમિતિએ ઝંપલાવ્યુંઃ વિવાદ વકરવાની શક્યતા**



**ક્યાંની વાત, ક્યાં પહોંચી?:** દાદર કબૂતરખાનું ફરી ખોલવાને મુદ્દે જૈનોના સંઘર્ષ વચ્ચે ગઈ કાલે મરાઠી એકીકરણ સમિતિના લોકો પણ ત્યાં ભેગા થતા મામલો બગડે નહીં એટલે ભારે પોલીસ બંદોબસ્ત હતો. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કબૂતરોને ચણ નાખવા પર લાદવામાં આવેલા પ્રતિબંધ અને દાદર સહિતના અનેક કબૂતરખાના બંધ કરી નાખવાની કરવામાં આવેલી કાર્યવાહી બાદ જૈનોએ સંઘર્ષ કરતાં રાજ્ય સરકાર આ મુદ્દે ઉકેલ શોધવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યારે જ બરાબર આ મુદ્દાને હવે સાંપ્રદાયિક રંગ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાથી આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે એવી શક્યતાઓ જોવાઈ રહી છે.

અત્યાર સુધી પાલિકા-રાજ્ય સરકાર વિરુદ્ધ જૈનોના વિવાદમાં મરાઠી એકીકરણ સમિતિએ ઝંપલાવીને મરાઠી અસ્મિતાનો મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ આખા વિવાદને હવે મરાઠી વિરુદ્ધ જૈનોનું સ્વરૂપ આપવામાં આવ્યું હોવાથી આ વિવાદ વધુ વકરે એવી શક્યતા જોવાઈ રહી છે. આ પહેલાં પણ કેટલાક મરાઠીવાદ કરનારા રાજકીય સંગઠનો દ્વારા જૈનોને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા અને પર્યુષણ પર્વમાં દેરાસરની બહાર માંસાહાર કરીને જૈનોની લાગણીઓ

(જુઓ પાનું ૨) ▸▸

# રાહુલના જીવને જોખમઃ વકીલે કોર્ટમાં કહ્યું

## જોકે પછી કૉંગ્રેસે ફેરવી તોળ્યું કે વકીલે કૉંગ્રેસી નેતાની સંમતિ લીધા વિના જ આવું નિવેદન કર્યું હતું

પુણેઃ કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ પુણેની એક અદાલતમાં તેમના જીવને જોખમ હોવાની અરજી કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે સાવરકર પર કરેલી ટિપ્પણી બાદ જીવનું જોખમ વધ્યું છે. તેમજ ગોડસેના વંશજોથી રક્ષણ આપવાની માગ કરી છે. તેમણે સાવરકર અંગેના માનહાનિ કેસમાં આ અરજી કરી છે. તેમણે મહાત્મા ગાંધીની હત્યાનો ઉલ્લેખ કરીને નિવેદન કર્યું હતું કે ઈતિહાસનું પુનરાવર્તન થવાની મંજૂરી ના આપવી જોઈએ.

જોકે કૉંગ્રેસે મોડી રાતે આખી વાતને ફેરવી તોળતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીના વકીલે રાહુલ વતી જાનના જોખમ સંબંધી નિવેદન અદાલતમાં કર્યું હતું.

રાહુલ ગાંધીએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે, હાલમાં તેમણે મતદારયાદીમાંથી ‘ચોરી’ સહિતના અનેક રાજકીય મુદ્દાઓ ઉઠાવ્યા છે.

(જુઓ પાનું ૨) ▸▸



બચાવ કામગીરીઃ ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધારાલી વિસ્તારમાં તાજેતરમાં આવેલા પૂર બાદ બુધવારે તપાસ અને બચાવ કામગીરી કરી રહેલા રૅસ્ક્યુ અધિકારીઓ અને અન્યો. (એજન્સી)

### એચડીએફસી બૅંકે આપ્યો આચકો

# હવે મિનિમમ બૅલેન્સ ૨૫,000 રૂપિયા

મુંબઈઃ આઈસીઆઈસીઆઈ બૅંક બાદ હવે દેશની સૌથી મોટી પ્રાઈવેટ બૅંકમાંથી એક એવી એચડીએફસી બૅંકએ સેવિંગ્સ એકાઉન્ટમાં મિનિમમ બેલેન્સ ૨૫,૦૦૦ રૂપિયા કર્યું છે. જો આ રકમ ઓછી હશે તો ખાતાધારકોને પેનલ્ટી લગાવવી પડશે. આ નિયમ પહેલી ઓગસ્ટ, ૨૦૨૫થી અમલી બન્યો છે અને પહેલી ઑગસ્ટ કે ત્યારબાદ ખાતું ખોલાવનારને આ નિયમ અમલી બનશે. એચડીએફસી બૅંકનો આ નવો નિયમ તમામ મેટ્રો અને અર્બન સિટીઝમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પહેલાં એચડીએફસી બેંકના સેવિંગ્સ એકાઉન્ટમાં ઓછામાં ઓછું ૧૦,૦૦૦ રૂપિયાનું મિનિમમ બેલેન્સ રાખવાનું ફરજિયાત હતું. પરંતુ હવે બેંક દ્વારા આ લિમિટ વધારવામાં આવી છે. હવે બેંક દ્વારા આ લિમિટ વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવી છે. ■

### રખડતા શ્વાનો બચી જશે?

# આદેશની ફેરવિચારણા માટે સુપ્રીમ કૉર્ટે નવી બૅન્ચ રચી

નવી દિલ્હીઃ દિલ્હી-એનસીઆરમાં રખડતા કૂતરાને શેલ્ટર હોમમાં રાખવાનો સુપ્રીમ કોર્ટના ચુકાદાની સામેના વ્યાપક વિરોધને પગલે આ કેસ હવે સુપ્રીમ કોર્ટની ત્રણ સભ્યની બેન્ચ જાતે સંજ્ઞાન લઈને સાંભળશે. જસ્ટિસ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન. વી. અંજારિયા સુનાવણી સાંભળશે.

અગાઉ જસ્ટિસ જે. બી. પારડીવાલા અને જસ્ટિસ આર. માધવનની બેન્ચે ૧૧ ઑગસ્ટે એવો નિર્દેશ આપ્યો હતો કે બધા જ રખડતા કૂતરાને બને એટલી જલદી ગલીમાંથી શેલ્ટર હોમમાં સ્થળાંતર કરે. જ્યારે અમુક અરજદારે રખડતા કૂતરાના ૧૧ ઑગસ્ટના ચુકાદાનો ઉલ્લેખ કરીને રખડતા કૂતરાના બીજા કેસની (જુઓ પાનું ૨) ▸▸

# ડીઆરડીઓના ગૅસ્ટ હાઉસમાં આઇએસઆઇનો એજન્ટ

## લશ્કરની ગુપ્ત માહિતી મોકલતો જાસૂસ પકડાયો

જયપુરઃ ભારતના સ્વદેશી શસ્ત્રો વિકસાવતી ભારત સરકારની એજન્સી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના એક ગેસ્ટ હાઉસમાંથી પાકિસ્તાના કથિત એજન્ટની ધરપકડ કરવામાં આવી છે. અહેવાલ મુજબ રાજસ્થાનના જેસલમેરની ચંદન ફીલ્ડ ફાયરિંગ રેન્જ નજીક આવેલા ડીઆરડીઓના ગેસ્ટ હાઉસના કોન્ટ્રાક્ટ મેનેજરની મંગળવારે રાજસ્થાનની સીઆઈડી ઇન્ટેલિજન્સ દ્વારા ધરપકડ કરવામાં આવી. તેના પર પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ માટે જાસૂસી કરવાનો આરોપ છે.

ધરપકડ કરવામાં આવેલા આરોપીની ઓળખ મહેન્દ્ર પ્રસાદ તરીકે થઇ છે, જે ઉત્તરાખંડના અલ્મોરા જિલ્લાના પલ્યુનનો રહેવાસી છે. આરોપો મુજબ તે ડીઆરડીઓની ગુપ્ત અને વ્યૂહાત્મક માહિતી આઇએસઆઇને મોકલતો હતો.

રાજસ્થાનના વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા રાજ્યમાં વિદેશી એજન્ટો દ્વારા આયોજિત સંભવિત રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ રાજસ્થાન સીઆઈડી ઇન્ટેલિજન્સ સક્રિયપણે નજર રાખી રહ્યું છે. આ દરમિયાન, જાણવા મળ્યું કે ગેટ હાઉસનો કોન્ટ્રાક્ટ મેનેજર સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી સાથે સંપર્કમાં હતો.

અધિકારીના જણાવ્યા મુજબ આરોપી પાકિસ્તાનમાં બેઠેલા તેના હેન્ડલર્સને ફાયરિંગ રેન્જની મુલાકાત લેતા ડીઆરડીઓ વૈજ્ઞાનિકો અને ભારતીય સૈન્ય અધિકારીઓની હિલચાલ વિશે ગુપ્ત માહિતી પૂરી પાડતો હતો. જયપુરના સેન્ટ્રલ ઇન્ટરોગેશન સેન્ટર ખાતે વિવિધ ગુપ્તચર એજન્સીઓ દ્વારા આરોપી વ્યક્તિની સંયુક્ત રીતે પૂછપરછ કરવામાં આવી હતી. આરોપીના મોબાઇલ ફોનની ટેકનિકલ તપાસ કરવામાં આવી હતી, જેમાં જાણવા મળ્યું કે એ સંવેદનશીલ માહિતી પાકિસ્તાની હેન્ડલર સાથે શેર કરી રહ્યો હતો.

## આઇસીઆઇસીઆઇ બૅંકનો યુ-ટર્ન, મિનિમમ બેલેન્સ ૧૫,000 જ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ આઇસીઆઇસીઆઇ બેંક ગ્રાહકોના પ્રતિભાવ અને ચોતરફની આકરી ટીકા તથા વ્યાપક વિરોધના થોડા દિવસો પછી તેના ગ્રાહકો માટે લઘુત્તમ બેલેન્સની આવશ્યકતાઓમાં ફેરફાર જાહેર કર્યો છે.

‘મુંબઇ સમાચાર’ દ્વારા આ અંગેનો વિગતવાર અહેવાલ પ્રકાશિત કરવા સાથે તેના ડિજિટલ પ્લેટફૉર્મ પર ગ્રાહકોની નારાજગી અને વિરોધ

(જુઓ પાનું ૨) ▸▸

## ૨૦30ની કૉમનવેલ્થ ગૅમ્સ અમદાવાદમાં યોજાવાનું પાક્કું

### ભારતની બિડને મળી ઔપચારિક મંજૂરીઃ કૅનેડા અગાઉ જ રેસમાંથી હટી ગયું છે

નવી દિલ્હીઃ ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (આઈઓએ) એ બુધવારે અહીં તેની વિશેષ સામાન્ય સભા (એસજીએમ) દરમિયાન ૨૦૩૦ કૉમનવેલ્થ ગૅમ્સની યજમાની માટે દેશની બિડને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે. ભારતે ૨૦૩૦ કૉમનવેલ્થ ગૅમ્સ માટે અમદાવાદને યજમાન શહેર બનાવવા માટે રસ દર્શાવતો પત્ર રજૂ કરી દીધો છે. જોકે, ભારતે ૩૧ ઓગસ્ટની અંતિમ તારીખ પહેલાં અંતિમ બિડ માટે દરખાસ્તો રજૂ કરવાના રહેશે.

સરકાર ૨૦૩૦ની રાષ્ટ્રકુળની રમતોનો સંપૂર્ણ

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ યુદ્ધવિરામ કરાવવા મક્કમઃ ફ્રાંસના પ્રમુખ

### પુતિન બધાને છેતરી રહ્યા છેઃ ઝેલેન્સ્કી

બર્લિનઃ ફ્રાંસના પ્રમુખ એમેન્યુલ માર્કોને જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આવતા અઠવાડિયે અલાસ્કામાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનને મળવાના છે. ટ્રમ્પે આ બેઠકમાં રશિયા - યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ કરાવવાનો નિર્ધાર યુરોપના નેતાઓ સાથેની બુધવારની બેઠકમાં વ્યક્ત કર્યો હતો.દરમિયાન, યુક્રેનના નેતા વોલોદિમીર ઝેલેન્સ્કીએ યુરોપના

(જુઓ પાનું ૨) ▸▸

# યુક્રેનનું મોટા હુમલા દ્વારા પુતિન-ટ્રમ્પ બેઠકનિષ્ફળ બનાવવાનું કાવતરુંઃ મૉસ્કો

મૉસ્કોઃ અમેરિકાનું પ્રમુખપદ બીજીવાર સંભાળ્યા બાદ ટ્રમ્પ પહેલીવાર રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિનને મળવાના છે. રશિયા પાસેથી ક્રૂડતેલ ખરીદનાર ભારત સહિતના દેશો પર અમેરિકાએ પેનલ્ટી લગાડી હોવા વચ્ચે પુતિન અને ટ્રમ્પ વચ્ચે આ બેઠક યોજાશે. ટ્રમ્પ અને પુતિન વચ્ચેની આ બેઠક અગાઉ રશિયાના સંરક્ષણ ખાતાએ યુક્રેન પર મોટો આક્ષેપ કર્યો છે. એક અહેવાલ મુજબ રશિયાના સંરક્ષણ ખાતાએ આક્ષેપ કર્યો છે કે ૧૫ ઑગસ્ટે પુતિન અને ટ્રમ્પ વચ્ચે અલાસ્કા ખાતે યોજાનારી બેઠકને નિષ્ફળ બનાવવા તેમાં અવરોધ ઊભો કરવાની કિવ યોજના ઘડી રહ્યું છે. સંરક્ષણ ખાતાના દાવા મુજબ આ લક્ષ્યને સિદ્ધ કરવા યુક્રેને વિદેશી પત્રકારોની એક ટુકડીને ખારકીવના ચુગુએવ મોકલી છે. આ વિસ્તાર યુક્રેનના કબજામાં છે. સરહદી વિસ્તારમાં રહેતા લોકો અંગેનો અહેવાલ તૈયાર કરવાને બહાને પત્રકારોની ટુકડીને ત્યાં મોકલવામાં આવશે. રશિયાના સંરક્ષણ ખાતા દ્વારા કરવામાં આવેલા દાવા મુજબ યુક્રેનની સેના શહેર પર હુમલો કરશે અને હુમલા માટે રશિયાની સેનાને જવાબદાર ઠેરવવામાં આવશે.

૧૫ ઑગસ્ટે યોજાનારી બેઠક અગાઉ યુક્રેનની સશસ્ત્ર સેના વધુ વસતી ધરાવતા રહેવાસી વિસ્તાર તેમ જ હૉસ્પિટલ પર યુએવી કે મિસાઈલથી હુમલો કરશે એમ જણાવતાં તેમણે દાવો કર્યો હતો કે પત્રકારોની ટુકડી તાત્કાલિક આ હુમલાનો અહેવાલ પ્રકાશિત કરશે અને બેઠકમાં અવરોધ ઊભો કરવા નકારાત્મક રિપોર્ટિંગ કરશે.

# ચીનના વિદેશ પ્રધાન ભારત આવે છે

નવી દિલ્હીઃ ચીનના વિદેશ પ્રધાન વાન્ગ યી આ અઠવાડિયે ભારતની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન વાન્ગ યી ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે બંને દેશ વચ્ચેના સરહદી મુદ્દા અંગે વ્યાપક ચર્ચાવિચારણા કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની તિઆન્જિનમાં યોજાનારી બેઠકમાં ભાગ લેવા જશે તે અગાઉ ચીનના વિદેશ પ્રધાન વાન્ગ યી ભારતની મુલાકાતે આવશે. વર્ષ ૨૦૧૮ બાદ મોદીનો ચીનનો આ પ્રથમ પ્રવાસ હશે. ચીનના આ પ્રવાસ દરમિયાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિન સહિત અન્યોની મુલાકાત લેશે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકર જૂનમાં યોજાનારી એસસીઓની પ્રધાનોની (જુઓ પાનું ૨) ▸▸

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુનીર, બિલાવલ પછી શાહબાઝ, ભારતને ધમકીઓથી કોઈ ફરક પડતો નથી

**પાકિસ્તાનના** લશ્કરી વડા અસીમ મુનીર અને બિલાવલ ભુટ્ટોએ સિંધુ જળ સંધિ સ્થગિત કરવા મુદ્દે ભારતને ધમકી આપી એ વાત તાજી છે ત્યાં હવે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ વરતાયા છે. શરીફે સિંધુ જળ સંધિ સ્થગિત કરવા બદલ ભારતને સીધી ધમકી આપતાં કહ્યું છે કે, આપણો દુશ્મન એટલે કે ભારત પાકિસ્તાનના પાણીનું એક ટીપું પણ છીનવી શકશે નહીં. ભારતે પાકિસ્તાનને પાણી રોકવાની ધમકી આપી છે પણ ભારત પાકિસ્તાનનું પાણી રોકવાનો પ્રયત્ન પણ કરશે તો પાકિસ્તાન ભારતને કદી ના ભૂલાય એવો પાઠ ભણાવશે. સિંધુ નદીનું પાણી પાકિસ્તાનની લાઈફલાઈન છે અને આ જીવાદોરીને કાપવાની કોઈ કોશિશ સહન કરવામાં નહીં આવે. શરીફના કહેવા પ્રમાણે તો ભારત પાકિસ્તાન તરફ વહેતાં પાણીને રોકવાનો પ્રયાસ કરે તો એ સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન પણ ગણાશે અને તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.

ત્રણ દિવસ પહેલાં પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટોએ પણ આ રીતે જ સિંધુ જળ સંધિ મુદ્દે ભારતને સીધી યુદ્ધની ધમકી આપી હતી. બિલાવલે ડંફાશ મારી હતી કે, ભારત સિંધુ જળ સંધિને સ્થગિત કરે તો પાકિસ્તાન પાસે યુદ્ધ સિવાય બીજો વિકલ્પ રહેશે નહીં. બિલાવલે તો એમ પણ કહેલું કે, સિંધુ નદીનું પાણી રોકવાના મોદી સરકારનાં પગલાથી પાકિસ્તાનને મોટું નુકસાન થયું છે અને આપણે એક થઈને આ આક્રમક નીતિઓનો જવાબ આપવો પડશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધિમાં ત્રણ નદીઓ પાકિસ્તાનને ફાળે અને ત્રણ નદીઓ ભારતના ફાળે ગઈ છે પણ બિલાવલે ફિશિયારી મારી છે કે, પાકિસ્તાન તમામ ૬ નદીનાં પાણી ખૂંચવી લેવા માટે લડવા સક્ષમ છે. બિલાવલ પહેલાં પાકિસ્તાનના આર્મી ચીફ મુનીરે પણ આવો જ લવારો કરતાં ધમકી આપી હતી કે, ભારત સિંધુ નદીના પાણી પર ડેમ બનાવશે તો પાકિસ્તાન ૧૦ મિસાઈલ છોડીને આ બંધને ઉડાવી દેશે.

પહેલાં મુનીર, પછી બિલાવલ અને હવે શરીફે ભારતને ધમકીઓ આપવા માંડી તેનો અર્થ એ થયો કે, પાકિસ્તાને પાછું પોતાનું પોત પ્રકાશવા માંડ્યું છે. પાકિસ્તાનના શાસકો પાછા જાત પર આવી ગયા છે અને ભારત સામે ઝેર ઓકવાનો કાર્યક્રમ પાછો શરૂ કરી દીધો છે.

પાકિસ્તાનના પીઠ્ઠુ આતંકવાદીઓએ બાવીસ એપ્રિલે પહેલગામમાં આતંકવાદી હુમલો કરીને ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી હતી. તેના એક દિવસ પછી ૨૪ એપ્રિલે ભારતે પાકિસ્તાન સાથેની ૬૫ વર્ષ જૂની સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી હતી. આ આતંકવાદી હુમલા સામે આખી દુનિયામાં થૂ થૂ થઈ ગયું હતું અને લોકો ફિટકાર વરસાવતાં હતાં તેથી પાકિસ્તાની નેતા બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી ગયા હતા પણ હવે ધીરે ધીરે લોકો પહલગામ હુમલાને ભૂલવા માંડ્યા છે એટલે પાકિસ્તાનીઓએ પોતાની જાત બતાવવા માંડી છે. પાકિસ્તાની નેતાઓની દુકાનો ભારતને ગાળો દેવા પર જ ચાલે છે. ભારત સામે ઝેર ઓકીને ભારત વિરોધી ઉન્માદ ઊભો કરવો એ પાકિસ્તાની નેતાગીરીની જીવાદોરી છે એટલે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે પાકિસ્તાનીઓએ પાછો એ જ ધંધો માંડી દીધો છે.

ભારતને આ ધમકીઓથી કોઈ ફરક પડતો નથી કેમ કે ભારતે જે નિર્ણય લેવાનો હતો એ લઈ લીધો છે ને પાકિસ્તાન ગમે તેટલા ધમપછાડા કરે એ નિર્ણય બદલાવાનો નથી. ભારતે સિંધુ જળ સંધિને પાકિસ્તાનને પોતે શું કરી શકે છે તેનો અહેસાસ કરાવી જ દીધો છે ને સંધિ ફોક કરીને ભારતે કશું ખોટું કર્યું નથી. પાકિસ્તાન ભારતમાં લોહીની નદીઓ વહેવડાવે અને આપણે પાકિસ્તાનમાં પાણી વહેવા દઈને સાવ નપાણિયા સાબિત થઈએ એ શક્ય નથી એ જોતાં મોદી સરકારનું સિંધુ જળ સંધિ રદ કરવાનું પગલું એકદમ સાચું છે તેમાં મીનમેખ નથી. ભારતે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે, આ નિર્ણય અફર છે ને પાકિસ્તાન તૂટીને ત્રણ થઈ જાય તો પણ બદલાવાનો નથી.

આ ધમકીઓ પાકિસ્તાનના નેતાઓની હલકી અને ભારત વિરોધી માનસિકતાનો પરચો છે. આ માનસિકતાના કારણે પાકિસ્તાનના નેતા ભારતે સિંધુ જળ સંધિ રદ કરવાનું પગલું કેમ ભરવું પડ્યું તેની વાત જ કરતા નથી ને બીજી પારાયણ કર્યા કરે છે. ભારતે પાકિસ્તાનનું નાક કેમ દબાવવું પડ્યું તેની વાત કરવાના બદલે પાકિસ્તાનના નેતા બીજી બધી માથાકૂટો કર્યા કરે છે.

સિંધુ જળ સંધિ ૧૯૬૦માં થયેલી ને વર્લ્ડ બેંકે તેમાં મધ્યસ્થી કરેલી. ભારત આટલાં વરસોથી સિંધુ જળ સંધિનો અમલ કરતું જ હતું. સિંધુ સહિતની પારાયણ નદીઓનાં પાણી પર પાકિસ્તાન નભે છે તેથી પાણી બંધ કરીશું તો પાકિસ્તાન તરસ્યું મરી જશે તેની ભારતને ખબર હતી તેથી માનવતાને ખાતર પણ ભારત અત્યાર લગી સિંધુ જળ સંધિનો અમલ કર્યા કરતું હતું પણ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના કારણે ભારતની ધીરજ ખૂટી ગઈ એટલે ભારતે આકરા થવું પડ્યું.

આ ધમકીઓ પાકિસ્તાનના રાજકારણીઓ કે આર્મીને પ્રજાની કશી પડી નથી પણ પોતાનો અહમ સંતોષવામાં જ રસ છે તેનો પણ પુરાવો છે. સિંધુ સહિતની નદીઓનાં પાણી રોકવાથી પોતાની જનતા તરફડીને મરવાની છે એ વાતની ખબર હોવા છતાં આ સ્થિતિને કઈ રીતે ટાળી શકાય તેની ચિંતા કરવાના બદલે એ લખોટાઓ ધમકીઓ આપે છે. બાકી પ્રજાની ચિંતા હોય તો આતંકવાદ બંધ ના કરાવે? પાકિસ્તાની પીઠ્ઠુઓ ભારતમાં આતંકવાદ ના ફેલાવે તો પાકિસ્તાન દુનિયાના ક્યા ખૂણામાં સબડે છે તેની ભારતને કંઈ પડી નથી. ભારતને પાકિસ્તાન સાથે નાહવા-નિચોવવાના સંબંધો રાખવામાં પણ રસ નથી પણ પાકિસ્તાને આતંકવાદ જ બંધ કરવો નથી.

પાકિસ્તાનના નેતા ભારત પર આક્રમણની ધમકી આપે છે એ જોઈને ખરેખર હસવું આવે છે. પાકિસ્તાન પરમાણુ શસ્ત્રો ધરાવે છે એ સાચું પણ એ સિવાય લશ્કરી મોરચે પાકિસ્તાન અને ભારતની કોઈ સરખામણી શક્ય જ નથી. લશ્કરી તાકાતની રીતે પાકિસ્તાન કરતાં ભારત અનેકગણું ચડિયાતું છે. ભારતે પોતાની લશ્કરી તાકાતનો પરચો પાકિસ્તાનને અનેક વાર આપ્યો છે પણ પાકિસ્તાન પડ્યા પછીય ટંગડી ઊંચી રાખવામાં માને છે તેથી ભારતને લશ્કરી પછડાટ આપવાનાં સપનાં દિવસે પણ જોયા કરે છે. પાકિસ્તાન પોતાનાં પરમાણુ શસ્ત્રો પર મુસ્તાક છે પણ પરમાણુ શસ્ત્રો ભારત પાસે પણ છે. પાકિસ્તાન પરમાણુ શસ્ત્રોથી ભારતને નુકસાન કરી શકે તેના કરતાં અનેક ગણું વધારે નુકસાન ભારત પાકિસ્તાનને કરી શકે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૧૪-૮-૨૦૨૫, પતેતી (પારસી), રાંધણ છઠ્ઠ, બૃહસ્પતિ પૂજન,

- ભારતીય દિનાંક ૨૩, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી ગાથા ૫ વહિશ્તોઈસ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર રેવતી સવારે ક. ૦૯-૦૫ સુધી, પછી અશ્વિની
- ચંદ્ર મીનમાં સવારે ક. ૦૯-૦૫ સુધી, પછી મેષમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ), મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૩ (તા. ૧૫)
- ઓટઃ સવારે ક. ૦૮ ૫૦, રાત્રે ક. ૨૧-૨૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – ષષ્ઠી. બૃહસ્પતિ પૂજન, રાંધણ છઠ્ઠ, ચેહલમ (મુસ્લિમ), પારસી ગાથા ૫ વહિશ્તોઈશ્ત, પતેતી (પારસી), પંચક સમાપ્તિ સવારે ક. ૦૯-૦૫, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૦૭, સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, ઘરના ચૂલા, સગડીનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, અગાઉ વાસ્તૂપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવાં વસ્ત્રો, આભૂષણ, હજામત, નવા વાસણ, વાહન, પશુ લે-વેંચ, ચંત્રારંભ, દુકાન-વેપાર, દસ્તાવેજ, માલ લેવો, નોકરી, બી વાવવું, ધાન્ય ભરવું, પ્રયાણ શુભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ ચાલાક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૧૫), ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક આવે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સંતાનોમાં સંસ્કારોનું સિંચન દીન અને દુનિયા બંને સુધારે

**આ** કોલમને નિયમિત વાંચતા વાચકોને વિદિત હશે કે ઉર્દૂ ભાષાનો એક અતિ પ્રચલિત શબ્દ છે 'રૂહાની'. જેનો ગુજરાતીમાં અર્થ થાય છે ''આત્મિક.''

– આ રૂહાની, આત્મિક જિંદગી શું છે?

– તે કંઈ હવાઈ જિંદગી નથી, પણ ખુદા તેના તમામ સર્જનોમાં હાજર-મૌજુદ હોવાનો અને તેની આભા, નુર, રોશની તમામ સ્થળે વ્યાપેલું છે એમ સમજવું તેનું નામ આત્મિક જિંદગી છે.

– જો અલ્લાહ, ઈશ્વરના બંદાઓ માનવીની ખાસિયતોનો અભ્યાસ કરશે તો ખબર પડશે કે તે આ જગતમાં ત્રણ પ્રકારની જિંદગી ગુજારતો હોય છેઃ

* એક જાહેરી, * બીજી કુટુંબ, ફેમિલી જેમાં સગાંસંબંધી મિત્ર વર્ગ આવી જાય છે, અને * ત્રીજી બાતુની અર્થાત્ ભીતરની

– કેટલાંકો જાહેરમાં જેવી જિંદગી ગુજારે છે એટલે કે કુટુંબ, સગાં, દોસ્ત સાથેની તેનાથી વિપરીત વર્તતો હોય, તો તેને આત્મિક જિંદગી કહેવાય નહીં. આ ત્રણ પ્રકારની જિંદગીમાં સરખાપણું હોવું, તે જ આત્મિક જિંદગીનો હેતુ છે. હવે પ્રશ્ન એ થાય છે કે તેવી આત્મિક જિંદગી માણસે શા માટે ગુજારવી જોઈએ?

ઈન્સાન તરીકે અલ્લાહતઆલાના સર્જનોમાં તે ખૂબ જ કીર્તિમાન દરજ્જો ભોગવતો હોય છે તેથી તેની સંપૂર્ણ હાલતથી તેને પરિચિત થવાની જરૂર છે, એટલું જ નહીં પણ જ્યારે જ્યારે માણસે જાતને ભૂલી દુનિયામાં પરવરદિગાર કરતાં પૈસાને વ્હાલો ગણ્યો તથા તેની આસપાસ છળ, કપટ બદફેલી જેવા કંઈ કેટલાંય ગુનાહ-પાપ જોઈ રહ્યો છે ત્યારે તેની એ જવાબદારી બની રહે છે કે તે પોતામાં માણસાઈના મૂળભૂત ગુણો જે તેની ભીતરમાં દબાયેલા પડ્યા છે તેને બહાર લાવે અને આત્મિક જિંદગી ગુજારવા સંકલ્પ કરે. દુનિયાના તમામ ધર્મોનો અભ્યાસ કરવાથી બોધ મળે છે કે, ''ખાકમાં નહીં આત્મિકમાં જ માણસને જીવવાનો હેતુ હોવો જોઈએ.''

મોમિનોને કદાચ મનમાં એવો પ્રશ્ન થતો હશે કે, આત્મિક જીવન ગુજારવા માટે કોઈ એકાંત સ્થળે અથવા જંગલમાં જવું જરૂરી છે...?

તો આ સવાલનો સરળ જવાબ એટલો જ છે કે ક્યાંય જવાની જરૂર નથી. દુનિયામાં જ રહીને સંસાર સાથે જ આત્મિક જિંદગી ગુજારી શકાય છે. બલ્કે રૂહાનિયત જીવનનો આનંદ તો રોજિંદા કામકાજ કરતા રહીને જ ગુજારવો જરૂરી છે. દીને ઈસ્લામ પણ બંદાને દીન અને દુનિયા બંનેની ફરજો અદા કરતા રહી સંતુલન જાળવી રાખવાની આજ્ઞા કરે છે. એક સામાન્ય શહેરીજન હોય કે શાહ સોદાગર! નેતા હોય કે અભિનેતા! પોતાના રોજિંદા કામોને અંજામ આપતા રહીને પણ આત્મિક જિંદગી ગુજારી શકે છે અને ત્યારે જ તેણે ખરી જિંદગી ગુજારેલી કહેવાય, દુનિયાને ત્યજી, વૈરાગ્ય ધારણ કરી લેવાને નહીં. દીને ઈસ્લામે પણ સંસારમાં રહીને રૂહાનિયતના ઉચ્ચ દરજ્જે પહોંચવા બંદાને હિદાયત (બોધ, જ્ઞાન, આજ્ઞા) આપી છે.

આત્મિક જિંદગી અત્રે દર્શાવેલ બાબતોની ફરજ અદા કરવામાં પણ રહી છેઃ

* સ્ત્રી હોય કે પુરુષ! દીન અને દુન્યવી શિક્ષણ હાંસલ કરે

* બાલિગ (ઉંમર લાયક) થતા સમયસર શાદી કરે

* કુટુંબ પરિવારમાં હળીમળીને રહે

* પતિ પત્નીની અને પત્ની પતિની ફરજો નિષ્ઠાપૂર્વક અદા કરે

* સંતાનોમાં સંસ્કારોનું સિંચન કરે, તેમને દીન અને દુન્યવી શિક્ષણ આપવા તમામ કોશિશ કરે અને યાદ રાખે કે બંને તાલિમ એક સિક્કાની બે બાજુ જેવી છે. એક બીજા વગર અધૂરી છે.

– આ અને એના જેવી ફરજો અદા કર્યા વગર રૂહાની જિંદગી હાંસલ કરી શકાતી નથી. એટલું સત્ય સમજી લેવાથી બાકી તમામ હાથવેંતમાં છે.

યાદ રહેવું ઘટે કે અલ્લાહતઆલાએ તેના બંદા પર ફરજરૂપ ઠરાવેલા નમાઝ, રોજા, ઝકાત, હજ જેવી બાબતો આત્મિક આનંદ અને રૂહાની જિંદગી જીવવા માટેની બુનિયાદ હોઈ, તેને અદા કરતા રહેવાથી ખુશહાલી મળશે. ઈન્શાહ અલ્લાહ (ઈશ્વર ઈચ્છા આધિન)

### પથ્થર કી લકિરઃ

* માનવ-જીવન પર પુષ્પો વરસાવ * દરેક પળ આનંદદાયક બનાવ * આત્માને ઉન્નત કર * લાગણીઓને વિસ્તૃત બનાવ * સ્નેહીને સાચું સુખ આપ

-માનવીમાં જ્યાં સુધી આત્મવિશ્વાસ નથી.

* પરિસ્થિતિ સામે લડવાની શક્તિ નથી ત્યાં સુધી તે સફળ થતો નથી.

*** ***

### દરબારે ઈલાહીમાં દેર છે પણ અંધેર નથી

જેમ દરેક સમાજમાં નિર્ધન, લાચાર, અશક્ત, અભણ, અજ્ઞાન, નિરક્ષરો છે, તેમ સુશિક્ષિતો, ધર્મના સારા અભ્યાસીઓ, બે પૈસે સુખી અને માલદારો પણ છે. કાર્યકરો, નેતાઓ, વક્તાઓ અને વિદ્વાન લેખકો, કવિઓ, સાહિત્યકારો પણ છે જ. પરંતુ અફસોસ સાથે નોંધવું પડે છે કે મુસ્લિમોમાં ઓછા લોકો છે જે દાન (ધર્મ) પ્રત્યે, તેના આદેશ-ઉપદેશને પોતાના જીવનમાં પણ ઉતારતા હશે.

દુનિયાના કોઈપણ સમાજમાં અને દેશમાં અમીર અને ગરીબ ઓછા-વત્તા અંશે, નાની-મોટી સંખ્યામાં છે. ધર્મના આદેશ-ઉપદેશ પર ચાલનારા પણ છે અને ન ચાલનારા પણ છે, પરંતુ આપણે ફક્ત મુસ્લિમ સમાજની વાત કરીએ તો દીનના ભોગે દુન્યવી લાલસા, સત્તાનો મોહ, અસત્ય આચરણ કરવામાં જ વ્યસ્ત રહેતા બંદાઓને જોઈએ કે નાફરમાનીના આવા કૃત્યોથી દૂર રહેવું જોઈએઃ

* હલાલ (ઈમાનદાર)ની રોજી રળવી

* મજદૂરોને મહેનતનો પૂરો બદલો વાળવો,

* કોઈના હક-અધિકાર, સાચવવા આપેલી અમાનત હડપવી નહીં

* કોઈનું ય કોઈ રીતે શોષણ કરવું નહીં

* અલ્લાહની રાહમાં હાજતમંદોને તેઓનું આત્મગૌરવ કાયમ રહેવા દઈને મદદ કરવી

* દંભ * દેખાવ * ઘમંડ * પાખંડ * કિન્નાખોરી * વિશ્વાસઘાત

* નગુણાપણું તજી દઈને સંપત્તિના સ્વામીઓએ નિર્ધનોને પોતાનાથી ઉતરતા કે હલકા ગણવા જોઈએ નહીં

* દગા-ફટકાથી દૂર રહેવું * મેલી મુત્સદ્દીગીરીથી બચતા રહેવું * ખરીખુદી * અહંભાવ * અસ્મિતા * આત્માગૌરવ જાળવી રાખવાં જોઈએ

– આપણા દુઃખનાં મૂળ કારણોના નિવારણના ઈલાજ કાજે આપણે કોઈના દિલ દિમાગને કોઈ પણ પ્રકારે ઠેસ પહોંચાડવી જોઈએ નહીં. જેઓ ખુદાના ફઝલોકરમથી શક્તિશાળી છે, તેઓને જોઈએ કે તેઓ જે પણ સદ્કાર્ય કરે તે કેવળ અને ફક્ત કેવળ અલ્લાહતઆલા અને તેના પ્યારા મહેબૂબ, હુઝૂરે અનવર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહ અલયહે સલ્લામ (સલ.)ની ખુશી માટે જ કરે, કોઈ પણ જાતના બદલાની ઉમ્મીદ રાખ્યા વગર. તેના દરબારે ઈલાહીમાં દેર છે પણ અંધેર નથી જ. (આમીન).

*** *** ***

### સાપ્તાહિક સંદેશઃ

– ઈન્સાનનું મોતથી ગાફેલ, બેખબર થઈ સૂઈ જવું એવું છે કે દુશ્મનોના ઘેરા વખતે ઊંઘી જવું. ■

## પહેલા પાનાનું ચાલુ

### સોનિયાના નામે

ચૂંટણીમાંની ગેરરીતિ ન ગણાય? દરમિયાન, ભાજપના નેતા અનુરાગ ઠાકુરે બુધવારે પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ અને અન્ય કેટલાક વિપક્ષના નેતાઓ 'ઘૂસણખોર મતદારો'ના મતની મદદથી જ ચૂંટણી જીત્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાહુલ ગાંધીની રાયબરેલીની બેઠક, તૃણમૂલ કોંગ્રેસના અભિષેક બેનરજીની ડાયમંડ હાર્બરની બેઠક અને અખિલેશ યાદવની કન્નૌજની બેઠકની મતદાર યાદીમાં ઘણાં ગોટાળા કરાયા હતા. આ બેઠકોની મતદાર યાદીમાં ઘણાં નામ બે વખત હતાં, મતદારોના સરનામા ખોટા હતા, સગાંના નામ પણ બનાવટી હતા. (એજન્સી)

### ચીનના વિદેશ પ્રધાન

બેઠકમાં ભાગ લેશે. મે ૨૦૨૦માં ચીનના સૈનિકોએ લદાખમાં કરેલી ઘૂસણખોરીને પગલે ગલવાન વેલીમાં થયેલા સૈન્ય સંઘર્ષ બાદ બંને દેશ વચ્ચેના સંબંધમાં ધીમે ધીમે સ્થિરતા આવી હતી.

### જયશંકર ૨૧મી ઑગસ્ટે રશિયામાં

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથેની સાતમી ઑગસ્ટની ક્રેમલિનની મિટિંગ પછી ભારતના વિદેશપ્રધાન એસ. જયશંકર રશિયાની મુલાકાતે જવાના છે. જયશંકર ૧૮થી ૨૧ ઑગસ્ટ સુધી રશિયાની મુલાકાત લેશે અને રશિયાના ટોચના અધિકારીઓને મળશે એવી માહિતી સૂત્રોએ આપી હતી. હકીકતમાં રશિયાએ એ વાતને સમર્થન આપ્યું હતું કે રશિયાના વિદેશપ્રધાન સર્ગેઈ લાવરોવ ૨૧ ઑગસ્ટે મોસ્કોમાં જયશંકરને મળશે. રશિયાના વિદેશ મંત્રાલયે 'એક્સ' પર લખેલી પોસ્ટમાં લખ્યું હતું કે ૨૧ ઑગસ્ટે વિદેશપ્રધાન સર્ગે લાવરોવ ભારતના તેમના સમકક્ષ એસ. જયશંકરને મોસ્કોમાં મળશે.

### રખડતા શ્વાનો

વાત કરી તો મુખ્ય ન્યાયમૂર્તિ બી. આ. ગવઈએ કહ્યું હતું કે અમે જોઈશું. ૧૧ ઑગસ્ટે જસ્ટિસ પારડીવાલા અને માધવનની બેન્ચે કૂતરાના કરડવાના બનાવો ભયજનક રીતે વધી ગયા છે એવું નિરીક્ષણ કરીને બધા જ રખડતા કૂતરાનું સ્થળાંતર કરવાનો ચુકાદો આપ્યો હતો. મે ૨૦૨૪ના જસ્ટિસ જે. કે. મહેશ્વરીની બેન્ચે રખડતા કૂતરાની બાબતની પિટિશિન હાઈ કોર્ટને મોકલવાનો હુકમ બુધવારે વકીલો બતાડ્યો હતો.

ગત સોમવારે સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકાર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને નિર્દેશ આપ્યા હતાં કે દિલ્હી-એનસીઆરમાં તમામ રખડતા શ્વાનોને પકડીને શેલ્ટર્સમાં રાખવામાં આવે, કોર્ટે આ માટે આઠ અઠવાડિયાની ડેડલાઇન આપી છે. કોર્ટના આ ચુકાદા સામે પ્રાણી પ્રેમીઓ રોષ ઠાલવી રહ્યા છે, સોશ્યલ મીડિયા પર કોર્ટના આદેશની ટીકા કરવામાં આવી રહી છે. કેટલીક જગ્યાએ લોકોએ વિરોધ પ્રદર્શનો કરીને કોર્ટને ફરી વિચાર કરવા વિનંતી કરી હતી. હવે પ્રાણી પ્રેમીઓને રાહત મળે એવા સંકેતો ભારતના મુખ્ય ન્યાયાધીશએ આપ્યા છે. રખડતા શ્વાનો અંગેની એક અલગ અરજી ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈની બેન્ચ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ મામલે સુનાવણી દરમિયાન સોમવારે અન્ય એક બેન્ચે આપેલા ચુકાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો, જેના સંદર્ભમાં બીઆર ગવઈએ કહ્યું કે, હું મામલે તપાસ કરીશ.

### મતદારયાદીની

હાલની પ્રક્રિયા 'વૉટર ફ્રેન્ડલી' છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બેન્ચે બિહારમાંની મતદાર યાદી સુધારણા માટેના ચૂંટણી પંચના ૨૪ જૂનના નિર્ણયને પડકારતી અનેક અરજીની સુનાવણી ફરી શરૂ કરતા જણાવ્યું હતું કે આ પ્રક્રિયામાં આધાર કાર્ડને માન્યતા અપાઇ નહિ હોવાથી અરજદારો તેનો વિરોધ કરી રહ્યા છે, પરંતુ આ પ્રક્રિયામાં અન્ય અસંખ્ય દસ્તાવેજોનો સમાવેશ કરાયો છે. (એજન્સી)

### ૨૦૩૦ની

ખર્ચ ઉઠાવશે. જો ભારતને યજમાની મળે છે તો કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે. પીટીઆઇના જણાવ્યા અનુસાર, આઇઓએ તેની વિશેષ સામાન્ય સભા દરમિયાન ૨૦૩૦ કૉમનવેલ્થ ગેમ્સની બિડને ઔપચારિક રીતે મંજૂરી આપી દીધી છે. બિડ દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ છે.

કૅનેડા પહેલાથી જ યજમાનપદની રેસમાંથી બહાર થઈ ગયું છે, જેના કારણે ભારતની ૨૦૩૦ કૉમનવેલ્થ ગૅમ્સની યજમાન બનવાની શક્યતા વધી ગઈ છે. નોંધનીય છે કે કૉમનવેલ્થ સ્પોર્ટ્સના અધિકારીઓ તેમના સ્પોર્ટ્સ ડિરેક્ટર ડેરેન હોલ સાથે તાજેતરમાં અમદાવાદ આવ્યા હતા, જ્યાં તેમણે ગુજરાતના સરકારી અધિકારીઓ સાથે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. કૉમનવેલ્થ સ્પોર્ટ્સની એક મોટી ટીમ આ મહિનાના અંતમાં આવવાની ધારણા છે. કૉમનવેલ્થ સ્પોર્ટ્સની જનરલ એસેમ્બલી નવેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ગ્લાસગોમાં યજમાન દેશ નક્કી કરશે. ભારતે છેલ્લે ૨૦૧૦માં કૉમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું હતું. જે દિલ્હીમાં યોજાઈ હતી.

### આઈસીઆઈસીઆઈ

દર્શાવતા સમાચાર વિશ્લેષણ પ્રસારિત કર્યું હતું. ગ્રાહકોની અપેક્ષાઓ અને પસંદગીઓને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે આઇસીઆઇસીઆઇ બૅન્કે લઘુત્તમ માસિક સરેરાશ બેલેન્સ ૫૦,૦૦૦ રૂપિયાથી ઘટાડીને ૧૫,૦૦૦ રૂપિયા નક્કી કર્યું છે. બેંક બુધવારે બહાર પાડેલા નોટિફિકેશન અનુસાર સાઇઠ વર્ષથી ઓછી ઉંમરના પેન્શનરો અને પસંદગીની ૧,૨૦૦ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ લઘુત્તમ માસિક સરેરાશ બેલેન્સ જાળવવાની જરૂર નહીં રહેશે. હવે નવાં ફેરફાર અનુસાર, મેટ્રો અને શહેરી સ્થળો માટે લઘુત્તમ બેલેન્સની આવશ્યકતા ૧૫,૦૦૦ રૂપિયા, અર્ધ-શહેરી સ્થળો માટે ૭,૫૦૦ રૂપિયા અને ગ્રામીણ સ્થળો માટે ૨,૫૦૦ રૂપિયા રહેશે.

### રાહુલ, પ્રિયંકા

જોઇએ. આ નેતાઓ 'મત-ચોરી'ને લીધે જ લોકસભાની ચૂંટણી જીત્યાં હતાં. ભાજપે જણાવ્યું હતું કે કોંગ્રેસ અને અન્ય વિપક્ષો 'પ્રામાણિક અને સાચા ભારતીય નાગરિકો'ના મત-ચોરી રહ્યા છે તેમ જ રાષ્ટ્રીય સલામતીની સાથે છેડછાડ કરી રહ્યા છે. કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાન અનુરાગ ઠાકુરે અહીં આવેલા ભાજપના વડા મથક ખાતે વિપક્ષના નેતાઓના મતદારક્ષેત્ર અંગેનો આંકડા સાથેનો અહેવાલ રજૂ કરતા જણાવ્યું હતું કે તમિળનાડુ વિધાનસભાની કોલાથુર બેઠક અને ઉત્તર પ્રદેશમાંની લોકસભાની મૈનપુરી બેઠકના મતદારોની નોંધણીમાં પણ 'ગેરરીતિ' આચરવામાં આવી હતી અને તેને લીધે તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિન અને સમાજવાદી પક્ષનાં નેતા ડિમ્પલ યાદવે પણ રાજીનામું આપવું જોઇએ.

અનુરાગ ઠાકુરે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી જ્યાંથી ચૂંટાયા હતા, તે રાયબરેલી મતક્ષેત્રમાં નોંધાયેલા અંદાજે ૨.૯૯ લાખ મતદાર શંકાસ્પદ છે. રાય બરેલીમાં આશરે ૧૯,૫૧૨ મતદારનાં નામ એકથી વધારે વખત છે એટલે કે ડુપ્લિકેટ છે, ૭૧,૯૭૭ મતદારનાં સરનામાં ખોટાં છે અને ૯૨,૭૪૭ મતદારનાં નામ સામૂહિક રીતે યાદીમાં ઉમેરાયા હતા. (એજન્સી)

### ટ્રમ્પ યુદ્ધવિરામ

નેતાઓ અને ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે પુતિન (વિશ્વના) બધા (નેતા)ને છેતરી રહ્યા છે.

ફ્રાંસના પ્રમુખે ટ્રમ્પ, યુરોપના નેતાઓ અને યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથેની વર્ચ્યુઅલ મિટિંગ બાદ જણાવ્યું હતું કે ટ્રમ્પ યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ બંધ કરાવવાની બાબતને પ્રાધાન્ય આપી રહ્યા છે. ટ્રમ્પ એ બાબતમાં સ્પષ્ટ છે કે યુક્રેનની ભૌગોલિક બાબતને લગતો મુદ્દો યુક્રેનના પ્રમુખ દ્વારા મંત્રણા યોજીને જ ઉકેલાવો જોઇએ.

જર્મન ચાન્સેલર ફ્રેડ્રિક મર્ઝે ઝેલેન્સ્કી અને ટ્રમ્પ સાથેની બેઠકને 'રચનાત્મક' ગણાવી હતી. (એજન્સી)

### કબૂતરોને

દુભવવાનો પ્રયાસ કર્યો હતો, આ બધાનું પુનરાવર્તન થવાની શક્યતા જોવાઈ રહી છે.

મરાઠી એકતા સમર્થક સંગઠન મરાઠી એકીકરણ સમિતિના કાર્યકરોનું એક જૂથ બુધવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ કબૂતરખાના ખાતે એકઠું થયું હતું, જ્યાં કોઈપણ અનિચ્છનીય ઘટના ટાળવા માટે પહેલેથી જ ભારે સુરક્ષા ગોઠવવામાં આવી હતી. સંગઠનના સભ્યો પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે સમિતિના અધ્યક્ષ સહિત ઘણાની અટકાયત કરવામાં આવી હતી અને પોલીસ વાહનમાં બેસાડવામાં આવ્યા હતા.

બીજી તરફ મુંબઈમાં કબૂતરખાનાઓ અંગે આજે મુંબઈ હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. કોર્ટે જાહેર કર્યું હતું કે કબૂતરખાનાઓ પરનો પ્રતિબંધ અમલમાં રહેશે. બીએમસીએ બુધવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે તે શરતોને આધીન દાદર કબુતરખાનામાં દરરોજ સવારે બે કલાક કબૂતરોને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાનો ઇરાદો ધરાવે છે.

જોકે, ન્યાયાધીશ જી.એસ. કુલકર્ણી અને આરિફ ડોક્ટરની બેન્ચે જણાવ્યું હતું કે આવી કોઈપણ પરવાનગી આપતા પહેલા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) એ પહેલા વાંધા-વિરોધ મંગાવતી જાહેર નોટિસ જારી કરવી પડશે અને પછી દાદરના લોકપ્રિય સ્થળે પક્ષીઓને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવો પડશે.

### રાહુલના જીવને

તેમજ પહેલા સાવરકર પર ટિપ્પણીઓ કરી હતી. જેના લીધે તેમના જીવનું જોખમ વધ્યું છે. આ કેસમાં ફરિયાદી નાથુરામ ગોડસેના સીધા વંશજ છે. તેમજ ફરિયાદીનો પરિવાર હિંસા અને ગેરબંધારણીય પ્રવુતિઓમાં જોડાયા હોવાના પુરાવા છે.

# ગુજરાત પર ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થઈ, રાજ્યમાં સિઝનનો સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસની ગતિ ધીમી પડી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં સિઝનનો સરેરાશ ૬૪.૬૨ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૬૫.૧૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૬.૨૧ ટકા, પૂર્વ મધ્યમાં ૬૬.૬૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૬.૭૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૬૯.૧૦ ટકા વરસાદ વરસ્યો છે.

સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૭૫.૧૯ ટકા ભરાયેલો છે. જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયો તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૭૦ ટકા ભરાયેલા છે. ચોમાસાની શરૂઆતમાં પડેલા વરસાદના કારણે રાજ્યમાં ૩૦ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, જ્યારે ૫૧ ડેમ હાઈ એલર્ટ પર છે. ૭૩ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા ભરાયેલા છે અને ૨૬ ડેમ એલર્ટ પર છે.

હવામાન વિભાગ મુજબ, રાજ્યમાં વરસાદ લાવે તેવી સિસ્ટમ સક્રિય થઈ છે, જેના કારણે ૨૪ કલાક બાદ અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, બંગાળની ખાડીમાં લો પ્રેશર સિસ્ટમ, કચ્છ પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, પૂર્વ પશ્ચિમ મોન્સૂન ટ્રફ સહિત ચાર સિસ્ટમ સક્રિય છે, જેના કારણે વરસાદની તીવ્રતા વધશે. માછીમારોને ૧૭ ઑગસ્ટ સુધી દરિયો નહીં ખેડવાની સૂચના આપવામાં આવી હતી.

રાજ્યમાં સાંજે છ વાગ્યા સુધીમાં ૪૯ તાલુકામાં ઝરમર વરસાદ વરસ્યો હતો. નવસારીના ખેરગામમાં સૌથી વધુ ૧.૨૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. ઉંમરગાવમાં ૦.૫૯ ઇંચ, વાપીમાં ૦.૫૧ ઇંચ, ગણદેવીમાં ૦.૫૧ ઇંચ, બારડોલીમાં ૦.૪૩ ઇંચ, ભેસાણમાં ૦.૩૯ ઇંચ, પારડીમાં ૦.૩૫ ઇંચ વરસાદ પડ્યો હતો.

# અમદાવાદ પ્લૅન ક્રેશઃ અમેરિકાની અદાલતમાં હીર પ્રજાપતિએ બોઈંગ સામે કેસ નોંધાવ્યો

વોશીંગ્ટન ડી સીઃ અમદવાદથી લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન ૧૨મી જૂને ક્રેશ થયું હતું, આ ભયાનક દુર્ઘટનામાં ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતાં. એર ઈન્ડિયાનું આ વિમાન બોઇંગ ૭૮૭ ડ્રીમ લાઈનર હતું, ત્યાર બાદ બોઈંગના વિમાનોમાં સલામતી મામલે સવાલો ઉભા થયા છે. હવે બોઈંગ યુએસની અમેરિકાની ફેડરલ કોર્ટમાં મુકદમો દાખલ કરવામાં આવ્યો છે, આ મુકદમો દુર્ઘટનામાં પ્રિયજન ગુમાવનાર ભારતીયએ દાખલ કર્યો છે.

અમેરિકાની કોર્ટમાં મુકદમો દાખલ કરનાર હીર પ્રજાપતિના માતા કલ્પનાબહેનનું અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ નીપજ્યું હતું. એક સમાચાર એજન્સી સાથે વાત કરતા હીર પ્રજાપતિએ જણાવ્યું કે અમેરિકા સ્થિત એવિએશન લોયર માઇક એન્ડ્રુઝ તેમના માટે કેસ લડશે. અહેવાલ મુજબ ભારતીય ન્યાય

પ્રણાલી કરતા યુએસમાં વધુ ઝડપી ન્યાય મળવાની આશાએ યુએસની કોર્ટમાં મુકદમો દાખલ કરવામાં આવ્યો છે. અરજદારે જણાવ્યું કે, અમને અપેક્ષા છે કે વિમાનના બ્લૅક બોક્સમાંથી મળેલી માહિતી વહેલી તકે અમારી સમક્ષ આવશે, જેથી આગળ કેવી રીતે વધવું એ નક્કી કરી શકીએ. ભારતમાં સુનાવણી વર્ષો સુધી લંબાયા કરે છે, ચુકાદો વહેલો મળે એ આશા સાથે અમે અમેરિકામાં કેસ લડી રહ્યા છીએ.

અમદવાદ વિમાન દુર્ઘટનાના બે મહિના પુરા થઇ ચુક્યા છે, પણ મૃતકોના પરિવારજનોના આંસુ હજુ સુકાયા નથી. સોમવારે ૬૫ વધુ મૃતકોના પરિવારોએ અમેરિકામાં કેન્ડલ લાઈટ કાર્યક્રમ યોજ્યો હતો. ફેડરલ કોર્ટમાં આ પરિવારોનું પ્રતિનિધિત્વ કરનાર માઈક એન્ડ્રુઝ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.

અમદવાદ વિમાન દુર્ઘટના ઘટવા પાછળના ચોક્કસ કારણો જાણવા માટે ભારત સરકાર ઉપરાંત આંતરરાષ્ટ્રીય એજન્સીઓ કામ કરી રહી છે.

# રાજ્યમાં કુલ ૧,૪૭૮ કરોડ રૂપિયા કરતાં વધુનું મૂડીરોકાણ ધરાવતા બાવીસ મોટાં એકમોની અરજીઓ મંજૂર

## અંદાજિત ૪,૧૩૬થી વધુ રોજગારીનું સર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર ખાતે ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં મોટા ઉદ્યોગોને ફાઇનલ એસિજિબિલિટી પ્રમાણપત્ર આપવા અંગેની સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં કુલ રૂ. ૧,૪૭૮.૭૧ કરોડનું મૂડીરોકાણ ધરાવતા ૨૨ મોટા એકમોની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જેનાથી રાજ્યમાં અંદાજિત ૪,૧૩૬ જેટલી નવી રોજગારીનું સર્જન થયું છે.

બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રાજ્યમાં 'ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રિઝ' યોજના અંતર્ગત અંદાજે રૂ. ૧,૪૮,૩૩૬. ૩૫ કરોડનું મૂડીરોકાણ તેમજ ૧.૬૫ લાખ કરતાં વધુ સીધી રોજગારીનું સર્જન થયું છે. જેના પરિણામે એમએસએમઈ સેક્ટરના નાના અને મધ્યમ કક્ષાના આનુષંગિક ઉદ્યોગોને વધુ વેગ મળ્યો છે. વધુમાં, ઉદ્યોગ પ્રધાને કહ્યું હતું કે, આજે મંજૂર કરવામાં આવેલી અરજીઓ પૈકી અમદાવાદ જિલ્લામાં મેટલ, પેપર, ફૂડ-એગ્રો, સિમેન્ટ-કોન્ક્રીટ સેક્ટરમાં રૂ. ૩૮૩.૯૧ કરોડ, કચ્છમાં મેટલ સેક્ટરમાં રૂ. ૨૨૭.૭૭ કરોડ, ભરૂચમાં કેમિકલ તથા સિરામિક સેક્ટરમાં રૂ. ૨૧૮.૮૮ કરોડ, મહેસાણામાં પેપર સેક્ટરમાં રૂ. ૫૫.૨૩ કરોડ, મોરબીમાં સિરામિક, મેટલ, પેપર, ટેક્ષ્ટાઇલ સેક્ટરમાં રૂ. ૧૬૭.૭૦ કરોડ, રાજકોટમાં મેટલ સેક્ટરમાં રૂ. ૩૬.૨૨ કરોડ, વલસાડમાં કેમિકલ, પ્લાસ્ટિક તથા પેપર સેક્ટરમાં રૂ. ૩૫૯.૪૭ કરોડ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં પેપર સેક્ટરમાં રૂ. ૨૯.૫૩ કરોડના મૂડીરોકાણને સહાય માટે મંજૂરી આપવામાં આવી છે. જે રાજ્યમાં ઉદ્યોગોને વધુને વધુ સક્ષમ બનાવવા તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ગુજરાતમાં રોજગારી વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

# ગુજરાતમાં ખાતરની અછત વચ્ચે ખેડૂતોને ખાતર પૂરું પાડવા મુખ્ય પ્રધાનનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ખાતરની અછતને લઇને ખેડૂતોમાં ભારોભાર રોષ જોવા મળી રહ્યો છે. ક્યાંક વિરોધ તો ક્યાંક આંદોલન થઇ રહ્યાં છે. રાજ્યમાં ખાતરની કાળા બજારી અને હેરાફેરીના અનેક કિસ્સાઓ બહાર આવ્યા છે.

આ મુદ્દે ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાને અધિકારીઓને એક અઠવાડિયાનું અલ્ટિમેટમ આપતા સ્પષ્ટ સૂચના આપી હતી કે રાજ્યના એક પણ ખેડૂતને ખાતર વિના રહેવું ન પડે. તેમણે કેન્દ્રમાંથી આવેલા ખાતરનો જથ્થો તાત્કાલિક ખેડૂતો સુધી પહોંચાડવા માટે આદેશ કર્યો હતો.

વધુમાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને મળેલો ખાતરનો જથ્થો હાલ રાજ્યના વિવિધ પોઇન્ટ્સ પર ઉપલબ્ધ છે, પરંતુ તંત્રની કામગીરીમાં ગેરશિસ્ત અને વિલંબના કારણે તે યોગ્ય રીતે ખેડૂત સુધી પહોંચી રહ્યો નથી.

માહિતી પ્રમાણે, ખાતરની અછત ઓછી કરવા માટે રાજ્ય સરકારે ખાસ વ્યવસ્થા કરી છે, કેન્દ્રમાંથી અત્યારે થોડાક દિવસો સુધી દરરોજ ૮ થી ૧૦ મેટ્રિક ટન ખાતરનો જથ્થો મળતો રહેશે અને ગુજરાતના કેન્દ્રો પર અત્યારે ૧ લાખ મેટ્રિક ટન ખાતર ઉપલબ્ધ છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં ઠેર ઠેર ખાતર પહોંચાડવા માટે ખાસ કન્ટ્રોલ રૂમ ઊભા કરાયા છે. ખેડૂતો તાલુકા, જિલ્લા અને રાજ્યના નંબરો પર ખાતર માટે જાણ કરી શકે છે, તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાના કન્ટ્રોલ રૂમ પર ખેડૂતો ખાતર માટે મદદ માગી શકે છે.

# ગુજરાતની ધો. ૧થી ૮ની શાળામાં મૂલ્યાંકન માળખું અમલમાં મૂકવાનો સરકારનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષણમાં ગુણવત્તા વધારવા, શિક્ષણ પ્રણાલીને વધુ સરળ બનાવી ભણતરની સાથે બાળકમાં અન્ય કૌશલ્યો વિકસે તેમનું સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે હેતુથી ભારત સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું- શાળા શિક્ષણના માર્ગદર્શન હેઠળ ગુજરાતે ૩૬૦ ડિગ્રી સર્વગ્રાહી મૂલ્યાંકન માળખું અમલમાં મૂકવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આગામી સમયમાં રાજ્યની ધો. ૧ થી ૮ તમામ શાળાઓમાં આ માળખાનો અમલ કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા શિક્ષણવિદ ડો. જયેન્દ્રસિંહ જાદવની અધ્યક્ષતામાં શિક્ષણ નિષ્ણાતોની સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિએ પોતાનો અહેવાલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો હતો. તેને આધારે હવે રાજ્યમાં ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકનનો ચાલુ વર્ષથી અમલ થશે. આ મૂલ્યાંકન પદ્ધતિ વિદ્યાર્થીઓના જ્ઞાન, કૌશલ્ય, મૂલ્યો, વર્તન, સહયોગ અને અભિગમનું મૂલ્યાંકન કરીને શિક્ષણને વધુ સમાવેશી અને વ્યાપક બનાવશે.

આ નવી પદ્ધતિ પરંપરાગત માર્ક્સ આધારિત મૂલ્યાંકનથી થોડી અલગ છે. હવે વિદ્યાર્થીઓની માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ બોધાત્મક , ભાવનાત્મક અને મનોગામિક ક્ષેત્રોમાં પણ સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવશે. શિક્ષક, સહપાઠી, વાલીઓ અને વિદ્યાર્થી એમ ચાર વ્યક્તિઓ દ્વારા એક હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ-એચપીસી તૈયાર કરાશે, જે માત્ર પરિણામ નહીં, પણ વિદ્યાર્થીની પ્રગતિનું દર્પણ બનશે. શિક્ષકોને આ માટે વિશેષ તાલીમ આપવામાં આવશે.

નવી મૂલ્યાંકન પદ્ધતિનો મુખ્ય હેતુ મૂલ્યાંકન શીખવાના એક સાધન તરીકે પ્રયોજાય તેવો છે એટલે કે, માત્ર પરીક્ષાની તૈયારી નહીં પરંતુ જીવન જીવવા માટે જરૂરી કૌશલ્યને વિકસાવવાનું પ્રોત્સાહન. આ અભિગમથી વિદ્યાર્થીઓમાં જવાબદારી, સ્વજાગૃતિ અને સતત સુધારા તરફનો અભિગમ વિકસશે.

આ નવા માળખામાં શિક્ષકોના ડેટા એન્ટ્રીના ભારણને ઘટાડવા અને વિદ્યાર્થીઓ પર વારંવારની લેખિત કસોટીઓનો બોજ હળવો કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. એકમ કસોટીનું સ્વરૂપ બદલીને તેને વધુ સરળ, ઉપયોગી અને વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય કક્ષાએ સીબીએસસી શાળાઓ અને કેન્દ્રીય વિદ્યાલયો માટે આ માળખું તૈયાર કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય કક્ષાએ ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકનને અમલમાં મૂકવા માટે ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બનાવાયેલ એક સંસ્થા પરખ દ્વારા નવું મૂલ્યાંકન માળખું અને સર્વાંગી પ્રગતિ પત્રક (એચપીસી) તૈયાર કરવામાં આવ્યા છે.

તાજેતરમાં જ એનસીઈઆરટી દ્વારા તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જેને ધ્યાને લઇ સમિતિએ ગુજરાત માટેનું સર્વાંગી વિકાસ પત્રક તૈયાર કર્યું છે.

# અમદાવાદમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ભવ્ય તિરંગા પદયાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં ભવ્ય 'તિરંગા પદયાત્રા' યોજાઈ હતી. સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાન અને ત્યાગને યાદ કરીને લોકો મોટી સંખ્યામાં તિરંગા યાત્રામાં જોડાયા હતા. અમદાવાદના કુબેરનગર ખાતે આવેલી આદર્શ સ્કૂલથી મેઘાણીનગર રામેશ્વર સર્કલ સુધી હજારો અમદાવાદીઓની ઉપસ્થિતિને કારણે સમગ્ર માહોલ તિરંગામય બન્યો હતો અને દેશભક્તિના રંગમાં સમગ્ર અમદાવાદ રંગાયું હતું. આ અવસરે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દરેક ભારતીય માટે શાન અને ગૌરવના પ્રતીક આપણા તિરંગા પ્રત્યે આદર સન્માન જાગે તે માટે વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તિરંગા યાત્રા યોજાય છે. આ અભિયાન સૌ માટે પ્રેરણાદાયી બન્યું છે. સાથે સાથે તિરંગો સમગ્ર દેશના લોકોને એક કરે છે, એવું તેમણે ઉમેર્યું હતું. આ તિરંગા યાત્રા અમદાવાદના કુબેરનગર ખાતે આવેલી આદર્શ સ્કૂલથી શિવ નારાયણ સોસાયટી વિભાગ ૦૧ થઇ, શિવાજીનગર, અમરાજીનગર ગલી નંબર ૦૪ અને ૦૫, અમરાજીનગર ગલી નંબર ૦૩, વિદ્યાનગર, સાવધાનનગર, રવિ રો-હાઉસ, રબારી વાસ, અરવિંદનગર થઇ રામેશ્વર સર્કલ પાસે સમાપન થયું હતું. આ તિરંગા યાત્રામાં અમદાવાદ સ્કૂલ બોર્ડનાં બાળકો તેમજ શિક્ષકો ૨૧૫૧ ફૂટ લાબા તિરંગા સાથે નીકળ્યા હતા, જેનાથી આ તિરંગા યાત્રાની ભવ્યતામાં વધારો થયો હતો. આ યાત્રાના રૂટ પર વિવિધ રાજ્યના સાંસ્કૃતિક ગ્રૂપો, શાળાના વિદ્યાર્થીઓ, યુવાનોએ પારંપરિક સાંસ્કૃતિક પહેરવેશમાં દેશભક્તિની રંગારંગ કૃતિઓ રજૂ કરી 'તિરંગા પદયાત્રા'માં જોડાયેલા પદયાત્રીઓને ઉમળકાભેર આવકાર્યા હતા. આ તિરંગા યાત્રામાં ડીજેના તાલે 'મેરી શાન તિરંગા', 'મેરા મુલ્ક મેરા દેશ', 'વંદે માતરમ્', 'સારે જહાં સે અચ્છા', 'એ મેરે વતન કે લોગો' સહિતના ગીતોથી તિરંગા યાત્રા રૂટ પરના તમામ માર્ગો પર દેશભક્તિનો માહોલ ઉભો થયો હતો.

# ગુજરાતમાં ૫૬ લાખ શંકાસ્પદ રેશનકાર્ડધારક પર સરકારની નજર, કાર્ડ ચકાસણીની પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ અગ્રતા ધરાવતા પરિવારો રેશનકાર્ડ હેઠળ રાહત દરે અનાજ મેળવી રહ્યા છે, પરંતુ આ મોટી સંખ્યામાં કાર્ડધારકો ખોટી રીતે સરકારી યોજનાનો લાભ લેતા હોવાની વિગતો બહાર આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સરકારને ૫૬.૫૭ લાખ ૨૧૯ કાર્ડધારકની યાદી વેરિફાઈ કરવા માટે સોંપી છે. અત્યાર સુધીમાં ૧૫.૬૬ લાખ ૪૯૨ કાર્ડધારકની વિગત વેરિફાઈ કરી લેવામાં આવી છે અને અન્યની તપાસની પ્રક્રિયા ચાલી રહી છે. આ શંકાસ્પદ રેશન કાર્ડમાં ૫૪૯૬ રેશન કાર્ડ તો કંપનીમાં ડિરેક્ટર હોય તેમના નામે છે. જ્યારે ઇન્કમટેક્સ વિભાગના ડેટા મુજબ ૭૯, ૪૫૪ લોકોની આવક ૬ લાખથી વધુ છે. તેમજ જીએસટીના ડેટા પ્રમાણે ૨૦૦૨નું તો ૨૫ લાખ ટર્ન ઓવર છે.

જે લોકોનાં નામ વેરિફાઈ કરવામાં આવ્યાં છે તેમને મામલતદાર દ્વારા એનએફએસએ માટે જરૂરી આધાર રજૂ કરવા જણાવી રહ્યા છે. જો કાર્ડધારક પાત્રતા સાબિત કરવામાં નિષ્ફળ રહેશે અથવા ખોટી વિગત આપી હોવાનું માલૂમ પડશે તો તેના કાર્ડને નોન એનએફએસએમાં કન્વર્ટ કરી દેવાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ કાર્યવાહીના કારણે ખોટી રીતે કાગળ પર 'ગરીબ' બનેલા કાર્ડધારકોમાં ફફડાટ ફેલાયો છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં આ વેરિફિકેશનની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૧૫થી ૨૦ લાખ જેટલા લાભાર્થીઓ એનએફએસએમાંથી બાકાત થાય એવી શક્યતા છે.

# વડોદરામાં કૂતરાના ખસીકરણ પાછળ કરોડોનો ખર્ચ છતાં કૂતરાનો ત્રાસ યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને કૂતરાના ખસીકરણ અને એન્ટી-રેબિઝ વેક્સિનેશન યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. જો કે શહેરની હાલત જોવામાં આવે તો પ્રશ્ન ઊભો થાય છે કે આટલો ખર્ચ છતાં વાસ્તવિક પરિણામ કંઈક અલગ જ રહ્યું છે. આરોગ્ય વિભાગના સત્તાવાર આંકડા દર્શાવે છે કે છેલ્લા દાયકામાં કરોડો ખર્ચાયા છતાં રખડતા કૂતરાઓનો ત્રાસ અને કૂતરા કરડવાના બનાવો યથાવત્ છે.

વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૨૫-૨૬ના જુલાઈ સુધીના આંકડા મુજબ કુલ ૮૫ હજારથી વધુ કૂતરાનું ખસીકરણ કરવામાં આવ્યું છે અને તેની પાછળ કુલ ૭ કરોડથી વધુ ખર્ચ થયો છે. ૨૦૧૬-૧૭માં સૌથી વધુ ૧૪,૪૭૪ કૂતરાનું ખસીકરણ કરીને એક ૧ કરોડ ૩૬ લાખ પાંચ હજાર ૫૬૦ રૂપિયા ખર્ચાયા હતા. ત્યારબાદના વર્ષોમાં આ સંખ્યા ધીમે ધીમે ઘટી છે. ૨૦૨૪-૨૫માં ફક્ત ૫,૫૦૯ કૂતરાનું ખસીકરણ થયું, પરંતુ ખર્ચ ૯૦ લાખથી વધુ રહ્યો છે. હાલના ૨૦૨૫-૨૬માં જુલાઈ સુધીમાં ફક્ત ૨,૦૩૨ કૂતરાનું ખસીકરણ થયું છે, પરંતુ ખર્ચ ૩૩ લાખથી વધુ થઈ ચૂક્યો છે. સંખ્યામાં ઘટાડા છતાં ખર્ચમાં મોટો ફેરફાર ન થવો તે પણ સવાલ ઊભો કરે છે.

એન્ટી-રેબિઝ વેક્સિનેશન માટે ૨૦૨૨થી ૨૦૨૫ દરમિયાન ૯૯ હજારથી વધુ કૂતરાઓને નવી કે બૂસ્ટર ડોઝ આપવામાં આવી છે. ૨૦૨૪માં સૌથી વધુ ૩૨,૧૨૭ કૂતરાને રસી આપવામાં આવી હતી. ૨૦૨૫માં હાલના આંકડા મુજબ ૨૨,૬૭૫ કૂતરાને રસી આપવામાં આવી છે. આટલી રસીકરણ કામગીરી છતાં શહેરમાં કૂતરા કરડવાના બનાવો અને રખડતા કૂતરાઓની સંખ્યા ઘટાડાના બદલે કેટલાક વિસ્તારોમાં વધતી જણાઈ રહી છે. પ્રશ્ન એ છે કે મહાનગરપાલિકા દર વર્ષે આ યોજનાઓ પર કરોડો ખર્ચ કરે છે, પરંતુ તેના સ્પષ્ટ અને માપી શકાય એવાં પરિણામો જોવા મળતાં નથી. જો ખરેખર અસરકારક નિયંત્રણ થતું હોત તો રખડતા કૂતરાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળવો જોઈએ. પરંતુ હાલની પરિસ્થિતિ તેના બિલકુલ વિપરીત છે.

# ભૂપેન્દ્ર ઝાલાને ૧૦ દિવસમાં પાંચ કરોડ જમા કરવા હાઇ કોર્ટનો આદેશ, વધુ સુનાવણી ૨૧મી ઓગસ્ટે યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સીઆઈડી ક્રાઇમે બીઝેડ સ્કેમમાં આરોપી ભૂપેન્દ્ર ઝાલા સામે નોંધેલી ફરિયાદ મામલે ભૂપેન્દ્ર ઝાલાએ ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. ગુજરાત હાઇ કોર્ટમાં સુનાવણી યોજાઇ હતી. જેમાં હાઇ કોર્ટે ભૂપેન્દ્ર ઝાલાને બાહેંધરી આપવા અને જીપીઆઈડી કોર્ટ અમદાવાદમાં પાંચ કરોડ રૂપિયા ૧૦ દિવસમાં જમા કરાવવા નિર્દેશ આપ્યા હતા. ઝાલાએ પણ હાલ રૂપિયા જમા કરાવવાની તૈયારી દર્શાવી હતી. આરોપી ભૂપેન્દ્ર ઝાલા ડિસેમ્બર મહિનાથી જેલમાં છે. આ કેસમાં ૭૦૦થી વધુ સાહેદ છે, ટ્રાયલ લાંબી ચાલી શકે છે. આ કેસની વધુ સુનાવણી ૨૧મી ઓગસ્ટે યોજાશે.

આરોપી ભૂપેન્દ્ર ઝાલા સામે આક્ષેપ છે કે, તેણે બી ઝેડ ફાયનાન્સિયલ સર્વિસિઝની ભાગીદારી પેઢી બનાવી તેનું લાઈસન્સ સાબરકાંઠ પૂરતું સીમિત હતું. તેને રોકાણ મેળવવા આરબીઆઈની મંજૂરી લીધી નથી. તે રોકાણકારોને મૌખિક રીતે વધુ વ્યાજ આપવાનો વાયદો કરતો હતો. તેને ૧૧,૧૮૩ રોકાણકારો પાસેથી ૪૨૨ કરોડનું રોકાણ કરાવ્યું છે. પરંતુ તેના એજન્ટોએ કમિશન લીધું, તેમને જામીન મળી ચૂક્યા છે. તપાસમાં જે આંકડો આવ્યો છે, તે મુજબ રોકાણકારોને ૧૭૨ કરોડ ચૂકવવાના બાકી છે.

આરોપી તરફથી એવી રજૂઆત હતી કે જીપીઆઈડી એક્ટ મુજબ આરોપીની ૫૪ કરોડની પ્રોપર્ટી જપ્ત કરવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આરોપી પાંચ કરોડ ડિપોઝિટ ભરવા તૈયાર છે. આ કેસમાં મહતમ છ વર્ષ સજાની જોગવાઈ છે, આ એક આર્થિક ગુન્હો છે. એક બેનામી અરજીના આધારે આ કેસમાં તપાસ થઈ છે. જે અરજીમાં જણાવ્યા મુજબ આ સ્કેમમાં મોટા નેતા, પોલીસ તેમજ અધિકારીઓ સામેલ હતા. આરોપી સામે જે આક્ષેપો છે, તે પુરાવાનો વિષય છે. જીપીઆઈડી એક્ટમાં મુખ્યત્વે આરોપી પાસેથી પૈસા રિકવર કરાય છે. જે રોકાણકારોને પરત અપાય છે. આ કેસમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે.

# ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં છાત્રોએ ૨૩૦૦ કરોડ રૂપિયાની એજ્યુકેશન લોન લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી છેલ્લા ૩ વર્ષમાં રૂપિયા ૨૩૧૫ કરોડની એજ્યુકેશન લોન લેવામાં આવી છે. સૌથી વધુ એજ્યુકેશન લોન લીધી હોય તેવાં રાજ્યોમાં મહારાષ્ટ્ર ૧૧,૪૨૬ કરોડ સાથે મોખરે છે.

એજ્યુકેશન લોનનો ઉપયોગ મોટાભાગના વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે કરતા હોય છે. સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીના અહેવાલ પ્રમાણે ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨૧૪ કરોડ, ૨૦૨૧-૨૨માં રૂપિયા ૩૧૪ કરોડ, ૨૦૨૨-૨૩માં રૂપિયા ૩૮૩ કરોડની એજ્યુકેશન લોન ગુજરાતમાંથી લેવામાં આવી હતી.

ગુજરાતમાં એજ્યુકેશન લોન એકાઉન્ટ ૨૦૨૦-૨૧માં ૬૯૯૨ હતા અને તે ૨૦૨૪-૨૫માં વધીને ૮૩૯૭ થઇ ગયા છે. નિષ્ણાતોના મતે એજ્યુકેશન લોન માટે જે અરજી આવે છે તેમાંથી ૯૫ ટકા વિદેશમાં અભ્યાસ માટેની હોય છે.

# સુરત પોલીસ ઍક્શનમાંઃ ૧૧૦ ગુનેગારોને બોલાવી સુધરી જવાની ચેતવણી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં આવનારા તહેવારો દરમિયાન ગુનાખોરી અટકાવવા માટે પોલીસ સક્રિય થઈ હતી. શહેરના ઝોન-૧ વિસ્તારના પુણા, વરાછા, કાપોદ્રા, સરથાણા, સારોલી અને લસકાણા પોલીસ સ્ટેશન હેઠળ આવતા ૧૧૦ ગુનેગારને પોલીસે બોલાવ્યા હતા અને સુધરી જવાની ચેતવણી આપવામાં આવી હતી. પોલીસે આ ગુનેગારોને સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે, ''હવે સુધરી જાઓ. જો ફરી કોઈ ગુનો કરશો તો કડક સજા ભોગવવી પડશે. કાયદાનું પાલન કરશો તો ફાયદામાં રહેશો.''

આ ૧૧૦ ગુનેગારો અગાઉ મારામારી, ચોરી, લૂંટફાટ જેવા ગુનાઓમાં સામેલ હતા અને હાલ જામીન પર છૂટેલા છે. ડીસીપી આલોક કુમારના જણાવ્યા મુજબ, આ તમામ ગુનેગારો પર પોલીસ સતત નજર રાખી રહી છે. જો ભવિષ્યમાં તેઓ ફરી કોઈ ગુનામાં પકડાશે, તો તેમની સામે તડીપાર અથવા પાસા જેવી કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રકારની કાર્યવાહી અસામાજિક તત્ત્વોને કાબૂમાં રાખવા માટે અગાઉ પણ કરવામાં આવી હતી અને ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

# વડા પ્રધાન મોદી ફરી આવશે ગુજરાત, વતન વડનગર અને બેચરાજીની લેશે મુલાકાત

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવશે. ૨૪-૨૫ ઑગસ્ટે વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે. રાત્રિ રોકાણ દરમિયાન ભાજપના નેતાઓ સાથે બેઠકની શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પીએમ મોદી તેમના વતન વડનગર અને બેચરાજીની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન મોદી વડનગરમાં તૈયાર થનારા મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબનું ઉદ્‌ઘાટન પણ કરશે. આ ઉપરાંત બેચરાજી પાસે સુઝુકી મોટર્સના પ્લાન્ટની મુલાકાત લઇને તેઓ અહીં કંપનીના નવા બેટરી સંચાલિત વાહનોના પ્રોડક્શન યુનિટનું ઉદ્‌ઘાટન પણ કરી શકે છે.

ગુજરાતના આ પ્રવાસ દરમિયાન ૨૪ ઑગસ્ટે બપોર બાદ મોદી અમદાવાદ પહોંચીને ગાંધીનગર રાજભવન ખાતે રોકાણ કરશે. અહીં મહાત્મા મંદિરમાં પણ કોઇ જાહેર કાર્યક્રમ યોજાઇ શકે છે. તેઓ રાત્રિ રોકાણ દરમિયાન ગુજરાત સરકાર તેમ જ ભાજપના કેટલાક નેતાઓ સાથે બેઠક પણ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે વડનગર રેલવે સ્ટેશન સામે અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટેશન હબ અને પબ્લિક પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યું છે. પાર્કિંગ - એમ્ફી થિયેટર પાથ-વે - ફૂડ પ્લાઝા સહિતની વધુ સુવિધાઓ વડનગર આવનારા પ્રવાસીઓને ઉપલબ્ધ થશે. પ્રોજેક્ટ્સની કામગીરીમાં ગુણવત્તાયુક્ત કામો અંગે તાજેતરમાં જ મુખ્ય પ્રધાને જરૂરી સૂચનો કર્યા હતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઐતિહાસિક અને પુરાતત્વીય ધરોહર સમાન વડનગરમાં રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા મહત્ત્વના વિકાસ પ્રોજેક્ટ્સની કામગીરી પ્રગતિનું નિરીક્ષણ સ્થળ મુલાકાત લઈને કર્યું હતું.

વડનગરના રેલવે સ્ટેશન સામે નિર્માણ થઈ રહેલા મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબની કામગીરી ઝડપથી પૂર્ણ થઈ શકે તે માટે રેલવે અને રાજ્ય સરકારના ટુરીઝમ ડિપાર્ટમેન્ટ વચ્ચે આ પ્રોજેક્ટના યોગ્ય કો-ઓર્ડિનેશન અને ઈન્ટિગ્રેશન માટે મુખ્ય પ્રધાને સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

# તુળજા ભવાની મંદિરના જિર્ણોદ્ધાર અંગે વિવાદ: એનસીપી અને ભાજપના કાર્યકરો સામસામે

છત્રપતિ સંભાજીનગર: શિવકાળનો ઐતિહાસિક સંદર્ભ ધરાવતા તુળજા ભવાની મંદિરના પથ્થરના પગથિયાં શુ તમે કાઢી નાખશો? અમે પ્રગતિશીલ છીએ નાસ્તિક નથી. તેથી, અમે મંદિરમાં સુધારાનો વિરોધ નથી કરતા, પરંતુ અમે દેવીના ગર્ભગૃહને હાથ લગાવવા દેશુ નહીં, મંદિરનો એક પણ પથ્થર અમે ખસેડવા દઈશું નહીં, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના શરદ પવાર જૂથના નેતા જિતેન્દ્ર આવ્હાડે કહ્યું હતું.

આવ્હાડ તુળજાપુર અને તુળજાભવાની મંદિરને બદનામ કરી રહ્યા હોવાનું કહીને સ્થાનિક તુળજાપુરકરોએ આવ્હાડની કાર રોકી અને પ્રદર્શન કર્યું હતું. આ સમયે એનસીપી અને ભાજપના કાર્યકરો વચ્ચે જોરદાર સૂત્રોચ્ચાર થયો હતો.

તુળજાભવાની મંદિર સંસ્થાન પુરાતત્વ વિભાગની દેખરેખ હેઠળ તુળજાભવાની મંદિરના પુનઃસ્થાપનનું કાર્ય કરી રહ્યું છે. તુળજાભવાની દેવીના મંદિરના સમારકામની સાથે, અન્ય વિકાસ કાર્યો પણ ચાલી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિ સામે સશુલ્ક અને વીઆઈપી દર્શન વ્યવસ્થા બંધ કરવામાં આવી છે. ભક્તો માટે માત્ર ફક્ત ધાર્મિક અને મુખદર્શન રાખવામાં આવ્યા છે. જિતેન્દ્ર આવ્હાડે તુળજાભવાની દેવીના દર્શન બાદ મંદિરમાં ચાલી રહેલા મંદિરના કામનો વિરોધ કર્યો હતો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે જરૂર ન હોવા છતા દેવીના મંદિરના ગર્ભગૃહમાં તોડફોડ શા માટે કરવામાં આવી રહી છે. આપણે સનાતની હિંદુ તો નથી, પણ હિંદુ તો છે ને..મંદિરના પથ્થરને હાથ પણ લગાવવા દેશું નહીં, એમ આવ્હાડે કહ્યું હતું.

જ્યારે જિતેન્દ્ર આવ્હાડ મંદિરમાં હતા, ત્યારે આવ્હાડના નિવેદન સામે બહાર એકઠા થયેલા સ્થાનિક લોકો તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી હતી. ભાજપના કાર્યકરોએ આવ્હાડની કાર સામે વિરોધ કર્યો અને સૂત્રોચ્ચાર કર્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજીને પોલીસે દરમિયાનગીરી કરી હતી. ■

# પુરુષના સ્વાંગમાં બહેનના સાસરેથી દોઢ કરોડ રૂપિયાના દાગીના ચોરનારી યુવતીની ધરપકડ

## શેર ટ્રેડિંગમાં લાખો રૂપિયા ગુમાવ્યા બાદ ચોરીની યોજના બનાવી

પાલઘર: વસઇમાં પુરુષના સ્વાંગમાં ઘરમાં પ્રવેશ્યા બાદ બહેનના સસરાને બાથરૂમમાં બંધ કરી દોઢ કરોડ રૂપિયાનાં ઘરેણાં ચોરનારી ૨૭ વર્ષની યુવતીને સેન્ટ્રલ ક્રાઇમ બ્રાન્ચે નવસારીથી ઝડપી પાડી હતી. યુવતીની ઓળખ જ્યોતિ મોહન ભાનુશાલી તરીકે થઇ હોઇ તેની પાસેથી ચોરીની તમામ મતા હસ્તગત કરવામાં આવી હતી. શેર ટ્રેડિંગમાં ૩૦ લાખ ગુમાવનારી જ્યોતિએ પોતાના દાગીના ગિરવે મૂક્યા હતા અને તે છોડાવવા તેણે ચોરીની યોજના બનાવી હતી.

વસઇના શાંતિનગર ખાતે કિશોર કુંજ બિલ્ડિંગમાં ત્રીજા માળે રહેતા ઓધવજી ખીમજી ભાનુશાલીના ઘરે સોમવારે બપોરે અજાણી વ્યક્તિ આવી હતી. ભાડાના ફ્લેટ વિશે ઓધવજીને પૂછ્યા બાદ તેણે પાણી માગ્યું હતું. એ વ્યક્તિએ બાદમાં ઓધવજીને બાથરૂમમાં પૂરી દીધા હતા અને ઘરમાંથી દોઢ કરોડના દાગીના ચોરીને ત્યાંથી રફુચક્કર થઇ ગઇ હતી.

આ ઘટના બાદ માણિકપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો અને ક્રાઇમ બ્રાન્ચ કેસની સમાંતર તપાસ કરી રહી હતી. પોલીસ ટીમે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારમાંના ૭૫થી ૮૦ જેટલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા. ફૂટેજમાં જોવા મળ્યું હતું કે આરોપીએ ચોરેલી મતા એક જગ્યાએ છુપાવી હતી અને બાદમાં મહિલા એ મતા લેવા માટે આવી હતી, જેણે મોઢા પર સ્કાર્ફ બાંધ્યો હતો. પોલીસે એ ફૂટેજ ભાનુશાલી પરિવારને બતાવતાં તેમની પુત્રવધૂએ સ્કાર્ફ ઓળખી કાઢ્યો હતો. એ મહિલા જ્યોતિ હોવાનું બાદમાં સામે આવ્યું હતું.

દરમિયાન જ્યોતિ ગુજરાત તરફ ગઇ હોવાનું જાણવા મળતાં પોલીસે તેની માહિતી મેળવી હતી અને બાદમાં નવસારીથી તેની ધરપકડ કરી હતી. પૂછપરછમાં જ્યોતિએ ગુનાની કબૂલાતકરી હતી અને તેની પાસેથી પોલીસે તમામ મતા હસ્તગત કરી હતી. જ્યોતિ બે મહિના અગાઉ તેની મોટી બહેનના ઘરે આવી હતી ત્યારે ઘરમાં તેણે દાગીના જોયા હતા. ■

# મેગા અર્બન ટ્રાન્ઝિટ ઇન્ટિગ્રેશન પ્લાન ૩૯ ઉપનગરીય સ્ટેશનોને મેટ્રો, મોનોરેલ, પોડ ટેક્સી સાથે જોડાશે

મુંબઈ: પશ્ચિમ અને મધ્ય રેલ્વેએ શહેરી પરિવહન સેવાઓને જોડવાની દિશામાં એક મોટું પગલું લીધું છે. રેલવે તેમના સ્ટેશનોને મેટ્રો, મોનોરેલ અને બીકેસી ખાતે પ્રસ્તાવિત પોડ ટેક્સીઓ સાથે જોડવાની યોજના બનાવી રહી છે. તેના પર વિચાર-વિમર્શ કરવા અને તેને વાસ્તવિક રૂપ આપવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સમિતિની બેઠક આ મહિને થવાની અપેક્ષા છે. મલ્ટી-મોડલ ઇન્ટિગ્રેશન માટેની સમિતિમાં મધ્ય અને પશ્ચિમ રેલ્વે, એમઆરવીસી, મહામેટ્રો અને સિડકોના પ્રતિનિધિઓનો સમાવેશ થશે. મેટ્રો લાઇનનું નિર્માણ કરતી સંસ્થાઓ પણ સમિતિમાં પ્રતિનિધિત્વ કરશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) ના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, એમએમઆરના ૧૫ કોરિડોરમાં ૩૪ મેટ્રો સ્ટેશનોને ઉપનગરીય રેલ્વે સાથે જોડવા માટે પસંદ કરવામાં આવ્યા છે. બાકીના પાંચ ઉપનગરીય સ્ટેશનોને મોનોરેલ અને પોડ ટેક્સીઓ સાથે જોડવામાં આવશે. ■

# મુંબઈમાં ૭૦ હજાર રખડતા શ્વાનના કરડવાના બનાવ: રાજ્યના ૨૬ ટકા શ્વાન કરડવાના બનાવ એકલા મુંબઈમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દિલ્હીમાં રખડતા શ્વાનને આશ્રયસ્થાનમાં રાખવાનો સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મુંબઈમાં પણ રખડતા શ્વાનનો મુદ્દો ફરી ચર્ચાએ આવ્યો છે. એક અંદાજ મુંબઈમાં વર્ષે શ્વાન કરડવાના ૭૦,૦૦૦ જેટલા બનાવ નોંધાય હોય છે. શ્વાનની વધતી વસતીને પગલે મુંબઈમાં શ્વાનનો નસબંધીનો કાર્યક્રમ ફટાફટ પૂરો કરવો અને તેમની માટે આશ્રયસ્થાન ઊભા કરીને ત્યાં શ્વાનનું તાત્કાલિક સ્થળાંતર કરો એવી માગણી પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને કરવામાં આવી છે.

મુંબઈમાં દર વર્ષે લગભગ શ્વાન કરડવાના ૭૦,૦૦૦ બનાવ બને છે, જે રાજ્યના નોંધાતા કુલ બનાવના ૨૬ ટકા છે. જાન્યુઆરી ૨૦૨૫થી ઑગસ્ટ ૨૦૨૫ સુધીના આઠ મહિનામાં જ પાલિકાના પોર્ટલ પર શ્વાન કરડવાની ૧૦,૦૦૦ ફરિયાદ નોંધાઈ હતી. ૨૦૨૪ની સાલમાં દર અઠવાડિયે સરેરાશ શ્વાન કરડવાના ૧૫૦ બનાવ નોંધાયા હતા. રેબીઝનું જોખમ ગંભીર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશનના સર્વેક્ષણ મુજબ ૨૦૨૨માં ભારતમાં તેને કારણે ૧૮,૦૦૦ મૃત્યુ થયા હતા.

ભૂતપૂર્વ નગરસેવક અને વિધાનસભ્ય વિધાનસભ્ય અમિત સાટમે પાલિકા કમિશનરે પત્ર લખીને જણાવ્યું હતું કે રખડતા શ્વાનને કારણે નાના બાળકો, વરિષ્ઠ નાગરિકો અને ટુ વ્હીલરચાલકો પર હુમલાના બનાવ વધી ગયા છે અને શહેરમાં રેબીઝની પ્રતિબંધક વેક્સિનની અછત છે. આ સમસ્યા નિયંત્રણ બહાર જાય તે પહેલા જ પાલિકાએ તાત્કાલિક પગલા લેવા જોઈએ. અન્યથા સાર્વજનિક સુરક્ષાની પરિસ્થિતી હાથની બહાર નીકળી જશે. ■

# બદલાપુર વાયા પનવેલ માટે ૩૪ કિમી. રેલવે લાઇનનો સર્વે

## કાસગાંવ ખાતે નવા રેલવે સ્ટેશનનું નિર્માણ કરાશે

મુંબઈ: કર્જત, ખોપોલી, બદલાપુર, અંબરનાથ, નેરળ વિસ્તારોને ચોથા મુંબઈ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. અહીં નવા હાઉસિંગ પ્રોજેક્ટ્સ બનાવવામાં આવી રહ્યા છે. કલ્યાણ શીલ રોડ પર આવેલી પલાવા કોલોનીને મલંગગઢ, અંબરનાથ, નેરળ તરફ વિસ્તારવામાં આવી રહી છે. આ વધતી વસ્તી માટે મુંબઈ તરફ જવા માટે કલ્યાણ, થાણે એ એકમાત્ર રેલવે માર્ગ છે. કલ્યાણ, ડોમ્બિવલી, થાણે વિસ્તારોમાં વધતા શહેરીકરણને કારણે, આ રેલવે સ્ટેશનો મુસાફરોથી ભરચક હોય છે. વધતી જતી ભીડને કારણે આ રેલવે સ્ટેશન પરથી મુસાફરી કરવી મુશ્કેલ બની ગયું છે.

આ ભીડને વિભાજીત કરવા માટે કલ્યાણથી મુંબઈ રેલવે લાઇનના વિકલ્પ તરીકે બદલાપુરથી કાસગાંવ વાયા પનવેલથી નવી મુંબઈમાં કામોઠે સુધી નવી રેલવે લાઇન બિછાવવા બદલાપુરના પ્લાનર રામ પાતકરે કેન્દ્રીય માર્ગ અને પરિવહન પ્રધાન નીતિન ગડકરીને માગણી કરી હતી. તેવી જ રીતે ડોમ્બિવલીમાં રેલવે પેસેન્જર્સ એસોસિએશનના ભાલચંદ્ર લોહકર ઘણા વર્ષોથી કલ્યાણથી વાયા કલવા વાશી રેલવે શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ■

# મુંબઈ તો મુંબઈ જ રહેશે, શાંઘાઈ કે સિંગાપોરની નકલ નહીં: મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે કહ્યું હતું કે મુંબઈને સિંગાપોર કે શાંઘાઈ જેવું બનવાની જરૂર નથી, તેના બદલે, અન્ય શહેરોએ મુંબઈ જેવું બનવાની ઇચ્છા રાખવી જોઈએ.

એક ન્યૂઝ ચેનલના ટાઉનહોલ કાર્યક્રમમાં બોલતા ફડણવીસે આ ટિપ્પણી કરી હતી.

મુંબઈ તો મુંબઈ જ રહેશે, આપણે તેને શાંઘાઈ કે સિંગાપોર જેવું બનાવવાનો પ્રયાસ કેમ કરવો જોઈએ? મુંબઈની પોતાની ઓળખ છે અને હું માનું છું કે તે ઓળખ શાંઘાઈ કે સિંગાપોર કરતાં પણ સારી છે, એમ ફડણવીસે મુંબઈને શાંઘાઈ કે સિંગાપોર જેવું બનાવવાનું સ્વપ્ન જોયું છે કે કેમ તે અંગેના સવાલનો જવાબ આપતાં કહ્યું હતું.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે મુંબઈમાં માળખાકીય સુવિધાઓ અને રહેઠાણમાં કેટલીક ખામીઓ છે, પરંતુ તેને દૂર કરવાના પ્રયાસો ૨૦૧૪માં શરૂ થયા હતા અને અત્યારે પરિવર્તન હવે દેખાઈ રહ્યું છે.

'આપણે શાંઘાઈ કે સિંગાપોર જેવા બનવાનો પ્રયાસ શા માટે કરવો જોઈએ? લોકોએ મુંબઈ જેવું શહેર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને આપણે શહેરને તે મુજબ તૈયાર કરવું જોઈએ,' એમ તેમણે ઉમેર્યું હતું.

ફડણવીસે વધુમાં કહ્યું કે તાજેતરના વર્ષોમાં મુંબઈમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળ્યું છે, જેમાં ધારાવી હાઉસિંગ પ્રોજેક્ટ આ પરિવર્તનનું મુખ્ય ઉદાહરણ છે.

'ધારાવી એક પરિવર્તનશીલ પ્રોજેક્ટ છે જેના દ્વારા અમે ૧૦ લાખ લોકોને યોગ્ય, કાયમી રહેઠાણ પૂરું પાડીશું, જેમાં તમામ જરૂરી સુવિધાઓ હશે,' એમ તેમણે કહ્યું હતું.

માળખાકીય વિકાસ વિશે બોલતા, તેમણે કહ્યું હતું કે, 'અમે 'ત્રીજી મુંબઈ' વિકસાવી રહ્યા છીએ - જે અટલ સેતુ અને નવી મુંબઈ એરપોર્ટ વચ્ચે બનશે. આ નવું મુંબઈ એક ભવિષ્યવાદી શહેર છે. તેમાં એક 'એજ્યુકેશનલ સિટી'નો સમાવેશ થાય છે જ્યાં સાત ટોચની વૈશ્વિક યુનિવર્સિટીઓ પહેલેથી જ આવી ચૂકી છે અને પાંચ વધુ આવી રહી છે. આજે જ, મેં બીજી અગ્રણી યુનિવર્સિટી સાથે વાતચીતને અંતિમ સ્વરૂપ આપ્યું છે.'

તેમણે એમ પણ કહ્યું કે આગામી બે થી ત્રણ વર્ષમાં મુંબઈમાં બુલેટ ટ્રેન શરૂ થશે.

અગાઉની સરકારોની ટીકા કરતા, ફડણવીસે દાવો કર્યો હતો કે મુંબઈ છેલ્લા ૨૫ વર્ષોમાં વિકાસ કરવામાં નિષ્ફળ ગયું હતું, કારણ કે તે સમયે સત્તામાં રહેલા લોકો દ્વારા વિકાસ અવરોધવામાં આવ્યો હતો. ■

# મુંબઈનાં સાત જળાશયોમાં ૮૯.૨૧ ટકા પાણી

મુંબઈ: મુંબઈને પીવાનું પાણી પૂરું પાડતા તળાવોમાં પાણીનું સ્તર તેમના કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વધ્યું છે. બુધવાર (૧૩ ઓગસ્ટ) ના રોજ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેટા મુજબ, શહેરને પાણી પૂરું પાડતા સાત જળાશયોમાં સામૂહિક પાણીનો જથ્થો ૧૨,૯૧,૧૨૯ મિલિયન લિટર છે, જે તેમની કુલ ક્ષમતાના ૮૯.૨૧ ટકા છે. અપર વૈતરણા, મોડક સાગર, તાનસા, મધ્ય વૈતરણા, ભાતસા, વિહાર અને તુલસી તળાવોમાંથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આમાંથી તાનસામાં ૯૭.૮૦ ટકા, મોડક સાગરમાં ૯૨.૬૪ ટકા, મધ્ય વૈતરણામાં ૯૪.૦૪ ટકા, અપર વૈતરણામાં ૮૩.૬૩ ટકા, ભાતસામાં ૮૭.૬૧ ટકા, વિહારમાં ૭૫.૬૦ ટકા અને તુલસીમાં ૮૫.૫૦ ટકા પાણીનો જથ્થો છે. ■

# મુંબઈ એરપોર્ટથી નવી મુંબઈ એરપોર્ટ ફક્ત ૩૦ મિનિટમાં

## મેટ્રો-૮ ગોલ્ડ લાઈનની તૈયારી થઈ રહી છે યોજના

મુંબઈ: ભવિષ્યમાં છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ટર્મિનલ-૨થી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સુધી પહોંચવું સરળ બનશે. આ માટે ભૂગર્ભ અને એલિવેટેડ મેટ્રો લાઇન ૮ (ગોલ્ડ લાઈન) યોજના તૈયાર કરવામાં આવી છે. વધુમાં મુંબઈ મેટ્રો લાઈન-૮ ને હાલના નવી મુંબઈ મેટ્રો નેટવર્ક સાથે જોડવાની પણ યોજના છે.

આ લાઇન અંધેરીમાં ટર્મિનલ-૨ થી શરૂ થશે, જે ચેમ્બુરમાં છેડાનગર સુધી ભૂગર્ભ હશે અને પછી નવી મુંબઈ એરપોર્ટ સુધી એલિવેટેડ હશે. આ એલાઇનમેન્ટ કુર્લા, લોકમાન્ય તિલક ટર્મિનસ, માનખુર્દ, વાશી, નેરુલ, ખારઘર અને બેલાપુર સહિતના મુખ્ય શહેરી વિસ્તારોમાંથી પસાર થશે. કુલ ૩૫ કિમી લાંબા આ રૂટમાં ૨૫.૮ કિમી એલિવેટેડ અને ૮.૨ કિમી ભૂગર્ભ હશે. સંભવિત રૂટમાં મુંબઈ એરપોર્ટ ટી-ટૂ મરોલ નાકા (ઇન્ટરચેન્જ લાઇન્સ-૧ અને ૩), સાકી નાકા (લાઇન-૧ ઇન્ટરચેન્જ), પવઈ, કાંજુરમાર્ગ (લાઇન-૬ ઇન્ટરચેન્જ), મુલુંડ પૂર્વ, ઐરોલી, ઘનસોલી, કોપરખૈરાણે, બેલાપુર સીવીડી નવી મુંબઈ ટર્મિનલ-૧, ટર્મિનલ-૨નો સમાવેશ થઈ શકે છે. અંદાજિત પ્રોજેક્ટ ખર્ચ રૂ. ૧૫,૦૦૦ કરોડ આંકવામાં આવ્યો છે.મુંબઈ મેટ્રો-૮ ને જાન્યુઆરી ૨૦૨૫ માં મંજૂરી આપવામાં આવી હતી. સિડકો દ્વારા ડીપીઆર પૂર્ણ થયા બાદ ટેન્ડર ૨૦૨૫ના અંતમાં અપેક્ષિત છે. બાંધકામ ૨૦૨૬ના મધ્યમાં શરૂ થવાની અપેક્ષા છે અને ૨૦૨૮ના અંતમાં કે ૨૦૨૯ની શરૂઆતમાં પૂર્ણ કરવાનો અંદાજ છે.

એરપોર્ટ એક્સપ્રેસ તરીકે ડિઝાઇન કરાયેલ આ રૂટ પર ૯૦ કિમી/કલાકની ઝડપે પહોંચવાનું લક્ષ્ય છે. ■

# જૈન મરણ

### ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન

શ્રીમતી રેખાબેન શાહ (ઘડિયાળી) (ઉં.વ.૮૦) લીંબડી-(હાલ મુંબઈ) શકરીબેન ચીમનલાલ ચત્રભુજ શાહના પુત્રવધૂ તા. ૧૨-૮-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયકાંત ચીમનલાલ શાહના પત્ની. પુત્ર-પુત્રવધૂ અ.સૌ. રૂપલ સંજય શાહ (ઘડિયાળી), પૌત્ર-પૌત્રવધૂ રિદ્ધિ-મૌલિક, પૌત્રી-જમાઈ વિરાલી-હર્ષિતકુમાર, પુત્રી-જમાઈ અ.સૌ. સપના મેહુલકુમાર શાહ હેતસ્વી-ઋષભકુમાર, આયુષી ભત્રીજા. જયેશભાઈ, શૈલેષભાઈ, જીતેનશભાઈ, પરેશભાઈ, વિપુલભાઈ, શ્રેણિકભાઈ (ઘડિયાળ), પિયર પક્ષ જમનાદાસ ઉજમસી શાહ પ્રાર્થના સ્થળ: બેન્કવેટ ધ બોલ રૂમ, પી-૬ વર્લ્ડ ટાવર, કમલા મિલની નજીક, મુંબઈ-૧૩. તા. ૧૪-૮-૨૫, ગુરુવારે ૯.૦૦થી ૧૧.૦૦.

### દશા શ્રીમાળી સ્થા. જૈન

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી, રીટાબેન કોઠારી (ઉં.વ. ૬૭) તા. ૧૨-૮-૨૫ના અવસાન પામેલ છે. તે પ્રદીપ અમુલખરાય કોઠારીના ધર્મપત્ની. બિજલ પ્રદીપ કોઠારીના માતુશ્રી. અવની કોઠારીના સાસુ. દિયાનના દાદી. સ્વ. શારદાબહેન અમુલખરાય કોઠારીના પુત્રવધૂ. સ્વ. સુશીલાબેન નવીનચંદ્ર શાહના સુપુત્રી. બન્ને પક્ષ તરફની પ્રાર્થનાસભા-સાદડી-લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વીજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન

ચંદ્રકાંતભાઈ ચીમનલાલ શાહ વિજાપુર (ઉં.વ. ૭૭) તા. ૧૩-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભારતીબેનના પતિ. ધીરેન-પ્રણવના પિતાશ્રી. કાજલ, દીપાના સસરાજી. ધ્વની ધ્વનીતકુમારના દાદા. હસમુખભાઈ, સ્વ. પ્રમોદભાઈ, પ્રવીણભાઈ, દીપકભાઈના ભાઈ. સ્વ. ચીનુભાઈ અમથાલાલના જમાઈ. તેઓની પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫, ગુરુવારના ૨.૩૦થી ૪.૦૦. ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ.

### ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજકજૈન

ચોટિલા નિવાસી હાલ ભાયંદર, સ્વ. મંજુલાબેન (મંછાબેન) નાનાલાલ શિવલાલ શેઠના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૭૫) તે કનકબેનના પતિ. અ.સૌ. ઈલાબેન ભુપેન્દ્રભાઈ કોઠારી, અનુપમાબેન કૈલાશભાઈ શાહ, અંજનાબેન કનુભાઈ શાહ, મુકેશભાઈ, હસુભાઈ અને સ્વ. કિરણભાઈના ભાઈ. ઋષભ, સ્વ. ભૂષણના મોટા પપ્પા. લીમડી નિવાસી લીલાવતીબેન જયંતીલાલ ચુનીલાલ મણીયારના જમાઈ. દીપકભાઈ વિજયભાઈના બનેવી તા. ૧૧-૮-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

### કચ્છી વિશા ઓશવાળ જૈન

મોટા આસંબિયાના હિના જીતેન્દ્ર ગાલા (ઉં.વ. ૬૫) તા. ૨૦/૭/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી નિર્મળાબેન નાનજીભાઇ ઉકેડા ગાલાના પુત્રવધૂ. જીતેન્દ્રના ધર્મપત્ની. કાંતાબેન મોહનલાલ હાથલિયાના પુત્રી. ભુપેન્દ્ર, અનિલ, હરેશ અને મીના પરમારના બહેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. મહેન્દ્ર નાનજી ઉકેડા ગાલા, ૧ નાનુકુંજ, ૫૫ સ્વસ્તિક સોસાયટી એન.એસ. રોડ નં. ૪, જે.વી.પી.ડી. સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ).

દેવપુરના હીરાચંદ પ્રેમજી તેજપાર ગાલા (માલાણી) (ઉં.વ. ૭૧) તા. ૧૨/૮/૨૫ના અવસાન પામેલ છે. દેવપુરના નાનબાઇ પ્રેમજીના પુત્ર. કોટડા (રોહા)ના પાનબાઇ કુંવરજીના જમાઇ. લક્ષ્મીબેનના પતિ. ભાવેશના પિતા. વિનોદ સુરેશ નાગલપરના નીતા ગીરીશના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લક્ષ્મી ગાલા, વરલી બી.ડી.ડી. ચાલ નં. ૬૮, રૂમ નં.૩, ભાગોજી વાઘમારે રોડ, વરલી, મુંબઇ-૧૮.

મંજલ રેલડીયા (હાલે : નાગપુર)ના અ.સૌ. રંજનબેન લક્ષ્મીચંદ ગોસર (ઉં.વ. ૭૧) તા. ૧૦-૮-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી ખેતબાઈ રતનશી રવજીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. અમી, મનીષના માતુશ્રી. સાકરબાઈ મુરજીના સુપુત્રી. ગુલાબ, વિનોદ, દીપક, પુષ્પાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : લક્ષ્મીચંદ ગોસર : ૪, મહર્ષિ કપિલ એપાર્ટમેન્ટ, સ્વાવલંબી નગર, અંબાજરી રોડ, નાગપુર-૪૪૦૦૨૨.

છસરાના લાલજી કુંવરજી ગેલા ગાલા (ઉં.વ. ૭૯) તા. ૯/૮/૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ કુંવરજી ગેલા ગાલાના સુપુત્ર. ગુંદાલાના મઠાબાઈ વરજાંગના દોહિત્ર. રતાડીયા ગ.ના સુંદરબેન ગાંગજી, છસરાના સ્વ. પોપટલાલ કુંવરજી, સ્વ. સાકરબાઈ નાનજી, લુણીના લક્ષ્મીબાઈ વીશનજી, બેરાજાના સ્વ. રતનબેન ખેતશી, સ્વ. શાંતી, સ્વ. ઉત્તમ, ગુંદાલાના સ્વ. ચંચળબાઈ બાબુભાઈના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રકાશ સાવલા, ૧૦૨, એ વીંગ, શીવ આશીષ બીલ્ડીંગ, ગોગ્રાસવાડી, ડોંબિવલી (ઈ).

પત્રીના ઝવેરબેન ખીમજી વેલજી ધરોડ (ઉં.વ. ૯૬) તા. ૧૨-૮ના દેહ ત્યાગ કરેલ છે. સ્વ. ખીમજી વેલજીના ધર્મપત્ની. વેલબાઇ-પુરબાઇ વેલજીના પુત્રવધૂ. પ્રવિણ, નવિન, હસમુખ, અરૂણાના માતુશ્રી. ભોરારા હાંસબાઇ દેવજી પરબતના સુપુત્રી. ખીમજી, લક્ષ્મી, હેમકુંવર, દેવકા, જયંતીલાલ, લક્ષ્મીચંદના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. હસમુખ ધરોડ, ૨૦૩, પાર્ક રેસીડેન્સી, દત્તપાડા રોડ, બોરીવલી (ઇ.).

ભોજાયના શ્રી સુરેશ નાગડા (ઉં.વ. ૫૪) તા. ૧૨-૮-૨૫ના અવસાન પામેલ છે. ઝવેરબેન વિશનજીના પુત્ર. રશ્મિના પતિ. મહેકના પિતા. સ્વ. રમેશ, હિતેન્દ્ર, નિલેશ, ચંચલ, સ્વ. મિનાક્ષીના ભાઈ. મોથારા ગુણવંતી (મંજુલા) નાનજી ગડાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા ક.શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ૪ થી ૫.૩૦.

રામાણીયાના અમરતબેન નાગડા (ઉં.વ. ૯૩) ૯/૮ના અવસાન પામેલ છે. તે વેજબાઈ લાલજી મુરજી નાગડાના પુત્રવધૂ. શીવજી (ગગુભાઈ)ના પત્ની. દેશલપુર પાનબાઈ કોરશી હીરા દેઢીઆનાં પુત્રી. દેશલપર લક્ષ્મીબેન કેશવજી ગાલા, ફરાદી દેવકાબેન કુંવરજી સાવલા, કારાઘોઘા દેમુબેન દામજી છેડાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ નાગડા, ૧૦૨ અરનાથ બિલ્ડીંગ, જૈન મંદિર માર્ગ, સર્વોદય નગર, મુલુંડ (વે.).

### ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

વઢવાણ શહેર હાલ કાંદીવલી, બીપીનભાઈ ખીમચંદ શાહના ધર્મપત્ની હંસાબેન (ઉં.વ. ૮૧) તા. ૧૨-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ચિ. હિતેન, ચિ. પ્રીતિના માતુશ્રી. ચિ. સોનલ, હિતેશભાઈ પ્રવીણચંદ્ર શાહના સાસુ. સ્વ. સુરેશભાઈ, ડોક્ટર નીતિનભાઈ, સ્વ. નલિનીબેન નિખિલભાઇ પારેખના મોટાભાભી. પિયરપક્ષે ધાંગધ્રા નિવાસી હાલ બોરીવલી, સ્વ. જયંતીલાલ ન્યાલચંદ શાહના દીકરી. ચિ. વૃત્તિ મીતભાઈ શાહ, ચિ. ખુશાલી અંકિતભાઈ પંચમિયા, ચિ. હની પાર્થભાઈ વારીયાના દાદી /નાની. પ્રાર્થનાસભા તથા લોકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વાગડ વિ.ઓ. જૈન

ગામ મનફરા દિવાળીબેન મેઘજી અરજણ છેડાના (ઉં.વ. ૭૨) મંગળવાર, તા. ૧૨-૮-૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી લાધીબેન અરજણના પુત્રવધૂ. વિમળા, જસવંતી, પરમકૃપાશ્રીજી, પરમકરૂણાશ્રીજી, રાકેશ, ધીરજના માતુશ્રી. સુનિલ, પ્રવિણ, જયશ્રી, ડોલીના સાસુ. યુગ, ક્રિયા, કાવ્યાના દાદી. મિત,યશ, સિદ્ધાર્થ, રિદ્ધીના નાની. ગામ ભરૂડિયાના પુજીબેન/લક્ષ્મીબેન ગોવર દેસર સત્રાની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન. એ/૨, ગોપાલ ભવન, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર-વેસ્ટ.

### વાગડ વિ.ઓ. જૈન

ગામ ખેંગારપાર હાલે સુવઈના વિરજી પુંજાભાઈ નિસર (ઉં.વ. ૯૦) મંગળવાર, તા. ૧૨-૮-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. સતીબેન પુંજાબેન વાઘજીના પુત્ર. સ્વ. નાથીબેનના પતિ. નવિન, સુરેશ, ઈશ્વર, લક્ષ્મી, ચાંપુ, મંજુલા, સ્વ. દિવાળી, મીનાના પિતાશ્રી. રવના ભચીબેન આસદીર હિરા સત્રાના જમાઈ. પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૧૪-૮-૨૫ સમય ૧૦.૩૦ થી ૧૨ સ્થળ. વર્ધમાન સ્થાનક, થાણા. ઠે. ૭૦૨, અરિહંત ટાવર, બીકેબીન, થાણા.

### ઝાલાવાડ વિશા શ્રીમાળી જૈન

મૂળ લીંબડીના હાલ ઘાટકોપર, રમેશભાઈ શાહ (ઘડિયાળી) (ઉં.વ. ૭૮) સોમવારે ૧૧-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે શકરીબેન ચીમનલાલ ચત્રભુજ શાહના સુપુત્ર. સ્વ. મંજુલાબેનના પતિ. શ્રેણિક અને શીતલ શાહના પિતા. ભાવિની અને વિશાલકુમારના સસરા. સ્વ. ઇંદુમતી રતિલાલ સંઘવી, સ્વ. સુમંતભાઈ, સ્વ. રમણીકભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. જયસુખભાઈ અને પ્રતાપભાઈના ભાઈ. અમદાવાદના કસ્તુરચંદ શાહના જમાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૫ ઓગસ્ટના ૧૦.૩૦ થી ૧૨.૩૦. ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ.

# હિન્દુ મરણ

### ગૌડ સારસ્વત બ્રાહ્મણ

ડૉ. દેવ્યાની રત્નાકર પ્રભુ (ઉં.વ. ૮૬) તે સ્વ. સરસ્વતી ચર્ડપ્પા પ્રભુના પુત્રવધૂ. સ્વ. શકુંતલા લાલજી વેદના પુત્રી. ડૉ. ફાલ્ગુની નીતીશ ગાયતોંડે, દેવાંશી કૌશલ વોરાના માતુશ્રી. શરદ, માલતી, કુસુમ, નીતા, સ્વ. મનુભાઇના બહેન. તા. ૧૧-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૮-૨૫, રવિવારે ૪.૩૦ થી ૫.૩૦. મહેશ્વરી પ્રગતિ મંડળ, મહેશ્વરી ભવન, ન્યૂ લિંક રોડ, શ્રી રામ તપરીયા માર્ગ, ઓશિવરા પોલીસ સ્ટેશન પાસે, અંધેરી વેસ્ટ.

### કપોળ

મહુવા નિવાસી હાલ કાંદિવલી સ્વ. શાંતાબેન શાંતિલાલ સંઘવીના પુત્રવધૂ તે નરેન્દ્રના ધર્મપત્ની અ. સૌ. નીલા (નિર્મલાબેન) (ઉં.વ. ૭૩) તા. ૧૩/૮/૨૫માં શ્રીજીશરણ પામેલ છે. જલ્પા વિશાલ દોશી, નિશા ભાવિન શાહ, દીપા ચિરાગ મહેતા, પૂજાના માતુશ્રી. ડુંગરવાલા સ્વ. તુલસીદાસ વૃજલાલ મહેતાની સુપુત્રી. તીર્થા, માનવ, શશાંક, ધ્રુવ અને શૌર્યના નાની. નીલમ રમેશકુમાર પારેખ, સ્વ. હંસા (હીના) દિલીપકુમાર દલાલ, રંજન રમેશકુમાર ગોરડિયા, કલા જતિનકુમાર ગોરડિયા, નીતા દિપકુમાર બુસાના ભાભી. પ્રાર્થનાસભા ૧૫/૮/૨૫ શુક્રવારના ૪ થી ૬. ઠઠાઈ ભાટિયા હોલ નં. ૫, શંકરલેન, કાંદિવલી વેસ્ટ.

### ઈડર ઔદિચ્ય સત્તાવીસ જ્ઞાતિ

લીલાવતી પંડ્યા (ઉં.વ. ૭૯) ગામ મેસણ, હાલ વિલેપાર્લા, સ્વ. રજનીકાંત પંડ્યાના પત્ની. ધર્મેન્દ્ર, રાકેશ, સંદીપ અને પરાગ પંડ્યાના માતા. તેજલબેન, પૂનમબેન અને વૈશાલીબેનના સાસુ. કાર્તિકી અને વિવેકની દાદી તા. ૧૦-૮-૨૫ને રવિવારે દેવલોક પામ્યા છે. સાદડી ને લૌકિકપ્રથા બંધ રાખેલ છે. ઉત્તરક્રિયા નિવાસસ્થાને રાખેલ છે. એ-૧૦૩/એ, પ્રથમ માળે, ગેલેક્સી એપાર્ટમેન્ટ, આઝાદ-રોડ, વિલેપાર્લા (ઈસ્ટ).

### હાલાઈ લોહાણા

જામકંડોરણા, હાલ બોરીવલી, સ્વ. સરલાબેન અને સ્વ. બાબુલાલ આડતિયાના પુત્રવધૂ. તે હરિશભાઈના પત્ની. રાહુલના માતા. સ્વ. ભુપેન્દ્રભાઈ, સ્વ. કુમુદબેન કિરીટકુમાર બુદ્ધદેવ અને રવિનભાઈના ભાભી. તે મંજુલાબેન મોહનભાઈ દાવડાના પુત્રી મીરાબેન (ઉં.વ. ૭૨) તા. ૧૦-૮-૨૫, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫-૮-૨૫ના ૫.૦૦થી ૭.૦૦. બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, કાંદિવલી (પ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

### કપોળ

રાજુલાવાળા હાલ માટુંગા, સ્વ. પ્રતાપરાય મગનલાલ અને સ્વ. નીલાબેન પ્રતાપરાય મહેતાના પુત્ર ઉમેશભાઈ (ઉં.વ. ૬૬) તે અમીતાબેનના પતિ. નેહા અને વત્સલના પિતા. ધ્રુવ અને પ્રાચીના સસરા. છાયા અને સંજયના ભાઈ, ભવાનીદાસ ધનજી મહેતાના જમાઈ. વિઆનાના દાદા. બુધવાર, તા. ૧૩-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૪-૮-૨૫ના ૪થી ૬. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

### કડવા પટેલ

ગામ પાટણ, હાલ મુંબઈ, પૂર્ણિમાબેન હરીશભાઈ પટેલ, કેપલના માતુશ્રી. જિજ્ઞાના સાસુ. પૂજનના દાદી. સ્વ. શારદાબેન શાંતિલાલ પટેલના પુત્રી. સ્વ. પ્રજ્ઞાબેન-હેમેન્દ્રભાઈ-નિતીનભાઈ-નયનાબેન-ઉષાબેનના ભાભી. મંગળવાર, ૧૨-૮-૨૫ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### ૨૫ ગામ ભાટિયા

રજનીબેન ચંદ્રકાંત વેદ (ઉં.વ. ૮૪) તે સ્વ. ચંદ્રકાંત વેદના ધર્મપત્ની. હેમા ઠક્કર, પરેશના માતુશ્રી. તૃપ્તિ પરેશ વેદ તે પંકજ ઠક્કરના સાસુ. સ્વ. જેવાબેન જગજીવનદાસ આશરના સુપુત્રી. ખુશી, ટીસા, જસ, નીલ, જીલના દાદીમા મંગળવાર, તા. ૧૨-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ને ગુરુવારે ૪.૩૦થી ૬.૦૦. સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

### આંતરસુંબા દશા શ્રીમાળી વણિક

આંતરસુંબા નિવાસી હાલ ઘાટકોપર, અ.નિ. રમેશચંદ્ર સાકળચંદ શાહના ધર્મપત્ની ગં.સ્વ. મનોરમાબેન શાહ (ઉં.વ. ૮૩) તા. ૧૧-૮-૨૫ને સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કાંતાબેન અને સ્વ. નવનીતલાલ દાણીના પુત્રી. ગોપાલ, મીતા, દીપિકા અને રૂપાના માતુશ્રી. અ.સૌ. રીના, મુકેશકુમાર, પ્રદીપકુમાર અને કેતનકુમારના સાસુ. ધ્વની અને ત્રિયાના દાદીજી. ફોરમ, અંકુર, દર્શન, જેનીસ અને લવના નાનીજી. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ને ગુરુવારના ૪.૩૦થી ૬.૩૦. સ્થળ: ઘાટકોપર લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ).

### હાલાઈ લોહાણા

સલાયા જામખંભાળીયાવાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. પ્રભાવિત ગોકાણી ઠક્કર (ઉં.વ. ૯૭) તે સ્વ. મંગળદાસ માધવજી ગોકાણીના ધર્મપત્ની. કસ્તુરબેન પ્રાગજી પ્રેમજી સવજીયાણીના દીકરી. સ્વ. મહેંદ્ર, નરેન્દ્ર, મુકેશ, જીતેન્દ્ર, દિપક, મીનાક્ષી જેઠાલાલ શાહ, ઉષા હર્ષદ પોપટના માતુશ્રી. નિર્મળા, લીના, પ્રતીમા, પ્રજ્ઞાના સાસુ. સ્વ. આશિષ, હરીશ, ન્યુકીત, મિહીર, હેમાની પ્રીતેષ ગાલા, દિપના વીરાજ વ્યાસના દાદી. આરતી, પૂજા, ધારા, પૂર્વીના દાદીસાસુ. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ને ગુરુવાર ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવરની બાજુમાં, કાંદીવલી વેસ્ટ.

### કચ્છી ભાટિયા અંજારિયા

અતુલ ભાટીયા (ઉં.વ. ૬૪) તા. ૧૨-૮-૨૫ના મુંબઈ શ્રીજીચરણ પામ્યા છે. પ્રીતીના પતિ. સ્વ. સરલાબેન મથુરાદાસ (કાકુભાઈ) ભાટીયાના પુત્ર. દેવકાબેન કલ્યાણજી દુતિયાના પૌત્ર. ઝવેરબેન દેવજી જેઠમલના દોહિત્ર. મીના માધવસિંહ આશરના જમાઈ. વત્સલના પિતા. સાધના, અમૂલ, કેયૂર, રાજાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી બ્રહ્મક્ષત્રિય

ગામ મઉ મોટી હાલ મુલુંડ, ધીરજલાલ રાજાવાઢા (ઉં.વ. ૭૮) તે સ્વ. મુક્તાબેન દામજી કુવરજી રાજાવાઢાના સુપુત્ર. ભારતીબેનના પતિ. દક્ષેશ અને દિનાના પિતાશ્રી. ભુપેન્દ્ર અને ખ્યાતિના સસરા. સ્વ. કાંતિલાલ, સ્વ. હરસુખરાય, હિંમતલાલ, સ્વ. ઉર્મિલાબેન પરમાનંદ દુબલના ભાઈ. સ્વ. પોપટલાલ આણંદજી ઘેલા (અંભુવાલા)ના જમાઈ, તા. ૧૨/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૪/૮/૨૫ના ૪.૦૦ થી ૫:૩૦. પાંજીવાડી, કાંજુરમાર્ગ ઈસ્ટ.

### કચ્છી લોહાણા

કચ્છ ગામ તેરા હાલે મુલુંડ, સ્વ. વીણાબેન અને સ્વ. મંગલદાસ નારાયણદાસ આઇયાના સુપુત્ર ચેતન (ઉં.વ. ૫૪) તે વિજયાબેન વિજયભાઇ વિઠ્ઠલદાસ કોટક (ગઢશીશા)ના જમાઇ. પુનમબેનના પતિ. યશ અને જાહ્નવીના પિતા. આશિષ અને દિક્ષા ધર્મેશ ચોથાણીના ભાઇ. જીજ્ઞાબેનના જેઠ, તા. ૧૧/૮/૨૫ના શ્રી રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી લોહાણા

મૂળ ગામ ગારીયાધાર હાલ કલ્યાણ, જગદીશભાઈ ચત્રભુજ રેલીયા (ઉં.વ. ૭૩) તા. ૧૧/૮/૨૫ ને સોમવાર શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. સ્વ. મનહરભાઈ, ઉષાકાંતભાઈ, સ્વ. રમેશભાઈ, તનસુખભાઈ, અ. સૌ. ઈલાબેન કિશોરભાઈ પાબારી, ગં. સ્વ. ભાનુબેન દેવરામ સાદરાણીના ભાઈ. અ. સૌ. ભાવિકા, અ. સૌ. ફોરમ અને નીરવના પપ્પા. સ્વ. કાંતાબેન તથા સ્વ. ચંદ્રભુજ વનમાળીદાસ રેલીયાના પુત્ર. ચિંતન તન્ના, મિતેશ પંચમતીયા, અ. સૌ. સોનલના સસરા. સ્વ. વનમાળીદાસ મનજી જોબનપુત્રાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક પ્રથા બંધ છે.

### અનાવીલ બ્રાહ્મણ

ઉંટડી નિવાસી હાલ ગોરેગામ સ્વ. ગજાનંદભાઈ બાપુભાઈ દેસાઈ તથા સ્વ. સુનીલાબેન દેસાઈના સુપુત્ર દિલીપભાઈ દેસાઈ (ઉં.વ. ૭૭) તા. ૧૦-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા. તેઓ રામપુરા જાકોડા નિવાસી સ્વ. બાબુલાલ મણીલાલ મેહતાના જમાઈ. શ્રીમતી ભારતીબેનના પતિ. શ્રી નિખિલના પિતા તથા લક્ષ્મીના સસરા. વાણી ત્યાં વિહાનના દાદા. સ્વ. સરોજબેન જગદીશભાઈ, નીતાબેન, હરેન્દ્રભાઈ, જ્યોત્સનાબેનના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ૩૦૪ દિવાપ્રભુ રેસિડન્સી પ્લોટ ૨૪૯ જવાહર રોડ - ૧૫ ગોરેગામ વેસ્ટ.

### દશા સોરઠીયા વણીક

હાલ કાંદિવલી નિવાસી સ્વ. પ્રભાબેન કપુરચંદ શેઠના પુત્ર નવીનચંદ્ર શેઠ (ઉં.વ. ૭૮) તે દીનાબેનના પતિ. સ્વ. તારાબેન અમૃતલાલ દુર્લભજી ધોળકિયાના જમાઈ. સરયુબેન વિનયકુમાર શાહ, ઇલાબેન પ્રવિણચંદ શાહ, નિતિન, અમૃતલાલ ધોળકિયાના બનેવી. તા. ૧૦-૮-૨૫ને રવિવાર શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી-૨૧૨ કાણકિયા પાર્ક ૨, ઠાકુર કોમ્પ્લેક્ષ કાંદિવલી ઈસ્ટ.

### પરજીયા સોની

ટાણાવરલવાળા હાલ કાંદિવલી, ગં. સ્વ. નિર્મળાબેન ચીમનભાઈ જિણાદરા (ઉં.વ. ૮૮) શનિવાર, તા. ૯/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચીમનભાઈ રામજીભાઈ જિણાદરાના ધર્મપત્ની. સ્વ. હર્ષાબેન, ઘનશ્યામભાઈ તથા હિતેશભાઈના માતુશ્રી. ગીતાબેન ઘનશ્યામભાઈના સાસુ. અનિકેત, ધ્રુવના દાદી. કાંતિભાઈ બચુભાઈ જગડા (લાઠીવાળા)ના દીકરી. પ્રાર્થનાસભા ૧૪/૮/૨૫ના ગુરૂવારે ૫-૦૦ થી ૬-૦૦. અદાણીની સામે, વાડી, શિંપોલી રોડ, બોરીવલી પશ્ચિમ.


# પાયદસ્ત

નોઝર ફિરોઝ મુકાદમ તે એમીના ધણી. તે મરહૂમો દીનુ ફિરોઝ મુકાદમના દીકરા. તે તેસ્તરના ભાઈ. તે મરહૂમો દોલત તથા હીરાજી વરીઆવાના જમાઈ. તે યાસ્મીન તેસ્તર મુકાદમના જેઠ. તે વિઝેહના કાકા. (ઉં.વ. ૭૩) રે.ઠે.: નીલકમલ બિલ્ડિંગ, બીજે માળે, ફ્લેટ નં. ૯, ૭/૭એ પ્રોક્તર રોડ, ગ્રાન્ડ રોડ, મસ્જિદ આગળ, મુંબઈ-૪૦૦૦૦૭. પાયદસ્ત: તા. ૧૪-૦૮-૨૦૨૫ને દિને સવારે ૯.૩૦ ઉપરની બેનેટ ન પ્ર. ડુંગરવાડી. ઉઠમણાની ક્રિયા: તા. ૧૫-૦૮-૨૦૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે મઝગાવ પટેલ અગ્યારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# હું ઘરનો મોટો દીકરો નથી તો શું થયું? ઘરની મોટી દીકરી પણ કેમ કમાઈ ન શકે?

(ભાગ: ૧)

**નામ: ગીતા બાલી**
સમય: ૧૮ જાન્યુઆરી, ૧૯૬૫
સ્થળ: મુંબઈ
ઉંમર: ૩૪ વર્ષ

છેલ્લા ૧૦ દિવસથી હોસ્પિટલમાં એકલી સૂતી છું. ચેપી રોગની હોસ્પિટલમાં અન્ય કોઈને દાખલ થવા દેતા નથી. શમ્મી દિવસમાં એક વાર આવે છે ત્યારે એમને થોડીક વાર માટે અંદર આવવા દે છે, પરંતુ મારા દીકરા આદિત્ય અને કંચનને અંદર આવવા દેતા નથી. મેં શમ્મીને કહ્યું છે... મને ઘરે જવું છે. ડોક્ટર્સ મને કહેતા નથી, પણ હું જાણું છું કે હવે મારી પાસે બહુ સમય નથી. કોમ્પ્લિકેશન્સ વધતા જાય છે, મારી તબિયત બગડી રહી છે. મૃત્યુનો ભય નથી મને, મારાં સંતાનોની ચિંતા છે. આદિત્ય હજી ૧૦ વર્ષનો છે અને કંચન હજી ૪ વર્ષની છે. શમ્મીને તો જાતે કોઈ ચીજનું ધ્યાન રાખતા નથી આવડતું...બસ! એટલી જ ચિંતા છે.

ગઈકાલે શમ્મી મળવા આવ્યા ત્યારે દૂર ઊભા ઊભા રડતાં હતા. મને તો સ્પર્શ પણ કરી શકે એમ નથી, શીતળાની બીમારી ભયાનક ચેપી છે. નવાઈની વાત એ છે કે, ભારતમાં હજી સુધી શીતળાના રોગની નાબૂદી થઈ શકી નથી. જન્મ લેતા દરેક બાળકને શીતળાની રસી આપવામાં આવે છે, પરંતુ હું જ્યારે જન્મી ત્યારે આવી રસી કે રોગો વિશે કોઈ જાણકારી ભારતમાં હતી જ નહીં. પરાધીન દેશમાં શિક્ષણનો અભાવ હતો અને એમાંય પંજાબના ગામડાંઓ તો સ્વાતંત્ર્યસેનાનીઓથી ઉભરાતા હતા. મહાત્મા ગાંધી આફ્રિકાથી ભારત આવ્યા, એ પછી સ્વતંત્રતાના આંદોલનમાં પ્રાણ ફૂંકાયો. ૧૯૩૦માં દાંડી સત્યાગ્રહ થયો. લોકો ઘવાયા ને મહાત્મા જેલમાં ગયા... મારી મા કહેતી કે, રેડિયો ઉપર દાંડીના સમાચાર આવતા, ત્યારે હું સાવ નાનકડી, ઘોડિયામાં સૂતી હતી. પંજાબમાં આમ પણ શિક્ષણ વિશે બહુ જાગૃતિ નહોતી, સ્ત્રીઓને ભણાવવાનો તો રિવાજ જ નહોતો એટલે મારી માને મારી જન્મતારીખ પણ પાકી યાદ નહોતી. મારા પિતા પંડિત કરતારસિંહ ગુરૂદ્વારામાં કીર્તન કરતા. મારી મા એક સીધી-સાદી પંજાબી ગૃહિણી હતી. મારો જન્મ થયો ત્યારે મારું નામ હરકીર્તન પાડવામાં આવ્યું. મારી એક બહેન હરદર્શન અને ભાઈ દિગ્વિજય મારા પછી જન્મ્યાં.

એક સીધા-સાદા, ગરીબ કહી શકાય એવા મોહિયાલ બ્રાહ્મણ પંજાબી પરિવારમાં બિજી (મારા દાદી), દારજી (મારા દાદાજી), મારા પિતા, મારી મા અને અમે ત્રણ ભાઈ-બહેનો એક ઘરમાં રહેતાં હતાં. હું લગભગ ૧૨ વર્ષની હતી ત્યારે ૧૯૪૨ની ચળવળ શરૂ થઈ. પંજાબના ઘર-ઘરમાંથી સ્વાતંત્ર્ય સૈનિકો બહાર પડ્યા. એમાં એક મારા કાકા પણ હતા. ગિરીજાસિંહ-મારા કાકા પકડાયા. એમને જેલમાં નાખવામાં આવ્યા. બ્રિટીશ પોલીસ અમને હેરાન કરતી. અમારા ઘરમાં અવારનવાર છાપો પાડવામાં આવતો, જેનાથી મારી મા કંટાળી. બે દીકરીઓ જુવાન થઈ રહી હતી. એમની સાથે આ પ્રકારની પરિસ્થિતિમાં રહેવું લગભગ અસંભવ હતું. નવાઈની વાત એ હતી કે, બ્રિટિશ પોલીસના એ સૈનિકો મૂળ પંજાબી હતા! એમાંના કેટલાંક તો મારા પિતાના મિત્રો હતા... પરંતુ, બ્રિટિશ હકૂમતને ખુશ કરવાના ચક્કરમાં પંજાબી-શીખ સ્વાતંત્ર્યસેનાનીઓને હેરાન કરવામાં આ દેશદ્રોહીઓ મજા લેતા! મારી મા અને પિતાએ અમૃતસરની નજીક આવેલું અમારું એ ગામ-પિંડ, છોડીને ક્યાંક બીજે વસવાનું નક્કી કર્યું. દારજી અને બિજીએ મારા કાકાની પ્રતીક્ષામાં ગામમાં રહેવાનો નિર્ણય કર્યો. અમે મુંબઈ આવ્યા. હું, મારા પિતા, મારી મા અને મારી બહેન હરદર્શન અને ભાઈ દિગ્વિજય. પરિવારમાં હું સૌથી મોટી, બે ભાઈ-બહેનને સાચવવાની જવાબદારી મારી હતી. મારી મા સિવણકામ કરતી. પિતા એક દુકાનમાં નોકરી કરતા છતાં, પરિવારનું પૂરું થતું નહીં. મારી સ્કૂલ બંધ કરવામાં આવી. હરદર્શન હજી સ્કૂલે જતી હતી ને દિગ્વિજયને તો ભણાવવો જ પડે, કારણ કે આવનારાં વર્ષોમાં એ જ પરિવારનું પૂરું કરશે. અમે તો પરણીને બીજા ઘેર જતા રહીશું એવું મારા પિતા વારંવાર કહ્યા કરતા. એક-બે વાર મેં મારા પિતાને કહેતાં સાંભળ્યા, 'હરકીર્તનને બદલે જો મોટો દીકરો હોત તો આજે ખભેખભા મિલાવીને મારી સાથે કામ કરતો હોત. આ ઘરની આર્થિક મદદ થઈ જાત...' મને આ સાંભળીને ખૂબ દુઃખ થયું. મેં નક્કી કરી લીધું કે, હું જ મારા પરિવારનો દીકરો બનીશ.

અમે જે ચાલીમાં રહેતા હતા ત્યાં કેટલીકવાર હું કાજળથી મૂંછો બનાવીને, પાઘડી બાંધીને લાલા બનતી, તો ક્યારેક માનો દુપટ્ટો ઓઢીને રાજકુમારી બનતી. નૂરજહાં, શમિમ કમાલ, નિર્મલાદેવી જેવી અભિનેત્રીઓના ગીતોની આબાદ કોપી કરતી... 'યે દુનિયા... યે દુનિયા તુફાન મેલ...' મારું ફેવરિટ ગીત હતું! અમારી ચાલીમાં પ્રભાત ટોકીઝના એક કર્મચારી રહેતા, એમને મળવા અભિનેત્રી મીના શૌરીના પતિ રૂપ શૌરી આવતા. જે નિર્માતા અને નિર્દેશક હતા.

મીના શૌરી એક પ્રસિદ્ધ અભિનેત્રી હતી. જેણે રૂપ શૌરીની પહેલાં ત્રણ લગ્ન કર્યા હતાં... એ ખૂબ ચર્ચિત અભિનેત્રી હતાં અને બિન્દાસ જીવન જીવતાં. એ સમયે મીના શૌરીના ચોથા પતિ રૂપ શૌરીએ મારા પિતાને પૂછ્યું કે, એ મને ફિલ્મોમાં કામ કરવા દેશે કે નહીં પહેલાં તો મારા પિતાએ સ્પષ્ટ ના પાડી કારણ કે, એ જમાનામાં છોકરીઓ ફિલ્મોમાં કામ કરે એ વિચાર જ એક બ્રાહ્મણ કીર્તનકારના પરિવાર માટે અસ્વીકાર્ય હતો, પરંતુ રૂપ શૌરીએ મારા પિતાને સમજાવ્યા, ઘરમાં પૈસાની જરૂર તો હતી જ... અને મેં, એક દિવસ સાંભળેલી વાતની દુહાઈ આપીને મારા પિતાને કહ્યું, 'હું ઘરનો મોટો દીકરો નથી તો શું થયું? ઘરની મોટી દીકરી પણ કમાઈ શકે. મારા ભાઈ-બહેન મારી જવાબદારી છે. આજથી તમે ચિંતા છોડી દો.' આર.કે. શૌરીની એ ફિલ્મ 'કોબ્લર'માં મેં પહેલીવાર કામ કર્યું. એક જૂતા બનાવનાર માણસ અમુક પ્રકારના જૂતા બનાવીને પોતાના ગ્રાહકોનું નસીબ બદલી નાખે છે એવી કોમેડી કથા ઉપર આધારિત આ ફિલ્મ લોકોને ગમી. એ પછી મને બોમ્બે ટોકીઝમાંથી દેવિકા રાણીનો ફોન આવ્યો. એમને બોમ્બે ટોકીઝની એક ફિલ્મ માટે બાળ કલાકારની જરૂર હતી. ૧૨ વર્ષની ઉંમરે મેં ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. ઘરમાં આવક આવવા લાગી અને મારા પિતાને થોડી રાહતનો અનુભવ થયો. જોકે, એમણે કદાચ મનોમન એવું નક્કી કર્યું હતું કે, બાળકી તરીકે મને કામ કરવા દેશે, પરંતુ જ્યારે થોડી મોટી થઈશ-યુવાન થઈશ ત્યારે એ ફિલ્મોમાં કામ કરાવવાનું બંધ કરાવી દેશે. જોકે, એવું થઈ શક્યું નહીં...

હું લગભગ ૧૭ વર્ષની હતી ત્યારે ઓરિએન્ટલ સિનેમા તરફથી 'સુહાગ રાત' નામની એક ફિલ્મની ઓફર આવી. કેદાર શર્મા ત્યારે પ્રસિદ્ધ દિગ્દર્શક હતા. એમણે બાળ કલાકાર તરીકે મારી ફિલ્મો જોઈ હતી. ભારત ભૂષણ અને બેગમ પારાની સાથે મારો મુખ્ય રોલ હતો. એ સમયે એમણે અમને સાડા ત્રણસો રૂપિયાની ઓફર આપી. મારા પિતા માટે આ બહુ મોટી રકમ હતી. એ 'ના' ન પાડી શક્યા... કેદાર શર્માએ કહ્યું કે, બાળકી તરીકે હરકીર્તન નામ બરાબર હતું, પરંતુ હીરોઈન તરીકે હરકીર્તન જરા અઘરું નામ છે, છોકરાના નામ જેવું લાગે છે. એમણે ઘણું વિચારીને મારું નામ 'ગીતા' સજેસ્ટ કર્યું. એમને ભગવદ્ ગીતામાં બહુ શ્રદ્ધા હતી. મોહિયાલ બ્રાહ્મણોમાં બાલી સરનેમ બહુ કોમન અને જાણીતી હતી એટલે હરકીર્તન મોહિયાલમાંથી મારું નામ ગીતા બાલી કરવામાં આવ્યું.

'સુહાગ રાત' ૨૫ જૂન ૧૯૪૮ના રોજ મુંબઈના એક્સેલસિયર અને લેમિંગ્ટન સિનેમામાં રિલીઝ થઈ હતી, અને ૧૯૪૮ની સાતમી સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ પુરવાર થઈ. ફિલ્મ ઈન્ડિયાના ઓગસ્ટ ૧૯૪૮ના અંકમાં ફિલ્મની સમીક્ષા કરતાં બાબુરાવ પટેલ નામના એક પત્રકારે એ ફિલ્મને 'ગીતા બાલીની સુહાગ રાત' તરીકે ઓળખાણ આપીને રાતોરાત મને પ્રસિદ્ધ કરી દીધી! હવે અટકી શકાય એવું નહોતું. ઘરમાં સારા એવા પૈસા આવવા લાગ્યા હતા અને મને પણ કામ કરવાનું ગમવા લાગ્યું હતું. ૧૯૪૮થી ૧૯૫૦ સુધીમાં મેં ચાર ફિલ્મો કરી. અમે મોટા ઘરમાં શિફ્ટ થયા. મારી બહેનને સારી સ્કૂલમાં દાખલ કરવામાં આવી. દિગ્વિજય અંગ્રેજી મીડિયમમાં જવા લાગ્યો...

મને પણ સંતોષ હતો કે, હું ઘરની મોટી દીકરી નહીં, પણ ઘરનો મોટો દીકરો પુરવાર થઈ હતી. (ક્રમશઃ)■


લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com


# મને એ જ સમજાતું નથી કે...




સમગ્ર માણસ જાતને એ જ સમજાતું નથી કે ભગવાન આવું કેમ કરે છે! માંડ માંડ વજન ઉતારીને શરીર સુડોળ કર્યું હોય, ત્યાં માથેથી વાળ ઊતરવા માંડે. શરીર ઉતારવા જીમ, યોગા, ડાયટ અને ભૂખમરો વેઠીને માંડ અરીસા સામે ઊભા રહ્યાં ત્યારે જોયું કે માથાની ઉપર ફરફરતા રેશમી વાળ, ગાલ ઉપર લહેરાતી લટો અને કેડ સમાણા લટકતા મખમલી લીસ્સા વાળ તો હવા થઈ ગયા! જે લટ ઉપર આશિકો કવિતા લખતા હતા એ હવે સામે મળ્યે રસ્તો જ બદલી નાખે છે.

'આમ તો જીવનમાં ભલા કોઈ સુખી નથી. રાજા રામ - સીતાથી લઈને આપણા સહુ સુધી... કહો, કોણ સુખી છે?' એમ હાથ જોનારા જ્યોતિષી આશ્વાસન આપીને પોતાનાં ખિસ્સાનું વજન વધારી લેતા હોય છે. અમને આવું આશ્વાસન આપનારા એક જ્યોતિષીને ધારીને જોતાં બ્રહ્મજ્ઞાન લાધ્યું કે આવું જ્ઞાન આપનારા જ્યોતિષાચાર્ય પણ વજન અને વાળ બંનેથી ભારે વ્યથિત લાગે છે.

વજન અને વાળની સમસ્યાથી ત્રાહિમામ ઘણા મિત્રો વ્હોટ્સ એપ નામની વિદ્યાલયમાં પોતાના અનુભવ વહેંચીને પોતાનો બળાપો ઓછો કરી લે છે. નવીનભાઈએ પોતાનો અનુભવ વહેંચતાં લખ્યું:

'મિત્રો, મારી પત્નીનું વજન એટલું વધી ગયું કે એને ડાયટ કરવા ડોક્ટરે કહ્યું. થોડે થોડે દિવસે ઑનલાઇન ડાયટ પ્લાન આવતો જાય અને અમારી સુધા એની ક્ષુધાને દબાવીને સૂપ અને સલાડ ખાવા લાગી. દર વખતનો ચાર્જ પાંચ હજાર! થયું એવું કે દસ હજાર ખર્ચાયા પછી મેં જોયું કે સુધા તો હજી ગોળમટોળ જ છે અને હું, કે જેણે પાંચ હજાર ખર્ચેલા, એણે આઠ કિલો વજન સૂપ - સલાડ ખાઈને ગુમાવ્યું છે!'

'મને સૂપ - સલાડથી અશક્તિ લાગે છે. મારાથી નહીં રંધાશે. તમે પણ સૂપ - સલાડ, નહીંતર ચા - બ્રેડથી ચલાવી લ્યો ને.' મારો કડવો અનુભવ શેર કરું છું. તો મિત્રો, આવાં ગતકડાં જેવા પ્રયોગો કરીને લૂંટાશો નહીં.'

હજી એક અનુભવ વ્હોટ્સ એપ ઉપર આવ્યો એટલે તરત બીજો રામભાઈનો આવ્યો :

'અરે! તમે વજન ઉતારવામાં લૂંટાયા, તો અમે વાળ વધારવાની લ્હાયમાં લૂંટાયા! જંગલની જડીબુટ્ટીનું તેલ એક મોટો બાટલો, સાથે શેમ્પૂ અને સાથે મહેંદીનું આખું પેકેજ મંગાવ્યું. ઑનલાઇન પાંચ હજાર ભરી દીધા. (ફુલ ગેરંટી સાથે!) 'કુરિયર આજે આવશે... કાલે આવશે...' કરતા રહી ગયાં. ચિંતામાં ને ચિંતામાં, હતા એટલા વાળ પણ ઊતરી ગયા. પણ હજી સુધી તેલ કે શેમ્પૂ આવ્યાં નથી! માટે આવાં ગતકડાંમાં પડશો નહીં.'

હજી આ અનુભવ ઉપર મનોમંથન કરીને રમેશભાઈ પરવાર્યા, ત્યાં ત્રીજો મેસેજ આવ્યો :

'હું ઍપાર્ટમેન્ટના અગિયારમા માળે હમણાં જ રહેવા આવ્યો છું. મેં મારે માથે ઘટાદાર વાળ આવે એ આશાએ ફેસબુક ઉપરની કંઈ કેટલીય રેમેડી અજમાવી, પણ આખરે અમિતાભ બચ્ચનની વિગ બનાવનાર એક નામાંકિત મુંબઈના હેર કટિંગ સલૂનમાં મારી વિગ બનાવવાનો ઑર્ડર આપ્યો. મારા દરેક ઍંગલના માથાના ફોટા એણે મંગાવ્યા. મારું ઍડ્રેસ, ફોન નંબર વગેરે... વગેરે... બધી જ નાનામાં નાની વિગતો મંગાવી. અમિતાભ જેવા જ મુલાયમ વાળની વિગના એક લાખ રૂપિયા નક્કી થયા. (નહીં ગમે તો પછી બીજી વિગ બનાવી આપવાની શરતે.) બેન્ક દ્વારા વહીવટ શરૂ શું કર્યો ત્યાં ધડાધડ બેન્કમાંથી પાંચ લાખ રૂપિયા ઊડી ગયા! આજની ઘડી ને કાલનો દહાડો. મેં મારું મોઢું અરીસામાં જોવાનું બંધ કરી દીધું છે અને મારો હાથ માથે ફેરવવાનો પણ બંધ કરી દીધો છે.'

આ વાંચીને રમાબહેન તાડૂક્યાં : 'જોયું ને? તમે વિગ બનાવવાનાં ગતકડાં કરવાનું સપનામાં પણ વિચારશો નહીં.'

-અને નવીનભાઈ ઓર જોરથી તાડૂક્યા: 'અને તું શરીર ઉતારવા કેટલા વેડફી ચૂકી છે એનો હિસાબ જરા કરી જો. કેટલા ડોક્ટર બદલ્યા, કેટલા જીમમાં ભર્યા, કેટલા માલિશ કરનારી લઈ ગઈ, કેટલા ફ્રૂટ ને સૂપ કરવામાં વાપર્યા, તેનો હિસાબ મારે પણ લેવો પડશે....જો, સામે રહેતાં રૂપાબહેન કેવાં રૂપાળાં છે! ઓછું ખાવાનું, ઓછું બોલવાનું, નિયમિત વોકિંગ કરવાનું રાખ્યું છે, એટલે એકસરખું શરીર. અને તેં તો...'

'બસ, બસ હવે... બહુ બોલ્યા... હવે સાવ ચૂપ! તો સાંભળો. રૂપાબહેનનો હસબન્ડ કેવો સ્માર્ટ, કેવો હેન્ડસમ! એકસરખો ઊંચો, પાતળો અને ચાલ તો અમિતાભ જેવી! ને ઉપરથી હસતો ને હસતો... આવતાં જતાં મને પણ કેટલા પ્રેમથી બોલાવે છે! જ્યારે તમે? દિવેલ પીધેલ મ્હોં રાખવાનું. સામે મળો તો કોઈનોય દિવસ બગડી જાય... ઉપરથી ઉપલા માળે જાતજાતનાં તેલ નાખીને કેટલા બગાડ્યા, તેનો હિસાબ મૂક્યો છે ખરો?'


ત્યાં એક મેસેજ આવ્યો... બંનેએ વાંચ્યો :

'જીવનમાં દરેકને બીજાની વસ્તુ હંમેશાં સુંદર લાગે છે. જેમ કે બીજાનું ઘર, કાર, છોકરાં, પતિ - પત્ની વગેરે... પણ એ ભૂલશો નહીં કે જે આપણી સામે અને સાથે છે એ જ આપણું છે. એ જ બેસ્ટ છે એમ માનીને એની સાથે જ વફાદારી રાખવી, નહીંતર બાવા- બાવીની બેઉ બગડશે એ નક્કી છે.!

લિ. સત્યાનંદ બાબા. ■


ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com


# હકીકત ને કલ્પના વચ્ચે છે કેટલું અંતર?



ટિક.. ટિક.. ટિક...

અચાનક તંદ્રામાંથી જાગેલી તૃષાના કાને વેઈટિંગ રૂમની ઘડિયાળનો અવાજ અથડાયો. સતર વર્ષની તૃષા કંઈક અસહજ રીતે ઉભડક બેસેલી. ચોતરફ એની નજર, માત્ર એ ચકાસવા ફરી કે કોઈ જાણીતું અહીં આવી તો નથી ચડ્યું ને!-પણ, અહીં તૃષાએ આમ ચોરી-છૂપી શા માટે આવવું પડે ને એ પણ વળી સાયકિયાટ્રિકની ક્લીનિકમાં...? આ પ્રશ્ન કન્સલ્ટિંગ રૂમમાં બેસેલા ડો. મહેતાને પણ થયો.

વાત જાણે એમ હતી કે તરુણાવસ્થાને આરે પહોંચતા તૃષાએ મનોમન કાલ્પનિક મિત્ર બનાવેલો. નામ એનું ઋતુલ. એ મિત્ર સાથે પોતે એટલી તો ખુશ રહેવા લાગી કે, એને થયું આ ખુશી કોઈ સાથે વહેંચવી બહુ જરૂરી છે માટે એક પ્રકારે જૂઠ્ઠાણાનું જાળું પોતાની આસપાસ રચતી ચાલી. પોતાના જીવનમાં કોઈ વ્યક્તિ એવી છે કે જે એની લાગણીની દરેક જરૂરિયાતો પૂરી કરે છે. એવા આભાસમાં તૃષા ખોવાતી ગઈ, પણ એમ એની આસપાસની દુનિયા ઓછી કાલ્પનિક હતી! કલ્પનામાં ઘડેલા મિત્રને દુનિયા સમક્ષ લાવવાની ઘેલછા થકી તૃષાના જીવનમાં રકાસ ઊભો થયો. એ બધી વાત એણે ડો. મહેતા પાસે માંડીને કરી. જવાબમાં ડો.મહેતાનું વર્તન એને વિચિત્ર લાગ્યું : ના કોઈ કાઉન્ટર સવાલ- ના કોઈ સલાહ- ના કોઈ હાવભાવમાં ફર્ક કે ના કોઈ સાંત્વના....

આમ તો અહીં આવવાનું પોતે જ નક્કી કરેલું, પણ કોણ જાણે કેમ તૃષાને ના સંતોષ વળ્યો- ના સમાધાન મળ્યું. મુખ્ય કારણ તો એ કે સાયકિયાટ્રિક પ્રેક્ટિસ મોટાભાગે દવાઓ પર ચાલતી હોય. તૃષાની ઈમેજીનેશન દ્વારા રચાયેલા મિત્રની વાત સાંભળી ડો.મહેતાએ એને 'ડિસોસિએટિવ ડિસઓર્ડર' જેવું નામ આપી પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું.

હવે અહીં તો દવા ચાલુ કરવાનો સવાલ જ નહોતો. એક તો તૃષા પાસે પૂરતાં પૈસા નહોતા ને બીજું હોસ્ટેલની હાથખર્ચી બહુ લિમિટેડ રહેતી. વધુ પૈસા માટે મા-બાપને આ વાતની જાણ કરવામાં તો તૃષાબેન ધ્રુજી ઊઠતાં. એને ખ્યાલ હતો કે, પપ્પા કદાચ ઢીલ મૂકે, પણ મમ્મી તો સીધી બાવડું ઝાલીને ઘેર પાછી ના લઈ જાય તો જ નવાઈ.

હવે શું કરું? એ ફરી મૂંઝાઈ. મૂંઝવણ થાય એટલે એને તુરંત ઋતુલ યાદ આવે. એકલી બેસી વિચારે. જાતને પ્રશ્નો કરે :

'ઋતુલ હકીકતમાં તું કેમ નથી?' એવું પૂછી બેસે. જોકે આ પ્રશ્નનો જવાબ એને ક્યાંયથી ના મળે. વારંવાર પૂછ્યા પછી પણ એનું મન કોઈ જવાબ આપી શકે નહીં એવી હાલતમાં અંતે તૃષાએ પોતાની જાતે તોડ કાઢ્યો. ફ્રેન્ડ્સ પાસે કબૂલી લીધું કે, 'ઋતુલ જેવો કોઈ છોકરો હકીકતમાં છે નહીં... એ માત્ર પોતાને અન્યોથી અલગ જતાવવા-દર્શાવવા જુઠ્ઠુ બોલતી હતી...'

હા, ઋતુલ એનો ઈમેજીનરી ફ્રેન્ડ છે એ વાત પોતે ધરાર ગળી ગઈ. એની હોસ્ટેલ મેટ્સે ભેગા મળી થોડા દિવસ પીઠ પાછળ બિચિંગ કર્યું. અમુક મોઢેમોઢ સંભળાવી ગયા તો અમુકે જ્ઞાનની સરવાણી વહાવી. થોડા દિવસોમાં લગભગ બધું થાળે પડી ગયું.

તૃષાના વાસ્તવિક દુનિયા તરફ જે ડગ મંડાયા હતા એ ફટાક દઈને જાણે પાછા ખેંચાય ગયા. હવે તૃષા સાવધ થઈ ગઈ. જ્યાં-ત્યાં ઋતુલની વાતો કરવામાં એ ધ્યાન રાખતી. કોઈ સાંભળવા માટે શ્રોતા મળે જાહેર નહીં પણ ખાનગીમાં ગુસપુસ કરતી. સામેવાળાને વિશ્વાસમાં લઈ પોતાની અને ઋતુલની વાતો કરી પોરસાતી. વળી, છેલ્લે ટપકું પણ મુકી દેતી કે 'જો, જો હોં કોઈને કહેતા નહીં. ધીસ ઈઝ, સ્ટ્રીક્ટલી બિટવીન યુ એન્ડ મી!' ■

આમ એક તરફ ઋતુલનો આભાસી સાથ માણતી તૃષાની ટીનએજ હવે અંતિમ તબક્કામાં હતી. તો બીજી તરફ યુવાની તૃષાના દરવાજે દસ્તક દેતી ઊભેલી. રોમેન્ટિક ફિલ્મોની શોખીન તૃષાને એક દિવસ નવો વિચાર સ્ફૂર્યો : 'સાચે જ કોઈ ઋતુલ જેવો છોકરો મળે તો અબઘડી પરણી જઉં...!'

તૃષાની નિર્દોષ કાલપનિક મિત્રતામાં હવે પ્રેમનો રંગ ભળ્યો. ઋતુલમાં એને આદર્શ પ્રેમી દેખાયો. તૃષાને ગમે એવો. સ્વભાવમાં એને વફાદાર, દેખાવમાં હેન્ડસમ, સોશ્યલી સ્ટેબલ, સતત સાથ આપતો, સંભાળ રાખતો, મિત્રો-સ્નેહીજનોમાં લોકપ્રિય અને છોકરીઓનો હાર્ટથ્રોબ ને ટીચર્સનો વ્હાલો.... આમ કોઈને પહેલી જ નજરે ગમી જાય એવો ફૂટડો યુવા. જેના માટે તૃષાથી વિશેષ આ દુનિયામાં કંઈ નથી-ન હોય!

પોતે જે કોઈ પુસ્તક વાંચે, ટેલીવિઝન કે સિનેમા જુએ, ગીતો સાંભળે એ બધાંમાં આવતાં પુરુષ પાત્રોમાંથી એને ગમતા કેરેક્ટરિસ્ટિક લઈ એણે ઋતુલનું નવસર્જન કર્યું. રોજ રાત્રે સૂતા પહેલા આંખ મીંચી એ સપનાઓ જોતી. રીતસર પોતાને ગમતી ઘટનાઓ મનમાં મમળાવી એ બંધ આંખે મેઘધનૂષી દ્રશ્યો રચતી. આમને આમ, તરુણાવસ્થાની શરૂઆતમાં તૃષાએ સ્થાપેલો સંબંધ હદ વળોટી ગયો. બાળકો મનમાં ગમતા વ્યક્તિની ઈમેજ રચે, એ મોટાભાગે સામાન્ય ગણાય છે. ઉંમર વધતાં એ મેમરીમાંથી ભૂંસાતું ચાલે. આમ તો બાળપણ તેમ જ કિશોરાવસ્થા દરમિયાન ઈમોશનલ સપોર્ટ આપતું આભાસી માણસ આપણી 'સેફ સ્પેસ' ગણાય. જાણે જાતને એકાંતમાં અભિવ્યક્ત કરવાનો છાનો ખૂણો. ના સમજાતી પરિસ્થિતિઓ સામે ઝઝૂમવા માટેનો ટેકો. અમુક વખતે વ્યક્તિત્વ વિકાસમાં પણ આગળ પડતો ભાગ ભજવે.

તૃષા માફક અનેક તરુણો આવી દોસ્તી આજીવન નિભાવી જાણતા હોય છે. કોઈને ખ્યાલ પણ આવવા નથી દેતાં કે એમના મનમાં શું ચાલી રહ્યું છે. આભાસી વ્યક્તિનો સાથ તરુણ જીવનનું એક એવું પાસું છે જે ક્યારેય કોઈ પાસે ઉજાગર નથી થતું.

જોકે, તરુણાવસ્થા દરમિયાન ઊભી થયેલી આ માનસિકતા જો તૃષા માફક યુવાનીમાં પણ સાથ ના છોડે તો શું કરવું?

અહીં તૃષાના મનમાં ફરી એકવાર કલ્પના અને હકીકત વચ્ચેનું અંતર ભૂંસાતુ ગયું. કોઈપણ પરિસ્થિતિ સામે ઢાલ - તૃષાનું 'કોપિંગ મિકેનિઝમ' એટલે ઋતુલ. અંતે તૃષાએ મનમાં ગાંઠ વાળી કે, હવે કોઈપણ ભોગે ઋતુલ જેવો છોકરો શોધી લેવો, પણ શું એવું શક્ય છે ખરું? આનો જવાબ ના તૃષા પાસે હતો, ના એના મન પાસે અને ના દુનિયાની કોઈ વ્યક્તિ પાસે. હતો તો માત્ર એની ડેસ્ટિની-ભાગ્ય પાસે, જેની માત્ર રાહ જોવી રહી...

# કેવું બોટમ પસંદ કરશો?

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



**બોટમ** એટલે કુર્તાની નીચે પહેરવામાં આવતુ વસ્ત્ર. આમાં ઘણા પ્રકાર આવે છે જેમકે, સલવાર, ચુડીદાર, પેન્ટ, પ્લાઝો વગેરે. આજે આપણે પેન્ટ અને પ્લાઝોની વાત કરીએ. આમાં પણ ઘણા વેરીએશન આવે છે. ચાલો જાણીએ પેન્ટ કે પ્લાઝોની પસંદગી કઈ રીતે કરી શકાય.

પેન્ટ એટલે, જે સ્ટ્રેટ ફીટિંગમાં હોય અથવા પગનો જે શેપ હોય તે ફીટિંગમાં હોય તેને પેન્ટ કહેવાય. પ્લાઝો એટલે કે જે કમર પર માપ હોય તે જ માપ નીચે સુધી હોય, એટલે કે જોવામાં ખૂબ જ પહોળા લાગે છે. આમાં પણ વેરીએશન આવે છે જેમકે, વધારે ઘેરાવાળા, જે દૂરથી જોવામાં એવું લાગે કે જાણે સ્કર્ટ પહેર્યું છે. ટોપ સાથે પેન્ટ પહેરવું કે પ્લાઝો તેની પસંદગી કરતાં આવડવું જોઈએ અથવા તો એમ પણ કહી શકાય કે, કયા ટોપ સાથે કઈ જાતનું બોટમ પહેરવું એ પણ એક આવડત છે.

ઓફિસ વેર - ઓફિસ વેર માટે કંફર્ટેબલ અને સ્ટાઈલીશ આઉટફીટ હોવા જોઈએ. કુર્તો ભલે દેશી હોય પણ જો તેની સાથે પેન્ટ પહેરવામાં આવે તો એક સ્માર્ટ લુક આપે છે. પેન્ટ કોઈ પણ ઉંમરની મહિલાઓને સારું લાગે છે. આ પેન્ટ કોટન સ્ટ્રેચેબલ ફેબ્રિકમાંથી બનેલું હોવાથી પહેર્યા પછી એક સ્લીક લુક આપે છે. કોટન પેન્ટ તમે કોઈ પણ સ્ટાઈલના ટોપ સાથે પહેરી શકો છો જેમકે, એ લાઈન કુર્તા કે પછી કલીદાર. અને મોટે ભાગે કોઈ પણ કુર્તા સાથે વાઈટ કે બ્લેક કલરનું પેન્ટ મિક્સ મેચ કરી જ શકાય છે. જેમનું શરીર સુડોળ હોય તેઓ સ્ટ્રેટ અને કલીદાર એમ બન્ને સ્ટાઈલના કુર્તા પહેરી શકે છે. જેઓનું શરીર થોડું ભરાવદાર હોય તેઓએ ખાસ કરીને પેન્ટ પહેરવા જોઈએ. પેન્ટ પહેરવાથી વધારે ભરાવદાર નહીં લગાય. પેન્ટ સાથે કલીદાર કુર્તો પહેરવો જેથી કમરની નીચેનો ભાગ કવર થઈ જાય. ઓફિસ વેર માટે પેન્ટ સાથે હીપ કવરિંગ ટોપ પણ સારા લાગશે. પેન્ટ સાથે જે કુર્તા પહેરવામાં આવે તેની સ્ટાઈલિંગ પણ થોડી જુદી હોય છે જેમકે ખાસ કરીને બંધ ગળાના કુર્તા પહેરવામાં આવે છે. પેન્ટ સાથે કુર્તાનું સિલેકશન કરતી વખતે તમારી પર્સનાલિટી અને ઉંમરને ખાસ ધ્યાનમાં રાખવી.

પ્લાઝો- પ્લાઝો એક ચોક્કસ પ્રકારની પર્સનાલિટીને જ શોભે છે. જો તમારી હાઈટ સારી હશે તો પ્લાઝો ખૂબ જ સુંદર લાગશે. પ્લાઝો પહેર્યા પછી તમારા લુકમાં એક સ્ટાઈલ ઉમેરાય છે. પ્લાઝો કોન્ટ્રાસ્ટમાં કે સેમ કલરમાં પહેરી શકાય છે. પ્લાઝોની લેન્થ ખાસ કરીને એન્કલ સુધી જ રાખવી. જ્યારે પ્લાઝોની લેન્થ એન્કલ સુધી હોય ત્યારે ગ્રેસફુલ લુક આવે છે.

પ્લાઝો પહેરવાથી થોડો બ્રોડ લુક આવે છે તેથી ઘણી મહિલાઓ પ્લાઝો પહેરવાનું ટાળે છે. પ્લાઝો સાથે બધી જ ટાઈપના ટોપ્સ પહેરી શકાય જેમકે, શોર્ટ ટોપ, હીપ લેન્થ, ની લેન્થ, કાફ લેન્થ કે પછી એંકલ લેન્થ. તમે તમારી પર્સનાલિટી મુજબ ટોપની પસંદગી કરી શકો. જો તમારું શરીર સુડોળ હોય તો પ્લાઝો સાથે શોર્ટ ટોપ પહેરી શકાય. જો તમારી હાઈટ સારી હોય તો તમે પ્લાઝો સાથે લોન્ગ ટોપ પહેરી શકો. જેટલું ટોપ લાંબું હશે તેટલો જ ગ્રેસફુલ લુક આવશે. પ્લાઝો સાથે ક્લોઝ નેકના કુર્તા પણ સારા લાગશે.

જ્યારે કોઈ અલગ લુક જોઈતો હોય ત્યારે પ્લાઝો પહેરવું જોઈએ. પ્લાઝોના ફેબ્રિકમાં ઘણી વેરાઈટી આવે છે જેમકે, રેયોન, સિલ્ક, બાટીક, ચીકન વગેરે. કોટન પ્લાઝો કેઝ્યુઅલી પહેરી શકાય. બાટીક પ્લાઝો સાથે પ્લેન ટોપ પહેરવું. જ્યારે સિલ્ક પ્લાઝો સાથે સિલ્કનું જ ટોપ પહેરી એક ફોર્મલ લુક આપી શકાય. લીનન ટોપ સાથે ચીકનનો પ્લાઝો પહેરી શકાય. રાણી ચંદેરી કુર્તા સાથે સિલ્કનો પર્પલ પ્લાઝો પહેરી શકાય.

જો તમને ફેશનની આગવી સૂઝ હોય તો તમે પેન્ટ અને પ્લાઝો સાથે મિક્સ એન્ડ મેચ કરી શકો. કોઈનું આંધળું અનુકરણ કરવું નહીં. ■

# સ્લીપવેર એ સ્કિનકેર નહીં પણ સ્વ-સંભાળ છે...

ફેશન પ્લસ
રશ્મિ શુકલ
feedback.ladki@bombaysamachar.com




હવે સ્વ-સંભાળનો અર્થ ફક્ત ત્વચા સંભાળ જ નથી, પરંતુ સારી ઊંઘ અને આરામ પણ છે અને સ્લીપવેર આમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. ચાલો જાણીએ આ નવા ટ્રેન્ડ વિશે...

જ્યારે પણ આપણે સ્વ-સંભાળ વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણા મનમાં સૌથી પહેલા જે આવે છે તે છે ચહેરાની ત્વચા, ત્વચા સંભાળની દિનચર્યા, પરંતુ હવે આ વિચારસરણીમાં પણ મોટો ફેરફાર આવ્યો છે. હવે લોકો સ્વ-સંભાળ ફક્ત ચહેરા સુધી મર્યાદિત નથી રાખતા, પરંતુ તેઓ આરામ અને માનસિક શાંતિને પણ સમાન મહત્ત્વ આપી રહ્યા છે. આમાં જે વસ્તુ ખાસ ભૂમિકા ભજવી રહી છે તે છે સ્લીપવેર. હવે સ્લીપવેરનો એક નવો ટ્રેન્ડ પણ ચાલી રહ્યો છે જે લોકોમાં ખૂબ જ લોકપ્રિય બની રહ્યો છે.

**ઊંઘ પણ એક લક્ઝરી બની રહી છે અને સ્લીપવેર તેનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે**

આજકાલ લોકો તેમની વ્યસ્ત જીવનશૈલી વચ્ચે તેમના સ્વાસ્થ્યને મહત્ત્વ આપવા લાગ્યા છે. હવે લોકો તેમના આરામની ક્ષણો પ્રત્યે વધુ ગંભીર બનવા લાગ્યા છે. આ માટે, આજકાલ લોકો સૂતી વખતે શું પહેરવું તે પણ નક્કી કરવા લાગ્યા છે. તે જ સમયે સૂતી વખતે પહેરવામાં આવતા પોશાક હવે દિવસભર પહેરવામાં આવતા પોશાક જેટલા જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આજકાલ લક્ઝરી સ્લીપવેર જે પહેલા ફક્ત શોખ તરીકે માનવામાં આવતું હતું. તે હવે એક આવશ્યક સ્વ-સંભાળ સાધન બની ગયું છે, તે ફક્ત શરીરને આરામ આપવાનું જ નહીં પરંતુ માનસિક, શારીરિક અને ભાવનાત્મક રીતે પણ રાહત આપે છે.

**સોફ્ટ નાઇટવેર હવે લોકોની પસંદગી બની રહ્યું છે, ટી-શર્ટ નહીં**

સામાન્ય રીતે મોટાભાગના લોકો રોજિંદા જીવનમાં ૭થી ૮ કલાક સૂવે છે. ઘણા લોકો જાણતા નથી, પરંતુ આ ઊંઘ દરમિયાન આપણે જે કપડાં પહેરીએ છીએ તે આપણા શરીરને અસર કરે છે. શરીર પર અસર હોવા છતાં આપણે ઘણીવાર જૂના ટી-શર્ટ અને લુઝ કપડાં પહેરીને સૂઈએ છીએ. પરંતુ નિષ્ણાતો માને છે કે જેમ ઊંઘ માટે સારું ગાદલું જરૂરી છે, તેવી જ રીતે સ્લીપવેર પહેરીને સૂવાથી આપણી ઊંઘની ગુણવત્તા વધે છે, જે આપણા શરીર માટે ખૂબ સારી છે. તે જ સમયે આપણા શરીરને સારી ઊંઘ મળે છે અને શરીર સવાર સુધી તાજગી અનુભવે છે.

**શરીરની સાથે મન માટે પણ આરામ મહત્ત્વપૂર્ણ છે**

ઘણા નિષ્ણાતોના મતે સ્લીપવેર ફક્ત આરામનો એક ભાગ નથી પરંતુ તે માનસિક આરામ પણ આપે છે. એવું માનવામાં આવે છે કે જ્યારે તમે નરમ, સારી રીતે ફિટિંગ અને સારી રીતે ડિઝાઇન કરેલા કપડાં પહેરો છો, ત્યારે તમારું મન આપમેળે આરામ કરવા લાગે છે. તે જ સમયે તે તમારા મૂડને પણ સારો બનાવે છે.

**એકલા હોવા છતાં પણ પોતાને સારું અનુભવ કરાવો**

ઘણીવાર આપણે ગમે ત્યાં બહાર જતા સારા કપડાં પહેરીએ છીએ જેથી આપણે લોકોને આપણી સાથે સારું અનુભવ કરાવી શકીએ, પરંતુ ઘર એક એવી જગ્યા છે જ્યાં તમે સૌથી વધુ રહો છો. આવી સ્થિતિમાં તમે તમારા ઘરમાં એવા કપડાં પણ પહેરી શકો છો જે તમારા વિચાર અને આત્મવિશ્વાસને અસર કરે છે. ઘરે સારા, સ્વચ્છ અને સ્ટાઇલિશ સ્લીપવેર પહેરવાનો અર્થ એ નથી કે તેને કોઈને બતાવવા પડે, પરંતુ તેને પહેરીને તમે તમારી જાતને માન આપી શકો છો, તે તમારો આત્મવિશ્વાસ પણ વધારે છે.

**ગુણવત્તા પસંદ કરો, જથ્થા નહીં**

આજની પેઢી જથ્થા કરતાં ગુણવત્તા પર વધુ વિશ્વાસ કરે છે. તે જ સમયે સ્લીપવેર પણ એ જ વિચારસરણીનો એક ભાગ બની ગયા છે. લોકો હવે વારંવાર સસ્તા કપડાં ખરીદવાને બદલે એક કે બે ઉચ્ચ ગુણવત્તાવાળા, ટકાઉ અને ત્વચાને અનુકૂળ નાઇટવેર પર પૈસા ખર્ચવાનું પસંદ કરી રહ્યા છે. આ ફેરફાર ફક્ત પર્યાવરણ માટે જ નહીં પરંતુ લોકોની ત્વચા અને ઊંઘ માટે પણ સારો માનવામાં આવે છે. ■

ટૂંકુ ને ટચ
નિધિ ભટ્ટ
feedback.ladki@bombaysamachar.com



# આંખ નીચે ડાર્ક સર્કલ દૂર કરવા માટે શું છે વધુ અસરકારક?

ડાર્ક સર્કલની સમસ્યા પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં જોવા મળે છે. તેનાથી છુટકારો મેળવવા માટે, સોશ્યલ મીડિયા પર ઘણા હેક્સ મળી શકે છે. ક્રીમ ઉપરાંત, ડાર્ક સર્કલ ટાળવા માટે આંખના પેચ પણ ખૂબ ટ્રેન્ડમાં છે. અહીં આપણે જાણીશું કે બેમાંથી કયું વધુ અસરકારક છે.

આંખો નીચે ડાર્ક સર્કલ ચહેરાની વૃદ્ધત્વ દર્શાવે છે, પરંતુ તે કોઈપણ ઉંમરે અને કોઈપણ વ્યક્તિને થઈ શકે છે. આધુનિક જીવનશૈલી એવી છે કે ખૂબ જ નાની ઉંમરે પણ ડાર્ક સર્કલ હોવું એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. હકીકતમાં સરળ શબ્દોમાં કહીએ તો, આંખો નીચે અથવા તેની આસપાસ ડાર્ક સર્કલ બનવા પાછળનાં મુખ્ય કારણો એટલે લાંબા સમય સુધી સ્ક્રીન સામે સમય વિતાવવો, રાત્રે યોગ્ય રીતે ન સૂવું, ખૂબ તણાવમાં રહેવું, અયોગ્ય આહારને કારણે પોષક તત્ત્વોનો અભાવ હોઈ શકે છે. કેટલાક લોકોમાં, તે આનુવંશિક પણ હોઈ શકે છે. ડાર્ક સર્કલ ટાળવા માટે, પેચ અથવા અંડર આઈ ક્રીમનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ બેમાંથી કયું શ્રેષ્ઠ અથવા વધુ અસરકારક છે.

ડાર્ક સર્કલને કારણે, ચહેરાની સુંદરતા ઓછી થતી નથી, પરંતુ વ્યક્તિ થાકેલા અને બીમાર દેખાવા લાગે છે. તે આત્મવિશ્વાસને પણ અસર કરવાનું શરૂ કરે છે. ડાર્ક સર્કલને રોકવા અને ઘટાડવા માટે, દરરોજ સારી ઊંઘ લેવી સૌથી મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આ ઊંઘ યોગ્ય સમયે લેવી પણ અગત્યનું છે. આ ઉપરાંત, સંતુલિત આહાર, હાઇડ્રેશન (પાણી પીવું) અને આંખોની આસપાસની ત્વચાની યોગ્ય કાળજી જરૂરી છે. ચાલો જાણીએ કે આંખો નીચે પેચ લગાવવું વધુ સારું છે કે ક્રીમ.

## ડાર્ક સર્કલની સમસ્યા

નેશનલ સેન્ટર ફોર બાયોટેક્નોલોજી ઇન્ફર્મેશન મુજબ, ઇન્ફ્રાઓર્બિટલ એરિયા એટલે કે આંખોની ત્વચા (આંખના સોકેટ હેઠળની ત્વચા)માં કાળાશ પડવી, આંખોની આસપાસ ફોલ્લીઓ અથવા કાળાશ પડવા ક્યારેક મેલાનિનના સંચયને કારણે થઈ શકે છે. આ ઉપરાંત જ્યારે ત્વચા તેની સ્થિતિસ્થાપકતા ગુમાવે છે, ત્યારે તે એક પડછાયો બનાવે છે જેના પર પ્રકાશ પડતાં કાળાશ પડવા લાગે છે. પેરીઓર્બિટલ એડીમા, પોસ્ટઇન્ફ્લેમેટરી હાઇપરપીગ્મેન્ટેશન જેવા કારણોસર પણ કાળાશ પડવા લાગે છે.

## આંખ નીચે પેચ અથવા ક્રીમ

ડાર્ક સર્કલ અટકાવવા માટે આંખના પેચનો ઉપયોગ કરવાનું ચલણ ઘણું વધી ગયું છે. કોસ્મેટિક સર્જનના કહેવા મુજબ આંખો નીચે અથવા આસપાસ કાળાશ પડવાથી બચવા અથવા તેનાથી છુટકારો મેળવવા માટે હાઇડ્રેશન (પાણી અને સ્વસ્થ પીણાં પીતા રહેવું) ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, અને વ્યક્તિએ પોષક તત્ત્વોથી ભરપૂર આહાર પણ લેવો જોઈએ. ત્વચાને હાઇડ્રેટ કરવા માટે, મોઇશ્ચરાઇઝર લગાવવું જોઈએ અને પછી ઘડિયાળની દિશામાં અને ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ગોળ ગતિમાં હળવા હાથે માલિશ કરવી જોઈએ. વાસ્તવમાં ત્વચાને ભેજ મળવાની સાથે, તે રક્ત પરિભ્રમણને પણ ઝડપી બનાવે છે, જે તમને ઝડપી ફાયદા આપી શકે છે. આંખો નીચે પેચ લગાવવાથી તાત્કાલિક પરિણામો મળે છે, જ્યારે ક્રીમથી માલિશ કરવાથી લાંબા ગાળાના ફાયદા થાય છે.

આ કુદરતી વસ્તુઓ ઉપયોગી થઈ શકે છે

નિષ્ણાત કહે છે કે જ્યારે ડાર્ક સર્કલ માટે ઘરેલું ઉપચારની વાત આવે છે, ત્યારે હાઇડ્રેશન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ માટે તમારે ઘી, ફુલ મિલ્ક ક્રીમ, ગ્લિસરીન, મધ, દહીં જેવી વસ્તુઓ લેવી જોઈએ, કારણ કે તે હાઇડ્રેટિંગ એજન્ટ છે. આ કુદરતી વસ્તુઓથી માલિશ કરવાથી ખૂબ જ ફાયદો થાય છે. ■

# દીકરીથી દીપે છે ઘર

ફોક્સ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

દીકરી ના સાપનો ભારો,
દીકરી ના કોઈ ઉજાગરો,
દીકરીનો સ્નેહ છે ન્યારો,
દીકરી તો તુલસી ક્યારો!

- દીપિકા ઘરને પ્રકાશિત કરે છે તો
- દુહિતા પરિવારને સુવાસિત કરે છે.
- દીકરી તો ઉભયકુલનંદિની ગણાય છે.
- 'દહેલી દીપક' અર્થાત
- ઉંબરા પર મૂકેલો દીપક!
- દીપક જેમ ઘરની અંદર અને બહાર બન્ને તરફ પ્રકાશ ફેલાવે છે તેમ દીકરી પિયર અને શ્વસુર-બન્ને કુળને દીપાવે છે.
- વંશરક્ષાની ભ્રમણામાં રાચતો માનવ પુત્ર પ્રાપ્તિની ઘેલછાનો ભોગ બને છે અને પરિણામ જાણ્યે અજાણ્યે દિવ્યતાની સાકાર મૂર્તિ સમી દીકરીનો અનાદર કરી બેસે છે.
-મતલબી માનવ હંમેશાં સ્વાર્થ સાધવામાં જ રચ્યોપચ્યો રહે છે.
- માનવીની આ કનિષ્ઠ વૃત્તિ પર કટાક્ષ કરતાં 'કોઈ કવિએ યોગ્ય જ કહ્યું છે કે,

* પુત્ર જન્મે તો પતાસા વહેંચવા નીકળી પડે,
* પુત્રી જન્મે તો નિસાસા નાખવા મંડી પડે, (પણ)
* પાડી જન્મે તો હરખ ને શોક
* પાડો જન્મતાં, સ્વાર્થનું દૂરબીન લોકો આંખ આગળ રાખતાં!'

- જીવન મૂલ્યોને ખોઈ બેઠેલો માનવ, મૂલ્યવાન તત્ત્વોના મહિમાને સમજી શકતો નથી.

* સ્ત્રીમાં સમર્પણ ભાવના છે, પરંતુ સાથે સાથે તે તેજપૂજક છે.
* તેજસ્વી પતિ સામે ઝુકવામાં સત્ત્વશીલ સ્ત્રી ગૌરવ અનુભવે છે, પરંતુ
* સ્ત્રીના સમર્પણને ઝંખતા પુરુષે એ ન ભૂલવું જોઈએ કે,
* સરિતા સાગરને સમર્પિત થઈ શકે છે, ખાબોચિયાને નહીં!


- સ્ત્રીના સમર્પણને ગૌરવ બક્ષે એવી પાત્રતા પુરુષે પણ કેળવવી જોઈએ.

પ.પૂ. હરિભાઈ કોઠારી વાસ્તવિકતા વર્ણવતા કહે છે કે પોતાની બાને 'પરમ પૂજ્ય માતુશ્રી' કહીને પીડા આપનારા પુત્રોની જગતમાં અછત નથી તો કેવળ 'બા' શબ્દનો પ્રયોગ કરીને માની પવિત્રતાને પિછાણી તેની સેવા કરનાર સંતાનો પણ અલભ્ય નથી.

* દહેજ માગીને પરણનાર યુવાનો કાયર અને દયનીય છે.
* દહેજ એ સ્વેચ્છાએ દીકરીને અપાતો ઉપહાર છે. એ માગવાનો વર પક્ષને અધિકાર નથી.
* જીવતી જાગતી કન્યા કરતાં જેને મન દહેજનું મહત્ત્વ વધારે છે એ માનવ કેટલો હીન કક્ષાનો ગણાય!
* દહેજ આપનાર તેમજ લેનાર બન્ને ગુનેગાર છે.

બોધઃ

- હિમાલયસુતા પાર્વતી અને જનકનંદિની સીતાના આશીર્વાદ પ્રત્યેક દીકરી પર વર્ષા રહો.
- દીકરીનો સૌ સિર પર કર,
- દીકરીની પાવન છે સફર,
- દીકરીથી નર બનતો વર,
- દીકરીથી દીપે છે ઘર. ■



# પુરુષ

# અલ્યા, આ મૅન અપ કલ્ચર શું છે... એની જરૂર ખરી?

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

'મૅન અપ' એ એક એવો શબ્દ છે જે આજના સમયમાં વારંવાર સાંભળવા મળે છે, ખાસ કરીને જ્યારે પુરુષોની ભાવનાત્મક અભિવ્યક્તિ અને માનસિક આરોગ્યની વાત આવે ત્યારે સામાન્ય રીતે આ શબ્દનો પ્રયોગ થાય છે. આ અંગ્રેજી શબ્દ પ્રયોગનો સીધો અર્થ થાય છે 'પુરુષ બનો' અથવા 'જરા મજબૂત બનો'... આ શબ્દનો ઉપયોગ ઘણીવાર પુરુષોને એમની ભાવનાઓને દબાવવા અને કઠોર દેખાવા માટે કરવામાં આવે છે.

આ શબ્દ પાછળ આમ જોવા જઈએ તો એક માનસિકતા રહેલી છે, જે પરંપરાગત જેન્ડર ભૂમિકા અને સમાજની અપેક્ષાઓ સાથે જોડાયેલી છે. આ 'મૅન અપ' માનસિકતા કે આખેઆખા કલ્ચરની શરૂઆત પરંપરાગત સમાજની રચનામાં જોવા મળે છે, જ્યાં પુરુષને પરિવારના રક્ષક, પ્રોવાઇડર અને નિર્ણય લેનાર તરીકે જોવામાં આવતા હતા. આવી વ્યાખ્યામાં પુરુષ માટે ભાવનાત્મક નબળાઈ દર્શાવવી એટલે નબળાઈનું પ્રતીક હતું. આજે પણ, ઘણા સમાજોમાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, પુરુષો પર એવું દબાણ હોય છે કે એણે દુઃખ, ડર કે નિષ્ફળતાને ખુલ્લેઆમ વ્યક્ત ન કરવું. ઉદાહરણ તરીકે, જ્યારે કોઈ પુરુષ રડે છે અથવા પોતાની માનસિક સમસ્યાઓ વિશે ખુલીને વાત કરે છે ત્યારે એને 'કમજોર' ગણવામાં આવે છે અને 'મૅન અપ' જેવા શબ્દો દ્વારા એની લાગણીઓને દબાવવા માટે કહેવામાં આવે છે.

આ વલણ પુરુષોને એવું વિચારવા મજબૂર કરે છે કે ભાવનાત્મક, નિખાલસતા એમની પુરુષત્વની વિરુદ્ધ છે.

આની સૌથી મોટી અસર પુરુષના માનસિક આરોગ્ય પર પડે છે. ૨૦૨૫ના આંકડા દર્શાવે છે કે પુરુષોમાં ડિપ્રેશન અને એન્ઝાયટીનું પ્રમાણ વધી રહ્યું છે, પરંતુ મહિલાઓની સરખામણીમાં ઓછા પુરુષો થેરાપી કે કાઉન્સેલિંગ લે છે. આનું કારણ એ છે કે 'મૅન અપ' સંસ્કૃતિ મદદ માગવાને નબળાઈનું લક્ષણ ગણે છે. ભારતમાં, જ્યાં પરિવાર અને સમાજનું દબાણ વધુ હોય છે, પુરુષ ઘણીવાર પોતાની સમસ્યાઓને દબાવી દે છે, જેના કારણે તણાવ, એકલતા અને કેટલાક કિસ્સાઓમાં આત્મહત્યા જેવાં ગંભીર પરિણામો સર્જાય છે. આ ઉપરાંત, આ સંસ્કૃતિ સંબંધોમાં પણ અવરોધ ઊભો કરે છે. જ્યારે પુરુષ પોતાની ભાવનાઓને વ્યક્ત નથી કરી શકતો ત્યારે એના જીવનસાથી કે મિત્રો સાથેના સંબંધમાં અંતર આવે છે, કારણ કે એમાં ભાવનાત્મક જોડાણનો અભાવ રહે છે.

'મૅન અપ' કલ્ચર – સંસ્કૃતિનું બીજું પાસું એ છે કે તે પુરુષને એક ખોટી છબીમાં ઢાળવાનો પ્રયાસ કરે છે, જ્યાં એને હંમેશાં સફળ, શક્તિશાળી અને નિયંત્રણમાં રહેવું જોઈએ. આવી અપેક્ષાઓ આધુનિક યુગમાં વાસ્તવિક નથી, જ્યાં આર્થિક અસ્થિરતા, કારકિર્દીનું દબાણ અને સામાજિક પરિવર્તનો દરેકના જીવનને જટિલ બનાવે છે. ખાસ કરીને, યુવા પુરુષો, જેમનો ઉછેર ડિજિટલ યુગમાં થયો છે, આવા દબાણને કારણે એ વધુ મૂંઝવણ અનુભવે છે. એક તરફ સમાજની પરંપરાગત અપેક્ષાઓને પૂર્ણ કરવા એ મથે છે તો બીજી તરફ, આધુનિક મૂલ્યો જેમ કે સમાનતા અને ભાવનાત્મક નિખાલસતાને અપનાવવા માગે છે. આ દ્વિધા પુરુષને માનસિક રીતે વધુ નબળા બનાવે છે.

આધુનિક સમયમાં 'મૅન અપ' સંસ્કૃતિની સુસંગતતા પર સવાલ ઊઠી રહ્યા છે. આજની પેઢી, ખાસ કરીને જેન ઝી, પરંપરાગત જેન્ડર ભૂમિકાઓને પડકારી રહી છે. એ માને છે કે ભાવનાત્મક નિખાલસતા એ નબળાઈ નહીં, પરંતુ શક્તિનું પ્રતીક છે. ઉદાહરણ તરીકે, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ઘણા યુવા પુરુષ માનસિક આરોગ્ય, સંબંધો અને આત્મ-સંભાળ વિશે ખુલ્લેઆમ ચર્ચા કરે છે. આ બદલાવ એક સકારાત્મક પગલું છે, પરંતુ હજુ પણ ઘણા સમાજમાં આવી ચર્ચાઓને સ્વીકૃતિ નથી મળતી. ભારત જેવા દેશોમાં, જ્યાં પરિવાર અને સમુદાયની ભૂમિકા મહત્ત્વની છે, પુરુષોને ભાવનાત્મક રીતે ખૂલવાનું મુશ્કેલ લાગે છે, કારણ કે એમને ડર હોય છે કે એમની આવી વર્તણૂકને નબળાઈ તરીકે જોવામાં આવશે. આ સંસ્કૃતિને બદલવા માટે સમાજે પગલાં લેવાની જરૂર છે.

સૌથી પહેલાં, પુરુષોને ભાવનાત્મક રીતે ખૂલવા માટે સલામત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. શિક્ષણ સંસ્થાઓ અને કાર્યસ્થળોએ માનસિક આરોગ્ય વિશે જાગૃતિ ફેલાવવી જોઈએ, જેથી કોઈ પણ પુરુષને મદદ માગવામાં શરમ ન આવે. વધુમાં, મીડિયા અને ફિલ્મોમાં પુરુષોની છબીને બદલવાની જરૂર છે, જેથી પુરુષ માત્ર શક્તિશાળી કે કઠોર નહીં, પરંતુ સંવેદનશીલ અને સહાનુભૂતિશીલ તરીકે પણ દર્શાવવામાં આવે.

ઉદાહરણ તરીકે, બોલિવૂડની ફિલ્મોમાં ઘણીવાર પુરુષને 'હીરો' તરીકે દર્શાવવામાં આવે છે, પરંતુ આજે જરૂર છે એવા પાત્રોની, જે ભાવનાત્મક નબળાઈઓને સ્વીકારે અને એનો સામનો કરે.

આખરે, 'મૅન અપ' સંસ્કૃતિ એ એક એવી વિચારસરણી છે જે પુરુષોને એમની સંપૂર્ણ માનવીય લાગણીઓથી વંચિત રાખે છે. આધુનિક યુગમાં, જ્યાં સમાનતા અને વ્યક્તિગત સ્વતંત્રતા મહત્ત્વની છે ત્યારે આ સંસ્કૃતિને બદલવાની જરૂર છે. પુરુષોને એ સ્વીકારવાની જરૂર છે કે ભાવનાઓ વ્યક્ત કરવી એ શક્તિનું લક્ષણ છે અને સમાજે આ માટે સ્વીકૃતિ આપવી જોઈએ.

જ્યારે આપણે આ દિશામાં આગળ વધીશું ત્યારે પુરુષો માત્ર માનસિક રીતે જ નહીં, પરંતુ સામાજિક અને ભાવનાત્મક રીતે પણ વધુ સ્વસ્થ અને સંતુલિત જીવન જીવી શકશે. ■



# ડિયર હની... તારો બન્ની
## પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## સંતાન કરવું કે ના કરવું...

ડિયર હની,

નવાં પરણેલાં દંપતીઓને એક પ્રશ્ન સતત સતાવતો રહે છે. ઘરમાં બધા પૂછતા રહે છે કે, સંતાન
ક્યારે કરશો? દંપતી કૈક જુદું વિચારતું હોય છે. આજની પેઢી તો જલદી સંતાન જ ઇચ્છતી નથી.
શહેરોમાં રહેતા યુગલો સંતાનને એક બોજ માનવા લાગ્યા છે અથવા તો વન ચાઈલ્ડની ફિલોસોફી
મજબૂત બનતી જાય છે.

આવું શા માટે બને છે?

આવો પ્રશ્ન સતત થાય એ સ્વાભાવિક છે. આપણાં પોતાનાં જ લગ્નજીવનની વાત કરીએ તો આપણું
પહેલું સંતાન દીકરી હતી એ આનંદનો અવસર બની ગયો. અમારે કોઈ બહેન નહોતી અને મારે ત્રણેય
ભાઈને દીકરી નહોતી એ પણ એમાં એક કારણ હતું , પણ 'બીજું સંતાન ક્યારે?' એવો પ્રશ્ન આપણને
પણ પૂછાતો હતો. બહેન છે તો એક ભાઈ તો જોઈએ ને...વારસદારતો જોઈએ ને... હવે દીકરો જ...

આવી વાતો કાને અથડાતી રહી પણ આપણે બન્નેએ નક્કી કર્યું હતું કે, બંને સંતાન વચ્ચે ચાર- પાંચ
વર્ષનો ગાળો હોવો જ જોઈએ. એનું કારણ સાવ સ્પષ્ટ છે કે પહેલું બાળક થોડું સમજણું થઇ જાય તો
બીજા સંતાનના ઉછેરમાં સરળતા રહે.

આપણે એ રીતે પ્લાન કર્યું અને બીજું સંતાન આવ્યું દીકરો.

એનોય આનંદ સવિશેષ હતો. બે સંતાન થયા અને ભાઈ – બહેનની જોડી બની ગઈ.

આમ છતાં મને એ સમજાતું નથી કે, દીકરાનો મોહ કેમ જતો નથી? આજે દીકરાઓ પાછલી ઉંમરમાં
મા-બાપને સાચવતા નથી એવા કિસ્સા વધ્યા છે અને દીકરી દત્તક લેવાનું પ્રમાણ વધ્યું છે. સમાજની આ
વાસ્તિવકતા છે છતાં આપણી માનસિકતા બદલતી નથી. ભારત જ નહિ પાકિસ્તાન, બંગલાદેશ, ચીન
અને ઇન્ડોનેશિયામાં પણ આવી જ માનસિકતા છે.

સવાલ તો એ જ છે કે, સંતાન કરવું કે નહિ? ચીનમાં બહુ કડક કાયદાઓને કારણે એવું થયું છે કે,
બાળકોની સંખ્યા ઘટતી જાય છે. જાપાનમાં વૃદ્ધોની સંખ્યા વધતી જાય છે. ચીને હવે એક બાળકની નીતિ
પાછી ખેંચી છે અને બે બાળકો માટે છૂટ આપી, પણ એનું પરિણામ પૂરતું ના આવતા હવે ત્રણ બાળક
માટે છૂટ આપી છે. ભારતમાં, ખાસ કરીને મેટ્રોમાં રહેનારાં યુગલ તો જલદી સંતાન ઇચ્છતા જ નથી.

કેટલાક વન ચાઈલ્ડમાં માને છે. બંને નોકરી કરતા હોવાના કારણે અને વિભક્ત કુટુંબ થવાન કારણે
બાળકના ઉછેરની જવાબદારી કોણ ઉઠાવે? એ પ્રશ્ન પેદા થયો છે. આયા પર બધું છોડી શકાતું નથી.

આ બધા વચ્ચે મોરબીમાં એક પટેલ સંમેલનમાં એમના નેતાએ તો એવું કહ્યું કે, આપણી વસતિ ઘટવા
લાગી છે. એક બાળક નહિ વધુ બાળકો પેદા કરો. ચાર પાંચ સંતાન પેદા કરો... આવાં નિવેદનો અગાઉ
કેટલાક નેતાઓએ અને સાધુઓએ પણ કર્યા છે. એમાંથી વિવાદ ઘણા બધા થયા છે. અને બાળકમાં
દીકરો હોય એવો આગ્રહ હજુ ઓછો થયો નથી. તને ખબર છે કે, આપણાં જ એક સગાએ દીકરાની
ઉમીદમાં આઠ બાળકો કર્યા. બધી દીકરીઓ છતાં એ અટક્યા નહિ અને નવમું સંતાન દીકરો થયો. અને
એને 'ભીખુ' બનાવ્યો. આ ય અજબ પરંપરા છે. અમુક વર્ષે એને ભીખુ બનાવવો એટલે એની જરૂરીયાત
અન્ય સંતોષે.!

સંતાન માટે કેવી મજાની રચના થઇ છે...

દીકરી મારી લાડકવાયી, લક્ષ્મીનો અવતાર અને દીકરા માટે લખાયું, દીકરો મારો લાડકવાયો, દેવનો
દીધેલ છે...

સંતાન કોણ ના ચાહે? બધાને ચાહ હોય છે અને છાને ખૂણે એવી ઈચ્છા હોય છે કે એનો વંશ આગળ
વધે. એમાં નામ, કુળની ભાવના છે. સુરક્ષાની ભાવના પણ છે કે, વૃદ્ધ થઈશું તો સંતાન ખ્યાલ રાખશે.
જાવેદ અખ્તરે

'મેલા ' નામની રચના લખી છે એમાં આ જ ભાવના છે ....

પહેલાં જ્યારે એક નાનું બાળક મેળામાં જાય છે ત્યારે એ પિતાની આંગળી પકડીને ચાલે છે અને પિતા
એને દરેક વસ્તુ વિશે સમજાવે છે....એ બાળક મોટો થાય છે અને પિતા વૃદ્ધ થઈ જાય છે. ફરી જ્યારે
એ બન્ને મેળામાં જાય છે ત્યારે હવે પિતાનો હાથ પકડીને પુત્ર ચાલે છે અને પિતાને દરેક વસ્તુ વિશે
સમજાવે છે... કવિતા દર્શાવે છે કે સમયનું ચક્ર કેવી રીતે ચાલે છે અને પિતા-પુત્રનો સંબંધ કેવી રીતે
બદલાય છે.

સંતાન પાછળ ધાર્મિક ભાવનાય છે. જોકે, આધુનિક સમયમાં આ માન્યતાઓમાં પરિવર્તન આવી રહ્યું છે. ઘણા લોકો હવે વંશવૃદ્ધિને બદલે પોતાના જીવનનાં અન્ય પાસાં, જેમ કે કારકિર્દી અને સ્વતંત્રતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. આવો ભાવ કેમ વિકસી રહ્યો છે એ અંગે અભ્યાસ થવો જોઈએ. આમ છતાં, વંશ આગળ વધારવાની ઈચ્છા માનવ મનની એક ગહન અને સ્વાભાવિક પ્રેરણા બની રહે છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# આ તો દીકરા કે દીપડા?

કુસુમબહેન અને કનુભાઈનો હસતો રમતો પરિવાર. બે દીકરા અને એક દીકરી. કુસુમબહેન બાળકોને સુવડાવતી વખતે 'તમે મારાં દેવના દીધેલ છો, તમે મારાં માગી લીધેલ છે, આવ્યા ત્યારે અમર રહો!' જેવાં હાલરડાં ગાતાં ગાતાં મનમાં મલકાતાં જાય. ત્રણેય બાળક એટલે એમને મન શી વાત! કનુભાઈનો વ્યવસાય પણ સારો ચાલતો હતો. પૈસાટકાની કોઈ ખોટ નહોતી. સંતાનો આમ તો થોડા મોઢે ચડાવેલા એટલે ત્રણમાંથી એકેય ખાસ ભણ્યા નહીં. કોલેજનો ઉંબરો તો ચડ્યા પણ ગ્રેજયુએટ થઈ શક્યા નહીં. દીકરાઓ તો પિતાનો વ્યવસાય હતો એટલે એમાં સેટલ થઈ ગયા. દીકરી પરણી ગઈ. દીકરાઓ પણ પરણ્યા. વહુઓ આવી. બે વહુ આવી એટલે સામાન્યપણે જેમ બને છે તેમ જ બન્યું. દેરાણી – જેઠાણી વચ્ચે ખટપટ શરૂ થઈ ગઈ. કનુભાઈએ નાના દીકરાને અલગ ઘર અપાવી દીધું અને જુદો કર્યો. કુસુમબહેન અને કનુભાઈ સાથે મોટો દીકરો અને વહુ રહ્યા. હવે બધું ઠીકઠાક ચાલતું હતું. બંને દીકરા અને વહુઓ વચ્ચે બોલવા વહેવાર ન હતો પણ મા-બાપના સંબંધ બંને સાથે ઠીકઠાક હતા. બોલવામાં બંને દીકરા બહુ જબરા. ઝઘડી પણ ઘડીકમાં પડે. નાનપણથી મોઢે ચડાવેલા હોવાને કારણે કોઈનું જરા પણ સાંભળે નહીં.

આવા માહોલ વચ્ચે કુસુમબહેન તો વધારે બોલી જ શકે નહીં, કારણ કે કાંઈક બોલવા જાય તો કનુભાઈ જ સૌપ્રથમ તોડી પાડે. કનુભાઈની આ આદતને કારણે બંને દીકરાઓ પણ માને વાતવાતમાં તોડી પાડતા. માની આમન્યા જાળવવાનું તેઓ શીખ્યા જ ન હતા. નાનપણમાં માએ જે પ્રેમ આપ્યો હતો, એમના ઉછેરમાં જે જહેમત ઊઠાવી હતી એ બન્ને દીકરા ભૂલી પણ ગયા હતા. જોકે, કનુભાઈ સામે બંનેનું કાંઈ ઊપજતું નહીં કારણ કે કનુભાઈ કડક સ્વભાવના હતા. એટલે પિતાથી બંને ડરતા ખરા.

એક દિવસ દુકાનેથી કનુભાઈ ઘેર આવ્યા ત્યારે તાવથી શરીર ધમધમતું હતું. બે-ત્રણ દિવસ દવા લેવા છતાં તાવ ઉતર્યો નહીં. હોસ્પિટલમાં દાખલ કર્યા. રિપોર્ટમાં કમળો હતો. ઘણી સારવાર છતાં સારું ન થયું ને કમળી થઈ ગઈ ને ડોકટરના અથાક પ્રયત્ન છતાં કનુભાઈને બચાવી શકાયા નહીં.

કુસુમબહેન પોતાના જ ઘરમાં મોટા દીકરા સાથે રહેતાં હતાં પણ પિતાના મૃત્યુને એકાદ વર્ષ થયું પછી મોટી વહુએ પ્રોત પ્રકાશ્યું, 'આખી જિંદગી બાને અમે જ રાખ્યાં છે. હવે નાનાને ઘેર જાય. અમે થોડી ગધેડી પકડી છે' આમ કહીને કુસુમબહેનનો સામાન પેક કરીને નાના દીકરાને ઘેર મૂકી આવ્યા. નાનો દીકરો અને વહુ ભડક્યાં :

'એક તો 'અમારું ઘર તો નાનું છે અહીં અમે બાને કેવી રીતે રાખી શકીએ?!' પણ મોટો દીકરો અને વહુ તો મૂકીને ચાલ્યા ગયા હતા એટલે શું કરે? પરાણે




રાખતા હતા. રાખે તો શું? મોઢામાં કોળિયો અને માથામાં ટુંબો જેવો ઘાટ હતો. જે બાઈ રાણીની જેમ રહી હતી પતિના રાજમાં એની હાલત આજે આશ્રિત જેવી થઈ ગઈ હતી. કુસુમબહેન હવે સાવ ઓશિયાળા થઈ ગયાં હતાં. વહુ-દીકરો જેમ કહે તેમ કરવાનું, જે આપે તે ખાવાનું, તેમના મેણાંટોણાં પણ સાંભળવાના...બીજું શું કરે? ચુપચાપ સહન કરી લેતાં હતાં .

એવામાં નાના દીકરા-વહુને થોડા દિવસ બહારગામ જવાનું થયું એટલે એ કુસુમબહેનને મોટા દીકરાને ઘેર મૂકી આવ્યા. કુસુમબહેન થોડા દિવસ રહ્યા એ દરમિયાન એમણે ગળામાં પહેરેલ મગમાળા, હાથની સોનાની બંગડીઓ, કાનમાં પહેરેલાં સાચા હીરાના બુટિયા, નાકની સાચા હીરાની ચૂંક બધું જ મોટા દીકરાએ લઈ લીધું. અને નાના દીકરાને ત્યાં મૂકી આવ્યા. બિચારા કરોડપતિ કુસુમબહેન! દીકરી મળવા આવી બધી વાત જાણી. મા માટે ખોટા દાગીના લઈ આવી. જે મહિલાએ ક્યારેય ખોટાં ઘરેણાં પહેર્યાં ન હતાં તે નકલી દાગીના પહેરીને બેઠાં રહ્યાં અને જીવ બાળતા રહ્યાં.

આ તરફ, દીકરીના જીવને પણ ક્યાંય ચેન પડતું નથી. મારી માની આવી હાલત. બેઉ દીકરા મા સાથે વાત કરતા નથી. વહુઓને તો સાસુમાં શું રસ હોય? આખો દિવસ એકલા ચૂપચાપ બેઠાં બેઠાં કુસુમબહેન ડિપ્રેશનમાં ચાલ્યાં ગયા. એકલાં એકલાં બોલ્યા કરે. નાના દીકરા-વહુએ હવે જીદ પકડી કે 'હવે અમે નહીં રાખીએ. આટલાં વર્ષ રાખ્યા. હવે મોટાને ઘેર મૂકો.' મોટાએ ચોખ્ખી ના પાડી દીધી, 'મારે ત્યાં નહીં.' આ એજ મા છે જેણે હાલરડાં ગાઈને, રાતના ઉજાગરા વેઠીને એમને મોટા કર્યા છે...પણ આવું બધું સમજવા બેમાંથી એક પણ તૈયાર નથી. નાના ભાઈએ મીટિંગ બોલાવી પોતાના કાકા-ફૂઈ બધાંને ભેગા કર્યાં. બેન-બનેવી અને મોટાભાઈ-ભાભી પણ આવ્યા.

આવેલા વડીલોએ બંને ભાઈને સમજાવ્યા, 'મા સાથે આવું ન કરાય, હવે કેટલાં વર્ષ જીવવાના છે. જે બે-ચાર વર્ષ બાકી હોય તે એમને સાચવી લો? પણ બેમાંથી એકેય દીકરો માને સાચવવા તૈયાર ન થયો તેથી વડીલોએ કહ્યું, 'તો પછી એમને વૃદ્ધાશ્રમમાં મૂકી દો.'

બંને દીકરા-વહુ તો સંમત થઈ ગયા, પણ દીકરી બોલી,

'ના, ના મારી મા વૃદ્ધાશ્રમમાં નહીં રહી શકે. એમને ત્યાં ન ફાવે.'

'તો તું લઈ જા તારા ઘેર' ભાઈઓએ કહ્યું.

'હા, અમે અમારા ઘેર લઈ જઈએ છીએ બાને.' જમાઈએ કહ્યું. કુસુમબહેનનો સામાન પેક કરીને દીકરી-જમાઈ એમને પોતાના ઘેર લઈ ગયા અને બંને નફ્ફટ દીકરા-વહુ રાજી થઈને જોતાં રહ્યાં....

એ બન્ને દીકરા નહોતા...માનું લોહી પીનારા દીપડા હતા! ■

### ભારતમાં વૃદ્ધો...

આપણા સમાજમાં વૃદ્ધો એ અનુભવ, જ્ઞાન અને સંસ્કારના જીવંત ભંડાર છે. એમણે પોતાના જીવનનો મોટો હિસ્સો પરિવાર, સમાજ અને રાષ્ટ્રની સેવા માટે વિતાવ્યો છે. જીવનના છેલ્લા પડાવમાં-ઉત્તરાર્ધમાં એમને સ્નેહ, સન્માન અને સહારાની જરૂર હોય છે. વૃદ્ધાવસ્થા ઘણી વખત શારીરિક રીતે નબળાઈ અને આરોગ્ય સંબંધિત પડકારો લઈને આવે છે, પરંતુ સાથે સાથે એ જીવનનો એવો સમય છે જેમાં માણસ પોતાની જીવનયાત્રાનો અનુભવ અન્ય સાથે વહેંચી શકે છે. એમના જીવનના અનુભવો યુવાન પેઢીને માર્ગદર્શન આપે છે. શહેરીકરણ, નોકરી માટેનું સ્થળાંતર અને પરિણામે કુટુંબની વૃદ્ધિએ વૃદ્ધોને એકાંત તરફ ધકેલી દીધા છે. ઘણાં વૃદ્ધો એકલવાયા જીવન જીવે છે અથવા તો 'વૃદ્ધાશ્રમ'નો સહારો લે છે. કેટલાકને આરોગ્યની સમસ્યાઓ, આર્થિક સંકટ કે માનસિક તાણનો સામનો કરવો પડે છે.

ભારતમાં ૨૦૨૫માં વૃદ્ધોની સંખ્યા આશરે ૧૫.૩ કરોડ જેટલી છે. જેમાં ૭૦ વર્ષથી વધુ આયુ ધરાવતા વૃદ્ધોની સંખ્યા આશરે ૬.૫ કરોડ છે.

આખા ભારતમાં લગભગ ૪૦૦૦ જેટલા વૃદ્ધાશ્રમ છે, જેમાં ખાનગી અને રજિસ્ટર્ડ વૃદ્ધાશ્રમોનો સમાવેશ થાય છે.

# પાકિસ્તાની લશ્કરના કમાંડોનો હુમલોઃ એક ભારતીય સૈનિક શહીદ

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ ઉત્તર કાશ્મીરના ઊડી ક્ષેત્રમાં બુધવારે સરહદ પરની નિયંત્રણ રેખા (એલઓસી) ખાતે ભારતીય લશ્કરે ત્રાસવાદીઓની ઘૂસણખોરીની કોશિશ નિષ્ફળ બનાવ્યા બાદ પાકિસ્તાનના કમાંડો (બૅટ)ની સાથે થયેલી અથડામણમાં ભારતનો એક સૈનિક શહીદ થયો હતો. આ હુમલો ભારતીય ચોકી પર કબજો લેવા કરાયો હોવાનું કહેવાય છે.

જમ્મુ અને કાશ્મીરમાં અમુક ઘૂસણખોર પ્રવેશવામાં સફળ થયા હોવાથી સુરક્ષા દળોને સાબદાં રહેવાનો આદેશ અપાયો હતો. આ ઘૂસણખોરો આત્મઘાતી હુમલાનો પ્રયાસ કરે એવી શંકા છે. સીમા સુરક્ષા દળના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘૂસણખોરો જમ્મુ - પઠાણકોટ ધોરીમાર્ગ પરની સૈનિકોની ચોકીઓ અને આંતરરાષ્ટ્રીય સરહદની નજીકની રેલવે લાઇનને નિશાન બનાવવાની કોશિશ કરી શકે છે. સલામતી દળોએ ઊડી ક્ષેત્રમાં ઘૂસણખોરોને શોધવા માટે મોટા પાયે શોધખોળ શરૂ કરી હતી.



**બાજ નજરઃ** જમ્મુ-કાશ્મીરમાં સ્વાતંત્ર્ય દિન અગાઉ મંગળવારે લાઈન ઑફ કંટ્રોલ પાસે પહેરો ભરી રહેલા ભારતીય સેનાના જવાનો. (એજન્સી)

પાકિસ્તાનના લશ્કર દ્વારા ડ્રોન્સની તરફ ભારતીય સૈનિકોનું ધ્યાન દોરીને ત્રાસવાદીઓને સીમા પાર ઘુસાડવા પ્રયાસ કરે છે. જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને લીધે સરહદના નદી-નાળા પરની તારની વાડને થયેલા નુકસાનનો ગેરલાભ ત્રાસવાદીઓ ઘૂસણખોરી માટે કરી રહ્યા છે.

સુરક્ષા દળોનો ધોરીમાર્ગ પરનો પહેરો વધારવામાં આવ્યો છે. આ ઉપરાંત રેલવેની સલામતી માટે વધારે સૈનિકો ગોઠવાયા છે. ■

## અમેરિકામાં સ્વામીનારાયણ મંદિરના સાઈન બૉર્ડ પર અપમાનજનક લખાણ

ન્યૂ યૉર્કઃ અમેરિકાના ઈન્ડિયાના શહેરમાં એક હિન્દુ મંદિરના બૉર્ડ પર કૂચડો ફેરવીને અપવિત્ર કરવામાં આવ્યું હતું. સ્વામીનારાયણ મંદિરના સાઈન બૉર્ડ પર લખાયું અપમાનજનક લખાણ લખાયું હતું. સોશ્યિલ મીડિયા પરની પૉસ્ટમાં ભારતીય એલચી કચેરીએ આ ઘટનાને વખોડવા લાયક લેખાવી હતી.

ગ્રીનવૂડ શહેરસ્થિત બીએપીએસના સ્વામિનારાયણ મંદિરમાં આ ધિક્કારજનક ઘટના બની હોવાનું મંદિરના સત્તાધિકારીઓએ જણાવ્યું હતું. એક વર્ષ કરતાં પણ ઓછા સમયગાળામાં આ મંદિરને ચોથીવાર નિશાન બનાવવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

શિકાગોસ્થિત ભારતીય એલચી કચેરીએ આ ઘટનાની નોંધ લીધી હતી અને તેને વખોડવા લાયક લેખાવી હતી.

આ મામલે તાત્કાલિક પગલાં લેવામાં આવે તે માટે સંબંધિત સત્તાધિકારીઓને કહેવાયું હોવાનું તેમણે કહ્યું હતું. ■

# ઈસી ભાજપ સાથે મળીને વોટચોરી કરી રહ્યું છેઃ તેજસ્વી યાદવ

પટણા : રાષ્ટ્રીય જનતા દળે બુધવારે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીપંચ ભાજપ સાથે મળીને બિહારમાં વોટચોરી કરી રહ્યું છે. બિહારમાં આ વર્ષના ઉત્તરાર્ધમાં વિધાનસભાની ચૂંટણી છે. તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ ભાજપના નેતાઓને બે વોટર કાર્ડ અપાવવામાં મદદ કરી રહી છે. ભાજપે આ આક્ષેપોને ખોટા અને ગેરમાર્ગે દોરનારા કહ્યા છે. યાદવે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીપંચ ભાજપ સાથે સંતલસ કરીને વિધાનસભા ચૂંટણી પહેલાં વોટચોરી કરી રહ્યું છે. હકીકતમાં સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝનના શરૂઆતની કવાયત બાદ ચૂંટણી પંચે તૈયાર કરેલી મતદાર યાદી મુસદ્દાને વોટની લૂંટ કહેવો જોઈએ. ચૂંટણીપંચ ભાજપના નેતાને બે વોટર આઈડી કાર્ડ મેળવવામાં મદદ કરી રહી છે. આરજેડીના નેતાએ આક્ષેપ કર્યો હતો કે મુઝફ્ફરપુરના મેયર નિર્મલા દેવી પાસે બે વોટર આઈડી કાર્ડ છે.

યાદવે વધુમાં કહ્યું હતું કે મતદાર યાદીના મુસદ્દા પ્રમાણે મુઝફ્ફરપુરના મેયર, ભાજપના નેતા અને આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના સંભવિત ઉમેદવાર નિર્મલા પાસે બે અલગ બૂથના એમ બે વોટર આઈડી કાર્ડ છે. તેની પાસે બે એપિક આઈડી આરઈએમ૧૨૫૧૯૧૭ અને જીએસબી૧૮૩૫૧૬૪ છે. તેમના બન્ને કાર્ડમાં વય અલગ-અલગ છે. તેજસ્વીએ દાવો કર્યો હતો કે એસઆઈઆરના પ્રથમ તબક્કામાં તેમણે બે ઈન્યુમેરેશન ફોર્મ ભર્યા હશે. તેમણે બન્ને ફોર્મ અલગ સહી કરીને ભર્યા હશે.આશ્ચર્યની વાત એ છે કે તેમના બે કુટુંબીજનો પાસે પણ એ જ મતદારક્ષેત્રના ભિન્ન બૂથના બે વોટર આઈડી કાર્ડ છે.

યાદવે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીપંચ આ એક જ મતદારક્ષેત્રમાં કરી રહ્યું છે તો એસઆઈઆરનો શું અર્થ છે. આ જ બતાડે છે કે પંચ એક જ ઘરમાંથી ભાજપના ટેકેદારો માટે અનેક બનાવટી કાર્ડ બનાવવામાં આવે છે. યાદવે દાવો કર્યો હતો કે બિહારના નાયબ મુખ્ય પ્રધાન વિજય કુમાર સિંહા પાસે પણ વિધાનસભાની બે અલગ બેઠકના બે વોટર કાર્ડ છે.

યાદવે વધુમાં આક્ષેપ કર્યો હતો કે હવે ગુજરાતના રહેવાસી બિહારના મતદાતા બની રહ્યા છે. ભાજપના પ્રભારી ભિખુભાઈ દાલસણીયા હવે પટણાના મતદાર બની ગયા છે. તેમણે ગઈ ચૂંટણીમાં ગુજરાતમાં મતદાન કર્યું હતું. ભાજપના નેતાઓ થોડાં વર્ષોથી જગ્યા બદલાવીને મતદાન કરે છે. મતદારયાદીમાં તેમનું કોઈ સરનામું આપવામાં આવ્યું નથી. તેમનું નામ મતદારયાદીમાં હિન્દીમાં નહીં, પરંતુ ગુજરાતીમાં લખવામાં આવ્યું છે જેથી કોઈ વાંચી ન શકે. (એજન્સી)

## ‘મૃત’ મતદારો સાથે ચ્હા પીવાના અનુભવ માટે ચૂંટણી પંચનો આભારઃ રાહુલ

નવી દિલ્હી : કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કહ્યું કે તેમને બિહારના કેટલાક ‘મૃત’ મતદારો સાથે ચ્હા પીવાનો અનોખો અનુભવ થયો અને એ માટે તેમણે ચૂંટણી પંચનો આભાર માન્યો હતો. રાહુલ બિહારના સાત મતદારના એક જૂથને તેમના નિવાસસ્થાને મળ્યા અને ચૂંટણી પંચ દ્વારા તેમને ‘મૃત’ જાહેર કરવામાં આવ્યા અને તેમના નામ મતદાર યાદીમાંથી કેવી રીતે દૂર કરવામાં આવ્યા તેનો અનુભવ શેર કર્યો હતો.

“જીવનમાં ઘણા રસપ્રદ અનુભવો થયા છે, પરંતુ મને ક્યારેય ‘મૃત લોકો’ સાથે ચ્હા પીવાનો મોકો મળ્યો નથી. આ અનોખા અનુભવ માટે, ચૂંટણી પંચનો આભાર!“ એમ રાહુલે એક્સ પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું હતું.

તેમણે ‘મૃત’ મતદારો સાથેની તેમની મુલાકાતનો એક વીડિયો પણ શેર કર્યો હતો. તેમાં, રાહુલ તેમને દિલ્હીમાં ‘મૃત’ તરીકે ફરવા અને જોવાનું કહેતા સાંભળવામાં આવે છે કારણ કે ‘મૃત’ લોકો માટે ટિકિટ પણ વસૂલવામાં આવતી નથી.

# પાણીની અછતથી ત્રાસેલા પાકિસ્તાનના વડા પ્રધાને હવે ભારત વિરુદ્ધ ઝેર ઓકયું

ઈસ્લામાબાદઃ પહલગામમાં બાવીસ એપ્રિલના આતંકી હુમલા પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવો વધી ગયા છે. આ હુમલાના જવાબના ભાગરૂપે ભારતે પાકિસ્તાનની સાથે કરલી સિંધુ જળ સમજૂતીને અસ્થાયી રીતે સ્થગિત કરી દીધી છે. આ કારણે પાકિસ્તાનમાં પાણીની તંગી વધી રહી છે અને તેમના નેતાઓ તરફથી ભારત વિરુદ્ધ તીખી પ્રતિક્રિયાઓ આવી રહી છે. આ સ્થિતિ બંને દેશો વચ્ચેના તણાવને વધુ તીવ્ર બનાવી રહી છે, જેમાં પાણીને લઈને યુદ્ધની ધમકીઓ પણ સામેલ છે. આ વચ્ચે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ઈસ્લામાબાદમાં એક કાર્યક્રમમાં કહ્યું કે, તેનો દેશ ભારતને તેમના હકનું એક પણ ટીપું પાણી છીનવા નહીં દે. તેમણે ચેતવણી આપી કે જો પાણીને રોકવાની કોશિશ કરવામાં આવશે તો પાકિસ્તાન તેને કડક જવાબ આપશે અને ભારતને પાઠ ભણાવશે. આ નિવેદન પછી ભારતે ચિનાબ નદી પર નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેના કારણે પાકિસ્તાનમાં વધુ ભય વ્યાપી ગયો છે. પાકિસ્તાનના પૂર્વ વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ આ નિર્ણયને સિંધુ ખીણની સંસ્કૃતિ પર હુમલો ગણાવ્યો છે અને કહ્યું કે જો યુદ્ધ થશે તો પાકિસ્તાન પીછેહઠ કરશે નહીં. તેમજ સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરે અમેરિકા પ્રવાસમાં કહ્યું કે જો ભારત ડેમ બનાવશે તો તેને મિસાઈલથી તોડી પાડવામાં આવશે અને પરમાણુ હુમલાની ધમકી આપી હતી. આ ધમકીઓ પાકિસ્તાનના ભયને દર્શાવે છે. ■

## સપ્ટેમ્બરમાં મોદી અમેરિકા જશે

### સંયુક્ત રાષ્ટ્ર સંઘની મહાસભાને સંબોધશે અને કદાચ ટ્રમ્પને પણ મળે

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ભારે ટૅરીફ લાદ્યા અને ભારતના અર્થતંત્ર પર નકારાત્મક ટિપ્પણી કર્યા બાદ ભારત અને અમેરિકાના સંબંધોમાં તિરાડ આવતી જણાઈ રહી છે. વડા પ્રધાન મોદીએ હજુ સુધી ટ્રમ્પને સીધો જવાબ આપ્યો નથી, એવામાં અહેવાલ છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બર વચ્ચે અમેરિકાની મુલાકાતે જઈ શકે છે.

એક અહેવાલ મુજબ વડાપ્રધાન સપ્ટેમ્બરમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાની બેઠકમાં હાજરી આપવા અમેરિકા જશે, અહેવાલ મુજબ વડાપ્રધાન યુનોને સંબોધન પણ કરશે. અમેરિકા એસેમ્બલીમાં વક્તાઓની કામચલાઉ યાદી જાહેર કરી છે, જેમાં ‘ભારત સરકારના વડા’નો સમાવેશ થાય છે.

ટ્રમ્પે ભારત પર ટેરિફ લાદ્યા બાદ વડાપ્રધાન મોદીની પહેલીવાર અમેરિકાની મુલાકાતે જવાના છે, આ દરમિયાન ટ્રમ્પ સાથે બેઠક થાય તેવી કોઈ શક્યતા નથી. પણ યુનોની મહાસભામાં વડાપ્રધાનના સંબોધન પર સૌની નજર રહેશે. ■

## ખાટુશ્યામજી દર્શન કરી પાછા ફરી રહેલા ૧૧ ભક્તનું અકસ્માતમાં મોત

જયપુરઃ રાજસ્થાનના દૌસા જિલ્લામાં એક દુઃખદ માર્ગ અકસ્માત બન્યો છે, જેમાં ખાટુશ્યામ મંદિરના દર્શન કરીને પરત ફરી રહેલા ઉત્તર પ્રદેશના શ્રદ્ધાળુઓની કાર અને એક પિક-અપ ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાએ આસપાસના વિસ્તારમાં શોકનું વાતાવરણ ફેલાવી દીધું છે અને પરિવારોના જીવનમાં અચાનક આઘાત આપ્યો છે. આવા અકસ્માતો માર્ગ સુરક્ષાની જરૂરિયાતને વધુ તીવ્ર બનાવે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખાટુશ્યામજી મંદિરના દર્શન કરીને ઘરે પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કાર એક ઉભેલા પિક-અપ ટ્રક સાથે જોરદાર અથડાઈ હતી. આ ભયાનક અકસ્માતમાં કુલ ૧૧ વ્યક્તિઓના જીવ ગયા હતા. ■

## આતંકવાદ સામે લડવા પાકિસ્તાન અને અમેરિકા સહયોગ વધારશે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન અને અમેરિકાએ બલુચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ), આઇએસઆઇએસ-ખોરાસન અને તાલિબાન સહિતના અગ્રણી આતંકવાદી જૂથોનો સામનો કરવા માટે દ્વિપક્ષી સહયોગને વધુ ગાઢ બનાવવા સંમતિ આપી છે.

અમેરિકાએ પાકિસ્તાન સ્થિત બીએલએને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યાના એક દિવસ પછી, મંગળવારે ઇસ્લામાબાદમાં દ્વિપક્ષી આતંકવાદ વિરોધી સંવાદ દરમિયાન આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

અમેરિકા માટે પાકિસ્તાનના વિશેષ સચિવ નબીલ મુનીર અને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટમાં આતંકવાદ વિરોધી કાર્યકારી સંયોજક ગ્રેગરી ડી. લોગેર્ફો દ્વારા આ સંવાદની સહ-અધ્યક્ષતા કરવામાં આવી હતી. ■

## અમેરિકાનું અર્થતંત્ર ડામાડોળઃ દેવું ૩૭ ટ્રિલ્યનને પાર થયું

વોશિંગ્ટન : અમેરિકા દુનિયાની સૌથી મોટું અર્થતંત્ર છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ અટેકની અસર વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે.જોકે, બીજી તરફ અમેરિકાની અર્થવ્યવસ્થા મંદી તરફ આગળ વધી રહી છે. અમેરિકાના નાણાં વિભાગના આંકડા અનુસાર છેલ્લા પાંચ મહિનામાં દેશનું કુલ દેવું વધીને ૩૭ ટ્રિલ્યન ડોલરને પાર થયું છે. તેમજ છેલ્લા પાંચ મહિનામાં એક ટ્રિલ્યન ડોલરનો વધારો થયો છે. અમેરિકાનું કુલ દેવું ૩૭ ટ્રિલ્યન ડોલર થયું છે. જે હાલ રેકોર્ડ સ્તર પર છે. તેમજ ટ્રેઝરી વિભાગના આ અંદાજ કરતા પણ વધારે છે. જેમાં કોંગ્રેસના બજેટ કાર્યાલયના જાન્યુઆરી ૨૦૨૦માં અનુમાનમાં કહ્યું હતું કે અમેરિકાનું દેવું વર્ષ ૨૦૩૦ બાદ ૩૭ ટ્રિલ્યન ડોલરને પાર કરશે. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गवत | ઢંઢેરો |
| गराडा | આંચકો |
| गचका | ચાળા |
| गजर | ઘાસ |
| गमजा | ઘેરો |

### ઓળખાણ

અવકાશ સંસ્થા ‘ઈસરો’ સાથે સંકળાયેલા અને રૉકેટ વુમન તરીકે ઓળખ મેળવનારાં વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?



અ) ઉષા કે. બ) કલ્પના અરવિંદ ક) રિતુ કરિધાલ ડ) રેવતી હરિકૃષ્ણન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | નુ | ૨ દા | ૩ ન | | ૪ મ | ૫ ગ | જ | ૬ મા | રી |
| મ | | ૭ મ | હી | સા | ગ | ર | | દ | |
| ૮ સ્તુ | ૯ તિ | | ત | | ૧૦ જ | મા | ૧૧ દા | ર | |
| | ૧૨ ર | | ૧૩ ર | દી | | ૧૪ ગ | ણ | પા | ૧૫ ઠ |
| ૧૬ પ | છી | ૧૭ ત | | | ૧૮ ચા | ર | | ૧૯ ટ | પ |
| રં | | ૨૦ ક | સ | ૨૧ મ | | ૨૨ મ | ૨૩ જા | | કા |
| ૨૪ પ | ર | વા | | ૨૫ હા | ૨૬ સ | | ૨૭ મ | ૨૮ ક | ર |
| રા | | દી | | ૨૯ રા | જા | | ૩૦ ન | ર | વું |
| ૩૧ ગ | ૩૨ મા | | ૩૩ સા | જ | | ૩૪ પું | ગ | વ | |
| ૩૫ ત | થા | ગ | ત | | ૩૬ છિ | | ૩૭ ર | ટ | ણ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ૫ | | | ૬ | ૭ |
| | | ૮ | | | | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | | | | | ૧૨ | ૧૩ | |
| | ૧૪ | ૧૫ | | ૧૬ | | ૧૭ | | | |
| ૧૮ | | | | ૧૯ | ૨૦ | | | | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | | | | | | |
| | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | ૨૭ | |
| | ૨૮ | | ૨૯ | | | ૩૦ | ૩૧ | | |
| ૩૨ | | | ૩૩ | | | | | | ૩૪ |
| ૩૫ | | | | | ૩૬ | | | | |

**આડી ચાવી**

૧. સ્વાતંત્ર્ય દિન (૪,૩)
૬. ગમે ત્યારે ગમે તે થઈ --- (૨)
૮. ---નું અથાણું થાય (૪)
૧૦. એક નાનકડું માપ (૨)
૧૨. ચાલાક, ચબરાક (૩)
૧૪. મોટું (૨)
૧૭. એક ગરમ મસાલો (૩)
૧૮. એક પૂર્વોત્તર રાજ્ય (૩)
૧૯. ગળગળો (૪)
૨૨. સમય (૨)
૨૫. કામદેવ (૩)
૨૭. કોઈના --- ના લેવાય (૨)
૨૮. જાફત, ઉજાણી (૪)
૩૦. અશોકચક્રનો રંગ (૩)
૩૩. સજ્જન, સાધુ (૨)
૩૫. --- દરેકને આવડવું જોઈએ (૪)
૩૬. ઝંડાની વચોવચ --- હોય છે. (૫)

**ઊભી ચાવી**

૧. ભોજન માટેની હાર (૩)
૨. --- ઓળખવી એટલે મનોવૃત્તિ પારખવી (૨)
૩. દર્પણ (અં) (૩)
૪. પ્રણવ મંત્ર (૨)
૫. --- સરી કે વૈદ વેરી (૩)
૭. ધ્વજમાં શહાદતનો --- રંગ (૩)
૯. પંદરમી ઓગસ્ટે --- કરીએ (૫)
૧૧. નિરવ (૪)
૧૩. બગલો (૨)
૧૫. હિંમત (૨)
૧૬. ઓળખાણ (૨)
૧૭. સુધી (૨)
૧૮. સર જાવે તો જાવે પર --- ઘર આવે (૩)
૨૦. રૂઆબ (૩)
૨૧. ઝંડામાં શાંતિનો રંગ (૩)
૨૩. તમે કહ્યું? (૧)
૨૪. માટે (૨)
૨૫. રચેલું (૩)
૨૬. --- કાળ થયા કરે (૨)
૨૭. પુરુષો કાનમાં પહેરે (૨)
૨૯. ફૂલો ખીલવાની ઋતુ (૩)
૩૧. દસનો સમૂહ (૩)
૩૨. સાચા (૨)
૩૪. વાંકી (૨)

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. પુરુષના સસરાની એકમાત્ર દીકરીના સગા મામાની એકમાત્ર બહેનનો પુત્રનો દીકરો પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) સાળો બ) ભત્રીજો ક) ભાણેજ ડ) ભાઈ

### જાણવા જેવું

બાવળનું લાકડું બહુ મજબૂત અને વજનદાર હોય છે. કેટલાક દિવસ ખુલ્લી જગ્યામાં પડ્યું રહે, તો તેનો રંગ લોઢા જેવો થઈ જાય છે. તેનું લાકડું ઉપરથી સફેદ અને અંદર સહેજ કાળાશ પડતું લાલ હોય છે. બાળવામાં આ લાકડું બહુ સારું ગણાય છે. તેનો તાપ બહુ આકરો હોય છે, તેથી તેના કોલસા પણ બનાવવામાં આવે છે.

### સુડોકુ-૯૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૩ | | ૪ | | | ૮ |
| | | ૫ | | ૮ | | ૯ | | |
| ૮ | ૭ | | ૬ | | ૨ | | ૧ | ૪ |
| ૪ | | | ૮ | | ૯ | | | ૧ |
| | | | | | | | | |
| ૬ | | | ૭ | | ૫ | | | ૩ |
| ૭ | ૮ | | ૫ | | ૧ | | ૪ | ૯ |
| | | ૪ | | ૭ | | ૧ | | |
| ૨ | | | ૪ | | ૬ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ | ૨ | ૩ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૩ | ૬ | ૫ | ૪ | ૯ |
| ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૩ | ૬ | ૭ | ૫ |
| ૭ | ૪ | ૬ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૫ | ૯ | ૬ | ૧ | ૭ | ૮ | ૨ | ૪ |
| ૯ | ૬ | ૩ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૨ | ૮ | ૧ | ૫ | ૪ | ૯ | ૩ | ૬ | ૭ |
| ૫ | ૭ | ૪ | ૩ | ૬ | ૮ | ૧ | ૯ | ૨ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં લીન, મગ્ન શબ્દનો પર્યાય દર્શાવતો શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો. તમે બધા સુરત ક્યારે જવાના છો?

### નોંધી રાખો

તમારા સંપર્કમાં આવતી દરેક વ્યક્તિ કોઈને કોઈ બાબતમાં તમારાથી ચડિયાતી છે અને દરેક પાસેથી કશુંક શીખવાનું છે.

### માઈન્ડ ગેમ

વરસાદ દેશના વિકાસમાં મહત્ત્વ ધરાવે છે. વિશ્વના કયા દેશમાં વર્ષ દરમિયાન સૌથી ઓછો વરસાદ પડે છે એ જાણો છો?

અ) જોર્ડન બ) ઈરાક ક) મોંગોલિયા ડ) ઈજિપ્ત

### ગયા ગુરુવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| पंतोजी | મહેતાજી |
| पंचाईत | મુશ્કેલી |
| पटकन | ત્વરિત |
| पटवारी | તલાટી |
| पडसे | શરદી |

**ઓળખાણ પડી?** દિવ્યા દેશમુખ

**માઈન્ડ ગેમ** રશિયા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો** ધાન

**ગુજરાત મોરી મોરી રે** ભાઈ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જવલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) શિલ્પા શ્રોફ (૪૨) ડાયના સંતોકે (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) ધીરેન્દ્ર મુલરાજ (૪૮) ગીતા ઉદેશી (૪૯) પ્રતિમા પમાણી (૫૦) કિશોર સંઘરાજકા (૫૧) અરવિંદ કામદાર

# દાદર કબૂતરખાનામાં ફરી ભારે ધમાલ

## કબૂતરને ચણ પર પ્રતિબંધના સમર્થનમાં કબૂતરખાના પાસે એકઠા થયેલા મરાઠી સંગઠનના કાર્યકરોની અટકાયત


(જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પોલીસે બુધવારે મુંબઈના દાદર વિસ્તારમાં 'કબૂતરખાના'માં કબૂતરને ચણ ખવડાવવા પર પ્રતિબંધનું સમર્થન કરવા માટે દેખાવો કરી રહેલા મરાઠી એકીકરણ સમિતિના વડા સહિત અનેક સભ્યોની અટકાયત કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મરાઠી એકતા સમર્થક સંગઠનના કાર્યકરોનું એક જૂથ સવારે ૧૧ વાગ્યાની આસપાસ કબૂતરખાના (કબૂતર ચણ ખવડાવવાનો વિસ્તાર) ખાતે એકઠા થયા હતા, જ્યાં કોઈપણ અનિચ્છનીય ઘટના ટાળવા માટે પહેલેથી જ ભારે સુરક્ષા ગોઠવવામાં આવી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

પોલીસે અટકાયત કરાયેલા લોકોમાં મરાઠી એકીકરણ સમિતિના પ્રમુખ ગોવર્ધન દેશમુખ પણ હતા.

સંગઠનના સભ્યો પ્રદર્શન કરી રહ્યા હતા ત્યારે, તેમાંથી ઘણાની અટકાયત કરવામાં આવી હતી અને પોલીસ વાહનમાં બેસાડવામાં આવ્યા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દેશમુખે મોટી ભીડ વચ્ચે હાજર પોલીસ કર્મચારીઓ સાથે દલીલો કરવાનો પ્રયાસ કર્યો હતો, છઠી ઓગસ્ટે કબુતરખાનામાં વિરોધ કરનારાઓ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. પોલીસે મરાઠા એકીકરણ સમિતિના સમર્થકોની અટકાયત કરી, ત્યારે દેશમુખે સુરક્ષા કર્મચારીઓને પૂછ્યું કે ૬ ઓગસ્ટના રોજ કબુતરખાનામાં વિરોધ કરવા બદલ જૈન સમુદાયના કથિત સભ્યો સામે કોઈ કેસ કેમ નોંધવામાં આવ્યો નથી. પોલીસે ત્યારબાદ દેશમુખની અટકાયત કરી અને તેમને અન્ય પ્રદર્શનકારીઓ સાથે પોલીસ વાહનમાં બેસાડ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

છઠી ઓગસ્ટે, મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓએ દાદર કબુતરખાનામાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા કબૂતરોને ચણ ખવડાવી ન શકાય તે માટે લગાવવામાં આવેલી તાડપત્રીને દૂર કર્યું હતું અને પોલીસ સાથે પણ ઘર્ષણ કર્યું હતું.

મહારાષ્ટ્રના પ્રધાન મંગલ પ્રભાત લોઢાએ પાછળથી દાવો કર્યો કે લોકપ્રિય કબુતરખાના પરના વિરોધમાં જૈન સમુદાયના સભ્યોની કોઈ ભૂમિકા નથી.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે કબુતરખાનાના મુદ્દામાં કોઈ ધાર્મિક દૃષ્ટિકોણ નથી. ■

# મુંબઈ કોસ્ટલ રોડ ૧૫મી ઓગસ્ટથી ૨૪ કલાક ખુલ્લો રહેશે

## કોસ્ટલ રોડ પ્રોમોનેડનું આજે મુખ્ય પ્રધાનના હસ્તે લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા માટે અત્યંત મહત્ત્વનો ગણાતો મુંબઈ કોસ્ટલ રોડ શુક્રવાર, ૧૫મી ઑગસ્ટના સ્વતંત્રતા દિનથી ૨૪ કલાક માટે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. એ સાથે જ લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે કોસ્ટલ રોડ પર દરિયા કિનારે પાસે બાંધવામાં આવેલા ૫.૫ કિલોમીટર લંબાઈના પ્રોમેનેડ અને અંડરપાસનું લોકાર્પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ગુરુવાર, ૧૪ ઑગસ્ટ, ૨૦૨૫ના બપોરના ૧૨.૩૦ વાગે ઓનલાઈન કરવામાં આવશે. એ બાદ ૧૫ ઑગસ્ટના રોજ સાંજના ૪.૩૦ વાગ્યાથી જાહેર જનતા માટે સત્તાવાર રીતે તે ખુલ્લો મુકાશે.

મુંબઈ કોસ્ટલ રોડ (દક્ષિણ) હાલ સવારના સાત વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધી ટ્રાફિક માટે ખુલ્લો હોય છે, તે હવે શુક્રવાર ૧૫ ઑગસ્ટના રાતના ૧૨ વાગ્યાથી અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક માટે ખુલ્લો મુકવામાં આવશે. આ ભવ્ય પ્રોમોનેડ મુંબઈગરા સાથે જ દેશ-વિદેશથી આવતા પર્યટકો માટે વધુ એક નવું આકર્ષણ બની રહેશે.

કોસ્ટલ રોડના કિનારે ૭.૪૭ કિલોમીટર લંબાઈ અને ૨૦ મીટર પહોળાઈ ધરાવતો આ પ્રોમોનેડ તબક્કાવાર ખુલ્લો મૂકવામાં આવી રહ્યો છે, જેમાં પહેલા તબક્કામાં પ્રિયદર્શની પાર્કથી હાજી અલી સુધીનો ૫.૨૫ કિલોમીટરનો પટ્ટો અને બરોડા પેલેસથી વરલી સુધીનો વિસ્તાર નાગરિક માટે ખુલ્લો મૂકવામાં આવશે.

પ્રિયદર્શની પાર્કથી બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા સુધીના નવા પ્રોમોનેડ આઈકોનિક ૩.૫ કિલોમીટરના મરીન ડ્રાઈવ પ્રોમોનેડ કરતા બમણાથી વધુ લંબાઈનો છે. ટાટા ગાર્ડનથી હાજી અલી સુધીનો ૨.૭૫ કિલોમીટરનો પટ્ટો અને લવગ્રોવ નાળું( વરલી ગટર) અને બી.એમ. ઠાકરે ચોક વચ્ચેનો ૨.૫ કિલોમીટરનો પટ્ટાનું કામ ગયા મહિને પૂરું થયું હતું. એક મહિનાની રાહ જોવડાવ્યા બાદ આખરે પ્રોમોનેડ અને ફોર પૅડેસ્ટ્રીયન અંડરપાસ જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે.

આ પ્રોમોનેડમાં ૧૯ એક્સેસ પોઈન્ટ હશે, જેમાં હાલમાં ભુલાભાઈ દેસાઈ રોડ પર આકૃતિ પાર્કિંગ બિલ્ડિંગ, વત્સલાબાઈ દેસાઈ ચોક (હાજી અલી જંકશન), વરલી મિલ્ક સ્કૂલ પાસે ખાન અબ્દુલ ગફાર ખાન રોડ અને વરલીમાં બિંદુમાધવ ઠાકરે જોક જેવા સ્થળોએ રાહદારીઓ માટે પ્રવેશ ઉપલબ્ધ રહેશે. બધા અંડરપાસમાં સીડી અને રેમ્પ છે, જેથી સાયકલસવારો અને દિવ્યાંગ લોકો માટે પ્રવેશ સરળ બની રહેશે. આ પ્રોમોનેડમાં ફિટનેસ સુવિધા પણ રહેશે, જેમાં ડેડીકેટેડ સાઈકલ ટ્રેક, બેસવા માટે વ્યવસ્થા સાથે દરિયાકિનારા પર લીલાછમ વૃક્ષો હશે. ■

# આજે એકનાથ શિંદે અને આદિત્ય ઠાકરે એક મંચ પર આવશે

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે એક મંચ પર જોવા મળશે કે નહીં તેની ચર્ચાઓ અત્યારે રાજકીય વર્તુળોમાં જોરશોરથી ચાલી રહી છે. વાસ્તવમાં, ૧૪ ઓગસ્ટે મુંબઈના વર્લીમાં બીડીડી ચાલ પુનર્વિકાસ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ ૫૫૬ લાભાર્થીઓને ઘરની ચાવીઓ સોંપવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાજર રહેવાના છે.

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ત્રણ વર્ષમાં એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરેના જૂથો વચ્ચે નદીના બે કાંઠા જેવા ભાગલા પડી રહ્યા છે. એકનાથ શિંદેએ ૨૦૨૨માં શિવસેના સામે બળવો કર્યો હતો અને ત્યારથી ઉદ્ધવ ઠાકરે જૂથ સાથેના તેમના સંબંધોમાં કોઈ સુધારો કે મધુરતા આવી નથી.

આદિત્ય ઠાકરે વર્લીના વિધાનસભ્ય છે અને પ્રોટોકોલ હેઠળ, તેમને પણ આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કારણે, એવી અટકળો ચાલી રહી છે કે શું આદિત્ય ઠાકરે અને એકનાથ શિંદે એક મંચ પર જોવા મળશે.

જો તેઓ આવશે, તો છેલ્લા કેટલાક વર્ષોમાં મહારાષ્ટ્રના રાજકારણનું આ સૌથી દુર્લભ ચિત્ર હશે, જ્યારે શિવસેનાના બંને જૂથના નેતાઓ એકસાથે જોવા મળશે. આ કાર્યક્રમ મ્હાડા દ્વારા માટુંગાના યશવંત નાટ્ય મંદિર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાજર રહેશે અને તેમના હસ્તે જ ચાવીઓનું વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમના આમંત્રણ પત્રમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો ઉલ્લેખ મુખ્ય રીતે કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વરલીના સ્થાનિક વિધાનસભ્ય આદિત્ય ઠાકરે અને સ્થાનિક સાંસદ અરવિંદ સાવંતને પણ આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. ■

## વસઈ-વિરારમાં ગેરકાયદે બાંધકામઃ

# ઇડીએ પાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવાર સહિત ચારની કરી ધરપકડ

મુંબઈઃ વસઇ-વિરા મહાનગરપાલિકાની હદમાં 'મોટા પાયે' કરાયેલાં ગેરકાયદે બાંધકામ સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગ પ્રકરણની તપાસ કરી રહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ બુધવારે પાલિકાના ભૂતપૂર્વ કમિશનર અનિલ પવાર સહિત ચારની ધરપકડ કરી હતી.

ઇડી દ્વારા ધરપકડ કરાયેલા ચાર જણમાં અનિલ પવાર સહિત સસ્પેન્ડેડ ડેપ્યુટી ડિરેક્ટર (ટાઉન પ્લાનિંગ) વાય.એસ. રેડ્ડી, ભૂતપૂર્વ નગરસેવક અને બિલ્ડર સીતારામ ગુપ્તા તથા અરુણ ગુપ્તાનો સમાવેશ થાય છે. તેમને ગુરુવારે પીએમએલએ કોર્ટમાં હાજર કરાશે.

ઇડી દ્વારા ગયા મહિને અનિલ પવાર, તેના પરિવારના સભ્યો, સહકર્મચારીઓ અને કથિત બેનામી મિલકતો તેમના નામે કરવામાં આવી છે એવા લોકો સાથે સંકળાયેલા મુંબઈ, વિરાર અને નાશિક ખાતેના ડઝન જેટલાં સ્થળે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઇઓ હેઠળ સર્ચ હાથ ધરવામાં આવી હતી. અનિલ પવારની મહાપાલિકામાંથી બદલી કરવામાં આવી હતી અને ૨૮ જુલાઇએ તેમનો વિદાય સમારંભ હતો.

મીરા-ભાયંદર પોલીસ કમિશનરેટમાં અમુક બિલ્ડર, સ્થાનિક માથાભારે લોકો અને અન્યો વિરુદ્ધ નોંધાયેલા એફઆઇઆરના આધાર પર ઇડીએ મની લોન્ડરિંગની તપાસ આદરી હતી.

૨૦૦૯માં વસઇ-વિરાર પાલિકાની હદમાં સરકારી અને ખાનગી જમીનો પર ૪૧ ગેરકાયદે બાંધકામ કરાયું હતું. આ બિલ્ડિંગો 'સિવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડમ્પિંગ ગ્રાઉન્ડ' માટે અનામત જમીન પર ઊભી કરાઇ હતી. હાઇ કોર્ટે જુલાઇ, ૨૦૨૪માં આ તમામ બિલ્ડિંગને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. ■

# વાંધા-વિરોધ ધ્યાનમાં લીધા પછી જ બે કલાક ચણનો નિર્ણય લેવો જોઈએઃ હાઈ કોર્ટ

મુંબઈઃ મુંબઈમાં કબૂતરખાનાઓ અંગે આજે મુંબઈ હાઈકોર્ટમાં સુનાવણી યોજાઈ હતી. કોર્ટે જાહેર કર્યું હતું કે કબૂતરખાનાઓ પરનો પ્રતિબંધ અમલમાં રહેશે. બીએમસીએ બુધવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે તે શરતોને આધીન દાદર કબુતરખાનામાં દરરોજ સવારે બે કલાક કબૂતરોને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાનો ઇરાદો ધરાવે છે.

જોકે, ન્યાયાધીશ જી.એસ. કુલકર્ણી અને આરિફ ડોક્ટરની બેન્ચે જણાવ્યું હતું કે આવી કોઈપણ પરવાનગી આપતા પહેલા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) એ પહેલા વાંધા-વિરોધ મંગાવતી જાહેર નોટિસ જારી કરવી પડશે અને પછી દાદરના લોકપ્રિય સ્થળે પક્ષીઓને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાનો નિર્ણય લેવો પડશે. શહેરમાં કબુતરખાના (કબૂતરોને ખોરાક આપવાના સ્થળો) બંધ કરવાનો અને કબૂતરોને ખોરાક આપવા પર પ્રતિબંધ મૂકવાનો બીએમસીનો નિર્ણય જાહેર આરોગ્યના વ્યાપક હિતમાં હોવાથી, તેની પવિત્રતા જાળવી રાખવી જોઈએ, એમ કોર્ટે અનેક અરજીઓની સુનાવણી દરમિયાન નોંધ્યું હતું.

બુધવારે, બીએમસીના વકીલ રામ આપ્ટેએ કોર્ટને જણાવ્યું હતું કે પાલિકા ચોક્કસ શરતોને આધીન સવારે ૬ થી ૮ વાગ્યા સુધી પક્ષીઓને નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપવાનો ઇરાદો ધરાવે છે.

### રેસકોર્સ પર વિચાર કરવાનો હાઈ કોર્ટનો ઈનકાર

અરજદારોએ માગ કરી હતી કે કબૂતરોને ખોરાક આપવા માટે રેસકોર્સ પર વિચાર કરવામાં આવે. ત્યારબાદ કાલે કોર્ટે વાંધો નોંધાવ્યો હતો કે શિવાજી પાર્ક, ઓવલ ગ્રાઉન્ડ ખાતે ખોરાક આપવાની માગણી કરવામાં આવશે. નિયંત્રિત ખોરાક આપવાની મંજૂરી આપતા પહેલા, જાહેર આરોગ્ય પર વિચાર કરવો જોઈએ, અને નાગરિકોના વાંધાઓ માંગવા જોઈએ.

નગરપાલિકા સીધો નિર્ણય લઈ શકતી નથી, તેમણે જાહેર આરોગ્ય પર વિચાર કરવો જોઈએ. મુંબઈ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે નાગરિકોના વાંધાઓ પર પણ વિચાર કરવો જોઈએ. ■

# મહારાષ્ટ્ર સરકારને લોકોના ખોરાકની પસંદગીઓનું નિયમન કરવામાં રસ નથીઃ મુખ્ય પ્રધાન ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારને લોકોના ખોરાકની પસંદગીઓનું નિયમન કરવામાં રસ નથી, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું અને સ્વતંત્રતા દિવસ પર કેટલાક શહેરોમાં કતલખાનાઓ અને માંસની દુકાનો બંધ કરવાના ઉગ્ર વિવાદને 'બિનજરૂરી' ગણાવ્યો હતો.

તેમણે ૩૭ વર્ષ જૂના સરકારી ઠરાવ (જીઆર)ના અસ્તિત્વ વિશે અજ્ઞાનતા દર્શાવી હતી જેમાં સ્વતંત્રતા દિવસ સહિત ચોક્કસ દિવસોમાં કતલખાનાઓ બંધ કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને નોંધ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશનો પોતાના નિર્ણયો લેવા માટે સ્વતંત્ર છે.

મહારાષ્ટ્રમાં કેટલીક પાલિકાએ ૧૫ ઓગસ્ટના રોજ કતલખાનાઓ અને માંસ વેચતી દુકાનો બંધ રાખવાનો આદેશ આપ્યો છે, જેનાથી વિવાદ સર્જાયો છે.

'રાજ્ય સરકારને કોણ શું ખાય છે તે જાણવામાં રસ નથી. અમારે બીજા ઘણા મુદ્દાઓ ઉકેલવા પડશે,' એમ ફડણવીસે અહીં પત્રકારોને જણાવ્યું.

'કેટલાક લોકોએ તો આગળ વધીને શાકાહારી લોકોને નપુંસક પણ કહ્યા. આ બકવાસ તરત જ બંધ થવો જોઈએ,' એમ પણ તેમણે કહ્યું હતું. ૧૫ ઓગસ્ટે કતલખાના બંધ કરવાના કેટલાક મ્યુનિસિપલ કોર્પોરેશનોના આદેશ અંગે પૂછવામાં આવતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, 'રાજ્ય સરકારે ક્યારેય આવો નિર્ણય લીધો નથી. ઓગસ્ટ ૧૯૮૮માં એક સરકારી ઠરાવ (જીઆર) બહાર પાડવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનો આવા નિર્ણયો (કતલખાના બંધ કરવાનો આદેશ) પોતાની મેળે લે છે. મને પણ આટલા લાંબા સમયથી આવા જીઆરની જાણ નહોતી.'

'મને પણ મીડિયા દ્વારા આ વિશે (જીઆર) જાણવા મળ્યું. (શિવસેના યુબીટી નેતા) ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન હતા ત્યારે (નવેમ્બર ૨૦૧૯-જૂન ૨૨) આવા જ નિર્ણયો લેવામાં આવ્યા હતા,' એવો અભિપ્રાય તેમણે આપ્યો હતો. ■

# મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા ટાળવા માટે ફડણવીસ સરકાર વાહિયાત વિવાદો ઊભા કરી રહી છેઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાજપની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકાર શહેરોમાં કબૂતરોને ચણ ખવડાવવા અને સ્વતંત્રતા દિવસ પર માંસના વેચાણ જેવા 'વાહિયાત' મુદ્દાઓ પર વિવાદો ઉભા કરી રહી છે જેથી ગંભીર મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવી શકાય, એવો ગંભીર આરોપ કોંગ્રેસે બુધવારે લગાવ્યો હતો.

ભાજપ તેની રાજકીય વ્યૂહરચનાના ભાગ રૂપે જાતિ આધારિત અથવા સાંપ્રદાયિક તણાવ 'રોજ ભડકાવી' રહી છે, એમ પ્રદેશ કોંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળે પત્રકારોને જણાવ્યું હતું.

સરકાર ધ્યાન ભટકાવવા માટે 'વાહિયાત' વિવાદોનું આયોજન કરી રહી છે, એમ રાજ્ય કોંગ્રેસના વડાએ જણાવ્યું હતું.

'મહારાષ્ટ્ર સરકારે લોકોને એ ન કહેવું જોઈએ કે કયા સમયે માંસ ખાવું જોઈએ, કયા મસાલા કે મીઠાનો ઉપયોગ કરવો જોઈએ; તેમણે (સરકારે) આપણી વ્યક્તિગત ટેવો, લગ્ન પરંપરા કે આપણી વિચારસરણી પ્રક્રિયાને નિયંત્રિત કરવાના પ્રયાસ ન કરવા જોઈએ. આવી બાબતોનું આપણા રાજ્યમાં કોઈ સ્થાન નથી, પરંતુ આ સરકાર જાણી જોઈને આવું કરી રહી છે,' એમ તેમણે કહ્યું હતું.

'કબૂતર (કબૂતર) જેહાદ' ઉશ્કેરવાને બદલે, સરકારે પ્રધાન મંગલ પ્રભાત લોઢા પાસેથી કબૂતરોને રાખવા માટે એક મકાન લેવું જોઈએ અને પક્ષીઓ માટે હોસ્પિટલ બનાવવી જોઈએ, એમ તેમણે મુંબઈમાં કબૂતરખાના કે કબૂતરોને ચણ ખવડાવવાના સ્થળોને આરોગ્યના જોખમોને ધ્યાનમાં રાખીને બંધ કરવા જોઈએ કે કેમ તે અંગે ચાલી રહેલી ચર્ચાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું.

લોઢા, જેમનો પરિવાર બાંધકામ વ્યવસાયમાં છે, તેમણે કબૂતરખાના પર સંપૂર્ણ પ્રતિબંધનો વિરોધ કર્યો છે.

કબૂતરના મળ અને પીંછા ગંભીર શ્વસન ચેપનું કારણ બને છે, એમ સપકાળે જણાવ્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે તેમના મિત્ર અને લેખક નરેન્દ્ર લાંજેવારનું આવા ચેપથી મૃત્યુ થયું હતું.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન (સ્વ.) વિલાસરાવ દેશમુખે દરેક જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો સામનો કરવા માટે પ્રથમ પ્રતિભાવ આપનાર દળ તરીકે 'દંગા કાબુ પથક'ની સ્થાપના કરી હતી, પરંતુ મુખ્ય પ્રધાન ફડણવીસે 'દંગા કરો પથક'ની રચના કરી છે જે નાસિક, નાગપુર અને પુણે જેવા સ્થળોની મુલાકાત લઈને સામાજિક અશાંતિ ફેલાવે છે. હવે તેઓ મુંબઈમાં પણ એ જ કામ કરી રહ્યા છે, એવો આરોપ તેમણે લગાવ્યો હતો.

'લોકો આ 'કબુતર-જેહાદ' પાછળનું સત્ય સમજી ગયા છે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ફડણવીસને 'રાજ્યના અત્યાર સુધીના સૌથી લાચાર મુખ્ય પ્રધાન' તરીકે પણ વર્ણવ્યા કારણ કે તેઓ બિનકાર્યક્ષમ પ્રધાનોને દૂર કરી શક્યા ન હતા. ■

# ધારાવી પ્રકલ્પમાં અપાત્ર કમર્શિયલ એકમોના હિતોનું પણ ધ્યાન રખાશે

મુંબઈઃ ધારાવીમાં લગભગ ૩,૫૦૦ ગારમેન્ટ યુનિટ્સ છે જે મોટા, મધ્યમ અને નાના સેટઅપમાં ૩૦,૦૦૦ થી વધુ કામદારોને રોજગારી આપે છે. આમાંથી લગભગ ૭૦ ટકા વ્યવસાયો ભાડાપટ્ટે લીધેલા પરિસરમાંથી ચાલે છે, જેના કારણે ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ (ડીઆરપી) હેઠળ ઉદ્યોગની અપેક્ષાઓ અને પાત્રતા ધોરણો વચ્ચે મેળ ખાતો નથી.

ધારાવીમાં મોટાભાગના ગાર્મેન્ટ વ્યવસાય માલિકોને ઇન-સીટુ રિડેવલપમેન્ટ લાભો માટે અપાત્ર ગણવામાં આવે છે, કારણ કે તેઓ ઉપલા માળના એકમોમાં કાર્યરત છે. ડીઆરપી અને અન્ય એસઆરએ ધોરણો અનુસાર ફક્ત વાસ્તવિક ગ્રાઉન્ડ-ફ્લોર વાણિજ્યિક એકમોને જ પાત્ર ગણવામાં આવે છે. એનએમડીપીએલનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ટેન્ડરની શરતો હેઠળ પહેલી જાન્યુઆરી, ૨૦૦૦થી અસ્તિત્વમાં રહેલા ગ્રાઉન્ડ-ફ્લોર એકમોને ૨૨૫ ચોરસ ફૂટ જગ્યા મફતમાં મળવાની હકદાર છે. ટેલિસ્કોપિક રિડક્શન ધોરણે સરકાર દ્વારા મંજૂર બાંધકામ દરે વધારાની જગ્યા પૂરી પાડવામાં આવશે.

જોકે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલ પગલું જીવનરેખા પ્રદાન કરી શકે છે. ડીઆરપીના સીઇઓ એસવીઆર શ્રીનિવાસે પુષ્ટિ આપી હતી કે સરકાર દ્વારા મંજૂર કરાયેલ દરખાસ્ત હવે ધારાવીમાં અપાત્ર વાણિજ્યિક એકમોને પણ જાળવી રાખવાની મંજૂરી આપે છે.

સરકારે ખાતરી કરી છે કે બધા જ વાસ્તવિક રહેવાસીઓને ધારાવીની અંદર કે બહાર ઘરો મળશે અને ઉદ્યોગપતિઓની આજીવિકાનું પણ રક્ષણ કર્યું છે. પુનર્વસન ઇમારતો માટે આરક્ષિત ૧૦ ટકા વાણિજ્યિક જગ્યા ભાડાની મંજૂરી આપીને અયોગ્ય ભાડે લેનારા વ્યવસાયો પણ ધારાવીમાં કાર્યરત રહી શકે છે, એમ શ્રીનિવાસે જણાવ્યું હતું.

આ સમાવેશી અભિગમનું ઉદ્યોગ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું છે, જેમણે પાત્રતા સર્વેક્ષણ દરમિયાન સંપૂર્ણ સહયોગ આપ્યો છે. ગાર્મેન્ટ યુનિટ માલિકો તરફથી કોઈ વિરોધ થયો નથી. એકમાત્ર ચિંતા એ છે કે તેમના ગુમાસ્તા લાઇસન્સ ૨૦૦૦ પછી જારી કરવામાં આવ્યા હતા અને ઘણા એકમો ઉપરના માળેથી કાર્યરત છે, જેના કારણે તેઓ ટેન્ડર ધોરણો અનુસાર તેઓ તકનીકી રીતે અપાત્ર બને છે, એમ એનએમડીપીએલના પ્રવક્તાએ સમજાવ્યું હતું. ■

# મુંબઈ ચિકનગુનિયાનો પ્રકોપઃ શહેરમાં કેસમાં ૨૦૦ ટકાનો વધારો

મુંબઈઃ મુંબઈમાં ચિકનગુનિયાના કેસ વધી રહ્યા છે. આ વર્ષે જાન્યુઆરીથી જુલાઈ સુધીમાં ૨૬૫ કેસ નોંધાયા છે, જે ૨૦૨૪ના સમાન સમયગાળામાં ફક્ત ૪૬ હતા. મહારાષ્ટ્રમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ગયા વર્ષે ૧,૧૮૯ કેસ સામે આ વર્ષે ૧,૫૧૨ કેસ નોંધાયા છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર મે મહિનામાં વરસાદની શરૂઆતથી વેક્ટર-જન્ય રોગોના ફેલાવા માટે અનુકૂળ પરિસ્થિતિઓનું નિર્માણ થયું છે, જેના કારણે આ વધારો થયો છે.

વિશ્વ આરોગ્ય સંગઠને દક્ષિણ એશિયામાં ચિકનગુનિયાની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ચિકનગુનિયા વાયરસને કારણે થાય છે, જે ચેપગ્રસ્ત માદા મચ્છરો, મુખ્યત્વે એડીસ એજીપ્ટી અને એડીસ આલ્બોપિક્ટસના કરડવાથી ફેલાય છે. આ મચ્છર દિવસ દરમિયાન સક્રિય હોય છે અને ડેન્ગ્યુ અને ઝિકા વાયરસ પણ ફેલાવી શકે છે. એકંદરે મૃત્યુદર ઓછો છે, પરંતુ ગંભીર લક્ષણો બાળકો અને વૃદ્ધોને અસર કરી શકે છે.

ચિકનગુનિયાના લક્ષણો ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા જ હોય છે. જેમાં સામાન્ય રીતે અચાનક તાવ આવવો, સાંધામાં તીવ્ર દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, માથાનો દુખાવો, ઉબકા, થાક અને શરીર પર ચકામાનો સમાવેશ થાય છે. ચેપ સામાન્ય રીતે પોતાની જાતે જ ઠીક થઈ જાય છે, પરંતુ સાંધાનો દુખાવો લાંબો સમય,ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી ચાલુ રહે છે જે દર્દીને અશક્ત કરે છે. તાવ અને સાંધાના દુખાવામાં રાહત માટે સારવાર આપવામાં આવે છે, કોઈ ચોક્કસ એન્ટિવાયરલ દવાઓ ઉપલબ્ધ નથી. બે રસીઓ મંજૂર કરવામાં આવી છે પરંતુ તેનો વ્યાપક ઉપયોગ થતો નથી.

મોટે ભાગે ચોમાસા પછી જ્યારે મચ્છરોની વસ્તી વધુ હોય ત્યારે ચિકનગુનિયા ચક્રીય અને ઋતુગત પેટર્ન પ્રમાણે, દર ચારથી આઠ વર્ષે રોગચાળો ફેલાય છે. નિવારક પગલાંઓમાં સંગ્રહિત પાણીનો યોગ્ય નિકાલ કરીને અને લાંબી બાંયના કપડાં પહેરવા, મચ્છરોના પ્રજનન સ્થળો ઘટાડવાનો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં નાગરિક સત્તાવાળાઓ જંતુનાશકોનો ઉપયોગ કરી રહ્યા છે, ગંદા પાણી સામે કાયદા લાગુ કરી રહ્યા છે અને પ્રજનન સ્થળોને શોધવા માટે ડ્રોનનો ઉપયોગ કરી રહ્યા છે. ■

# ગિરગામમાં ફ્લેટ હોવા છતાં મુંડે બંગલો ખાલી કરવા તૈયાર નથી

મુંબઈઃ સામાજિક કાર્યકર્તા અંજલી દમણિયાએ બુધવારે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને એનસીપીના વિધાનસભ્ય ધનંજય મુંડેએ મુંબઈમાં તેમનો સરકારી બંગલો ૪૮ કલાકમાં ખાલી કરવો જોઈએ એવી માગણી કરી હતી અને એવો દાવો કર્યો હતો કે તેમણે નિવાસસ્થાનનો આટલો સમય ઉપયોગ કર્યો તે બદલ રાજ્ય સરકારે તેમની પાસેથી ૪૬ લાખ રૂપિયા વસૂલ કરવા જોઈએ. દમણિયાએ ચેતવણી આપી હતી કે જો મુંડે 'સાતપુડા' બંગલો ખાલી કરવામાં અને બાકી રહેલા ૪૬ લાખ રૂપિયા ચૂકવવામાં નિષ્ફળ જશે, તો તેઓ રાજ્ય સરકારને કાનૂની નોટિસ મોકલશે. મુંડેએ અગાઉ એવો દાવો કર્યો હતો કે તેમની પાસે મુંબઈમાં ઘર નથી, પરંતુ તેમના ૨૦૨૪ના ચૂંટણી સોગંદનામામાં ગિરગામ ચોપાટી ખાતે એક ફ્લેટનો ઉલ્લેખ છે જે હાલમાં ઉપયોગમાં નથી. તેથી, તેમના માટે સત્તાવાર બંગલામાં રહેવાનું ચાલુ રાખવું ખોટું છે. મધ્ય મહારાષ્ટ્રના બીડ જિલ્લાના એનસીપીના નેતાએ પાંચ મહિનાથી વધુ સમય પહેલા અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ખાતાના પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું, પરંતુ તેમણે સરકારી નિવાસસ્થાન ખાલી કર્યું નથી. માર્ચની શરૂઆતમાં મુંડેએ રાજીનામું આપ્યું હતું. ■

# ૩,૧૫૩ બેવારસ, નકામા અને ભંગાર વાહનોને સુધરાઈની નોટિસ

મુંબઈઃ સાર્વજનિક રસ્તા પર ગેરકાયદેસર રીતે ત્યજી દીધેલા બેવારસ તેમ જ નકામા અને ભંગાર વાહનોનો નિકાલ લાવવાની કાર્યવાહી મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધરી છે, જેમાં ૧૨ ઑગસ્ટ, ૨૦૨૫ સુધીમાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાંથી કુલ ૪,૩૨૫ બેવારસ વાહનો મળી આવ્યા છે. તેમાંથી ૩,૧૫૩ વાહનમાલિકને પાલિકાએ નોટિસ ફટકારી છે. તો ૧,૯૨૭ બેવારસ તથા નકામા અને ભંગાર વાહનોને ટોઈંગ કરીને કૉન્ટ્રેક્ટરના યાર્ડમાં મોકલવામાં આવ્યા છે. મુંબઈના રસ્તા પર ગમે ત્યાં વાહનો પાર્ક કરવાને કારણે ટ્રાફિક જૅમની સમસ્યા તો સર્જાતી હોય છે પણ અમુક વખતે તે સુરક્ષાની દૃષ્ટિએ જોખમી પણ સાબિત થતા હોય છે. તેથી સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીએ રસ્તાની એક તરફ ત્યજી દેવામાં આવેલા બેવારસ તેમ જ નકામા ભંગાર વાહનોનો નિકાલ લાવવા માટે પૉલિસી નક્કી કરી છે, જે અંતર્ગત સાર્વજનિક સ્થળે લાંબા સમય સુધી પડી રહેલા બેવારસ વાહનોના માલિકની ઓળખ કરીને નિયમ અનુસાર તેનો નિકાલ લાવવા માટે પાલિકાએ શહેર, પૂર્વ ઉપનગર અને પશ્ચિમ ઉપનગરમાં કૉન્ટ્રેક્ટરની નિમણૂક કરી છે. ■

# સંજુ સેમસન અટવાયોઃ સીએસકેની ગાયકવાડ, જાડેજા, દુબેના ટ્રેડની ના

ચેન્નઈ: ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૬ (આઈપીએલ ૨૦૨૬)ના મિનિ ઓક્શન અગાઉ રાજસ્થાન રોયલ્સમાંથી સંજુ સેમસનની સંભવિત વિદાયની ચર્ચાઓ ચાલી રહી છે. એક રિપોર્ટ અનુસાર, ચેન્નઈ સુપર કિંગ્સે ટ્રેડ માટે રાજસ્થાન રોયલ્સનો સંપર્ક કર્યો હતો પરંતુ રાજસ્થાને પોતાના કેપ્ટનને સીએસકેના ત્રણ ખેલાડીઓમાંથી એક સાથે બદલવાના પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો.



થોડા દિવસ અગાઉ સમાચાર આવ્યા હતા કે સેમસને રોયલ્સને વિનંતી કરી હતી કે તે રિલીઝ કરે અથવા ટ્રેડ કરી દે. બાદમાં ફ્રેન્ચાઇઝના મુખ્ય માલિક મનોજ બડાલેએ વ્યક્તિગત રીતે તમામ નવ આઇપીએલ ટીમોનો સંપર્ક કર્યો છે, અને પોતે વાટાઘાટોનું નેતૃત્વ કર્યું છે.

તાજેતરના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે બડાલે સેમસનના બદલામાં ચોક્કસ ખેલાડીઓના નામ પણ રજૂ કર્યા હતા અને ટ્રેડની નજીક પહોંચી ગયા હતા. ચેન્નઈ ટીમેમાંથી ઋતુરાજ ગાયકવાડ, રવિન્દ્ર જાડેજા અથવા શિવમ દુબેના ટ્રેડની બડાલેની ઈચ્છા હતી.

જોકે, પાંચ વખતની ચેમ્પિયન ટીમ આમાંથી કોઈ પણ ખેલાડીને છોડવા તૈયાર નથી. જેના કારણે જયપુરથી ચેન્નઈનો સેમસન ટ્રેડ અટકી પડ્યો છે.

રિપોર્ટમાં ઉમેરવામાં આવ્યું છે કે સેમસનનું નામ હરાજીમાં સામેલ થવાની શક્યતા ઓછી છે, કારણ કે ઘણી ફ્રેન્ચાઇઝીઓએ તેને સીધો ટ્રેડ કરવામાં રસ દાખવ્યો છે. તે હજુ પણ રાજસ્થાનમાં રહી શકે છે, કારણ કે આવી પરિસ્થિતિઓમાં ખેલાડીઓ પાસે વિકલ્પ સીમિત હોય છે પરંતુ જોસ બટલરને રિલીઝ કરવાના નિર્ણય સહિત અનેક મુદ્દાઓને લઈને બંને પક્ષો વચ્ચે તણાવ વધ્યો હોવાના અહેવાલ છે.

સેમસને ગત આઇપીએલ સીઝન અગાઉ કહ્યું હતું કે તેને (બટલર)ને રિલીઝ કરવો એ મારા માટે સૌથી પડકારજનક નિર્ણયોમાંનો એક રહ્યો છે. ઇંગ્લેન્ડ શ્રેણી દરમિયાન મેં તેને ડિનર પર કહ્યું હતું કે હું હજી પણ તે નિર્ણયમાંથી બહાર નીકળી શક્યો નથી. સંજુ સેમસને આર. અશ્વિન સાથેના તાજેતરના પોડકાસ્ટ દરમિયાન ફ્રેન્ચાઇઝીની પ્રશંસા કરી હતી. ■

# નિવૃત્તિની અટકળો વચ્ચે રોહિત શર્મા વન-ડે રેન્કિંગમાં બીજા ક્રમે

દુબઇઃ ભારતીય વનડે ટીમના કેપ્ટન રોહિત શર્મા પુરુષોની વનડે આઈસીસી બેટિંગ રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો છે. બુધવારે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા જાહેર કરાયેલી નવી વન-ડે રેન્કિંગમાં રોહિત શર્મા એક સ્થાન આગળ વધીને બીજા સ્થાને પહોંચી ગયો છે. તેણે પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમને પાછળ છોડી દીધો છે. વાસ્તવમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની તાજેતરની વન-ડે સિરિઝમાં બાબર કંઈ ખાસ કરી શક્યો નહીં પરિણામે તે ત્રીજા સ્થાને સરકી ગયો હતો.



રોહિત શર્માએ નવ માર્ચ ૨૦૨૫ના રોજ ન્યૂઝિલેન્ડ સામે છેલ્લી વન-ડે મેચ રમી હતી. રોહિત શર્મા રેન્કિંગમાં બીજા સ્થાને પહોંચી ગયો હતો. જ્યારે બાબર આઝમ ત્રીજા નંબર પર સરકી ગયો છે. ટીમ ઇન્ડિયાનો આશાસ્પદ યુવા બેટ્સમેન શુભમન ગિલ ટોચ પર યથાવત્ છે. રોહિત શર્માના ૭૫૬ રેટિંગ પોઈન્ટ છે, જ્યારે બાબર આઝમના ૭૫૧ છે. બીજી તરફ નંબર વન શુભમન ગિલ ૭૮૪ પોઈન્ટ સાથે રેન્કિંગમાં નંબર વન છે. વિરાટ કોહલી યાદીમાં ચોથા નંબર પર છે, જે લાંબા સમયથી વન-ડે ક્રિકેટ રમ્યો નથી. તેના ૭૩૬ પોઈન્ટ છે. ન્યૂઝિલેન્ડનો ડેરિલ મિશેલ પાંચમા ક્રમે, શ્રીલંકાના ચરિથ અસલંકા છઠ્ઠા ક્રમે અને હેરી ટેક્ટર સાતમા ક્રમે છે. શ્રેયસ ઐય્યર આઠમા ક્રમે અને અફઘાનિસ્તાનનો ઇબ્રાહિમ ઝદરાન નવમા ક્રમે છે. કુસલ મેન્ડિસ ૧૦મા ક્રમે છે. આ રીતે, ટોપ-૧૦માં ચાર ભારતીય અને બે શ્રીલંકાના ખેલાડીઓ છે, જ્યારે પાકિસ્તાનનો માત્ર એક ખેલાડી છે. ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો કોઈ ખેલાડી નથી. ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ ૧૨મા ક્રમે, દક્ષિણ આફ્રિકાનો રાસી વાન ડેર ડુસેન ૧૪મા ક્રમે અને ઇંગ્લેન્ડનો બેન ડકેટ ૧૬મા ક્રમે છે. ■

# અર્જુન તેંડુલકરની સાનિયા ચંડોક સાથે સગાઈ

મુંબઈઃ દિગ્ગજ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરના ક્રિકેટર દીકરા અર્જુન તેંડુલકરે બુધવારે મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ રવિ ઘાઈની પૌત્રી સાનિયા ચંડોક સાથે સગાઈ કરી હતી.

ઘાઈ પરિવાર હૉસ્પિટાલિટી અને રેસ્ટૉરાં ઉદ્યોગમાં અગ્રણી છે. ઘાઈ પરિવાર પાસે ઇન્ટરકોન્ટિનેન્ટલ હૉટેલ અને આઈસ્ક્રીમ બ્રાન્ડ બ્રુકલિન ક્રીમરીની માલિકી છે.

આ સગાઈ એક ખાનગી પ્રસંગ હતો, જેમાં બંને પક્ષના નજીકના મિત્રો અને પરિવારજનો હાજર રહ્યા હતા.

પચીસ વર્ષીય અર્જુન ડાબોડી ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર છે જે ઘરેલુ ક્રિકેટમાં ગોવાનું પ્રતિનિધિત્વ કરે છે અને ઇન્ડિયન પ્રીમિયર લીગમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે પણ રમી ચૂક્યો છે.

તેણે ૨૦૨૦/૨૧ સીઝનમાં મુંબઈ સાથે પોતાની ઘરેલુ કારકિર્દીની શરૂઆત કરી હતી, હરિયાણા સામેની ટી૨૦ મેચમાં તેણે ડેબ્યુ કર્યું હતું. તેણે જુનિયર સ્તરે મુંબઈનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને ભારત અન્ડર૧૯ ટીમમાં સ્થાન મેળવ્યું હતું. ■



# વેસ્ટ ઈન્ડિઝ પાંચ પાકિસ્તાનીને ઝીરોમાં આઉટ કરીને ૩૪ વર્ષે જીત્યું સિરીઝ

## ▸ કેરિબિયનોએ ૧-૨ની હારનો બદલો ૨-૧થી લીધો

ટેરોબાઃ વેસ્ટ ઈન્ડિઝે અહીં મંગળવારે પાકિસ્તાન સામેની વન-ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી. કેરિબિયનો ૩૪ વર્ષે પાકિસ્તાન સામે વન-ડે શ્રેણી જીત્યા છે. પાકિસ્તાનની ટીમ ૨૯૫ રનના લક્ષ્યાંક સામે ફક્ત ૯૨ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી જેમાં કુલ પાંચ બેટ્સમેનના ઝીરો હતા.



શાઈ હોપની કેપ્ટન્સીમાં વેસ્ટ ઇન્ડિઝે મંગળવારે શ્રેણીની છેલ્લી મેચ ૨૦૨ રનના તોતિંગ તફાવતથી જીતી લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝ કોઈ મોટા ક્રિકેટ-રાષ્ટ્ર સામે ૨૦૦ રનના માર્જિનથી વન-ડે જીત્યું હોય એવું ૧૧ વર્ષે બન્યું છે. આ પહેલાં વેસ્ટ ઇન્ડિઝે ન્યૂ ઝીલેન્ડને એક વન-ડેમાં ૨૦૩ રનથી હરાવ્યું હતું.

### અગાઉનો વિજય છેક ૧૯૯૧માં મેળવેલો

વેસ્ટ ઈન્ડિઝ આ અગાઉ ૧૯૯૧માં પાકિસ્તાન સામે વન-ડે સિરીઝ જીત્યું હતું. ત્યાર પછીની ૧૧માંથી ૧૦ શ્રેણીમાં પાકિસ્તાનનો વિજય થયો હતો અને એક સિરીઝ ડ્રો થઈ હતી.

કેરિબિયનો છેલ્લે ૧૯૯૧માં પાકિસ્તાન સામે જે વન-ડે સિરીઝ જીત્યા હતા એમાં રિચી રિચર્ડ્સન કેપ્ટન હતો અને તેની ટીમમાં ડેસ્મન્ડ હેઈન્સ, બ્રાયન લારા, કાર્લ હૂપર, માલ્કમ માર્શલ, કર્ટલી ઍમ્બ્રોઝ જેવા દિગ્ગજો હતા. ઇમરાન ખાન ત્યારે પાકિસ્તાનનો કેપ્ટન હતો.

### પચીસ વર્ષમાં પ્રથમ જીત

પાકિસ્તાન સામે વેસ્ટ ઈન્ડિઝ કોઈ સિરીઝ જીત્યું હોય એવું પચીસ વર્ષમાં પહેલી વખત બન્યું છે. છેલ્લે ૨૦૦૦ની સાલમાં વેસ્ટ ઈન્ડિઝનો પાકિસ્તાન સામે ટેસ્ટ સિરીઝમાં વિજય થયો હતો અને ત્યાર પછીની કુલ ૨૪ શ્રેણીમાંથી ૨૦ શ્રેણીમાં પાકિસ્તાનની જીત થઈ હતી અને ચાર શ્રેણી ડ્રોમાં પરિણમી હતી.

મંગળવારે પાકિસ્તાન સામેની અંતિમ વન-ડેમાં વેસ્ટ ઇન્ડિઝે ૫૦ ઓવરમાં છ વિકેટે ૨૯૪ રન કર્યા હતા. એમાં કેપ્ટન શાઈ હોપ (૧૨૦ અણનમ, ૯૪ બોલ, પાંચ સિક્સર, દસ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું.

### સીલ્ઝની છ વિકેટ, એમાં ચારનાં ઝીરો

પાકિસ્તાનની ટીમ ફક્ત ૯૨ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ૨૩ વર્ષની ઉંમરના ફાસ્ટ બોલર જેડન સીલ્ઝે માત્ર ૧૮ રનમાં છ વિકેટ અને સ્પિનર ગુડાકેશ મોટીએ ૩૭ રનમાં બે વિકેટ લીધી હતી. તેમના બોલિંગ આક્રમણ સામે પાકિસ્તાનની બેટિંગ લાઈન-અપ ઝૂકી ગઈ હતી. સીલ્ઝની છ વિકેટમાં ચાર બેટ્સમેનના ઝીરો હતા. વેસ્ટ ઈન્ડિઝના બોલર્સના કિસ્સામાં આવું અગાઉ એક જ વખત બન્યું હતું. ૧૯૭૯ના વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝના જોએલ ગાર્નરે ઇંગ્લેન્ડની છ વિકેટ લીધી હતી જેમાં ચાર બેટ્સમેનના ઝીરો હતા.

### પહેલા આઠ રનમાં ત્રણ વિકેટ પડી હતી

એક તબક્કે પાકિસ્તાને ફક્ત આઠ રનમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. બે વખત એવું બન્યું હતું જેમાં પાકિસ્તાને ઉપરાઉપરી બે બોલમાં બે વિકેટ ગુમાવી હતી. ખુદ કેપ્ટન મોહમ્મદ રિઝવાન સહિત પાંચ બેટ્સમેન શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠા હતા. બાબર આઝમ માત્ર નવ રન કરીને આઉટ થઇ ગયો હતો.

### વેસ્ટ ઈન્ડિઝે બરાબર બદલો લીધો

વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસની શરૂઆતમાં પાકિસ્તાને ટી-૨૦ સિરીઝ ૨-૧થી જીતી લીધી હતી, પરંતુ હવે વેસ્ટ ઈન્ડિઝે વન-ડે શ્રેણી ૨-૧થી જીતીને સાટું વાળી લીધું છે. ■

# પ્રથમ વન-ડેમાં ચાર વિકેટથી ઓસ્ટ્રેલિયાને હરાવ્યું મહિલાઓની ઈન્ડિયા-એ ટીમે

બ્રિસબેનઃ ઈન્ડિયા-એ મહિલા ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. બંને ટીમો વચ્ચે શ્રેણીની પ્રથમ વન-ડે મેચ બ્રિસ્બેનમાં રમાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ ચાર વિકેટથી જીત મેળવી હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા-એ મહિલા ટીમ ૪૭.૫ ઓવરમાં ૨૧૪ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં ઈન્ડિયા-એ મહિલા ટીમે સાત વિકેટ ગુમાવીને ૪૨ ઓવરમાં આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ટીમ ઈન્ડિયા માટે આ મેચમાં યાસ્તિકા ભાટિયાએ ૫૯ રનની શાનદાર ઇનિંગ રમી હતી. ટીમ ઈન્ડિયા હાલમાં ચાર મેચની શ્રેણીમાં ૧-૦થી આગળ છે.

મેચની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયા મહિલા ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરવા આવેલી ઓસ્ટ્રેલિયા મહિલા ટીમની શરૂઆત સારી નહોતી. ટીમને ૨૩ રનના સ્કોર પર પહેલો ઝટકો લાગ્યો, જ્યારે ઓપનર તાહલિયા વિલ્સન ૧૦ બોલમાં સાત રન કરીને આઉટ થઈ ગઈ હતી. એલિસા હીલી ૧૪ રન કરીને પેવેલિયન પરત ફરી હતી. કેપ્ટન તાહલિયા મેકગ્રા પણ ૧૭ બોલમાં નવ રન કરીને આઉટ થઈ ગઈ હતી. એક સમયે એવું લાગતું હતું કે ઓસ્ટ્રેલિયન ટીમ ૨૦૦ રન પણ કરી શકશે નહીં પરંતુ મિડલ ઓર્ડર્સ બેટ્સમેન રશેલ ટ્રેનામન અને અનિકા લીરોયડ બંનેએ શાનદાર ઇનિંગ્સ રમી અને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચા હતી. રશેલે આ મેચમાં ૬૨ બોલમાં છ ચોગ્ગાની મદદથી ૫૧ રન કર્યા હતા. લીરોયડે ૯૦ બોલમાં ૯૨ રનની ઇનિંગ્સ રમી હતી. મેચમાં ઓસ્ટ્રેલિયન મહિલા ટીમની માત્ર ચાર બેટ્સમેન બે આંકડાના સ્કોરને સ્પર્શવામાં સફળ રહ્યા હતા. ૨૧૬ રનના લક્ષ્યનો પીછો કરતા ટીમ ઈન્ડિયાને તેમના ઓપનિંગ બેટ્સમેનોથી શાનદાર શરૂઆત મળી હતી. યાસ્તિકા ભાટિયાએ અડધી સદી ફટકારી હતી. તે ૭૦ બોલમાં ૫૯ રન કરીને આઉટ થઈ ગઈ હતી. શેફાલી વર્માએ ૩૧ બોલમાં ૩૬ રનની ઇનિંગ રમી હતી. બંને આઉટ થયા બાદ ધારા ગુર્જરે ત્રીજા નંબરે બેટિંગ કરી અને ૫૩ બોલમાં ૩૧ રનનું યોગદાન આપ્યું હતું. જોકે એક સમયે ટીમ ઈન્ડિયાના પાંચ બેટ્સમેન ૧૫૫ના સ્કોર પર પેવેલિયન પરત ફર્યા હતા. અહીંથી રાઘવી બિષ્ટ અને રાધા યાદવે સમજદારીપૂર્વક બેટિંગ કરી અને ભારતને સરળ જીત અપાવી હતી. બિષ્ટ ૩૪ બોલમાં ૨૫ રન કરીને અણનમ પરત ફરી હતી. રાધા યાદવે ૧૯ રન કર્યા હતા. ભારતે ૪૨ ઓવરમાં આ લક્ષ્યને હાંસલ કર્યો હતો. સિરિઝની બીજી મેચ હવે ૧૫ ઓગસ્ટે આ જ મેદાન પર રમાશે. ■

# સ્પોર્ટ્સ બિલ છ મહિનામાં અમલી કરાશેઃ માંડવિયા

નવી દિલ્હીઃ કેન્દ્રિય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે જણાવ્યું હતું કે સંસદમાં સરળતાથી પસાર થયા પછી ઐતિહાસિક નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ આગામી છ મહિનામાં લાગુ કરવામાં આવશે અને નિયમોનો મુસદ્દો તૈયાર કરવા અને માળખાગત સુવિધાઓની ઓળખ કરવા સહિતના પ્રારંભિક કાર્યો શરૂ કરી દેવામાં આવ્યા છે.



સંસદના બંને ગૃહોમાં બિલ પસાર થયા પછીના પોતાના પહેલા ઇન્ટરવ્યૂમાં માંડવિયાએ બિલની જોગવાઈને 'માનક સુરક્ષા' તરીકે વાજબી ઠેરવી હતી જે સરકારને અપવાદરૂપ પરિસ્થિતિઓમાં ભારતીય ટીમો અને વ્યક્તિગત ખેલાડીઓની આંતરરાષ્ટ્રીય ભાગીદારી પર 'યોગ્ય પ્રતિબંધો લાદવાની' વિવેકાધીન સત્તા આપે છે.

માંડવિયાએ તેમના નિવાસસ્થાને એક વિશેષ ઈન્ટરવ્યૂમાં પીટીઆઈને જણાવ્યું હતું કે, 'આ બિલ શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવામાં આવશે. આગામી છ મહિનામાં ૧૦૦ ટકા અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવશે.' આ બિલ પસાર થતાં ભારત રમતગમત કાયદાનો અમલ કરનાર ૨૧મો દેશ બનશે. તેની સૌથી મહત્ત્વપૂર્ણ જોગવાઈઓના અમલીકરણ માટે રાષ્ટ્રીય રમતગમત સંઘોને માન્યતા આપવા માટે રાષ્ટ્રીય રમતગમત બોર્ડ (એનએસબી), વિવાદો ઉકેલવા માટે નેશનલ સ્પોર્ટ્સ ટ્રિબ્યૂનલ (એનએસટી) અને એનએસએફ ચૂંટણીઓની દેખરેખ માટે નેશનલ સ્પોર્ટ્સ ઈલેક્શન પેનલ (એનએસઈપી) ની સ્થાપના કરવાની જરૂર પડશે.

રમતગમત મંત્રીએ કહ્યું હતું કે, 'પદને બનાવવા અને અન્ય વહીવટી મંજૂરીઓ માટે કર્મચારી અને તાલીમ વિભાગ અને ખર્ચ વિભાગની સ્થાપિત પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવશે.' તેમણે વધુમાં કહ્યું હતું કે, 'ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે બંને સંસ્થાઓ (એનએસબી અને એનએસટી) કાયદાકીય અને પ્રક્રિયાગત આવશ્યકતાઓ અનુસાર શક્ય તેટલી વહેલી તકે સંપૂર્ણ રીતે કાર્યરત થાય.'

તેમણે એ પણ દોહરાવ્યું હતું કે આ બિલ 'સ્વતંત્રતા પછી રમતગમતમાં સૌથી મોટો સુધારો' છે. આ બિલને એનએસએફ અને ખેલાડીઓ બંને તરફથી વ્યાપક સમર્થન મળ્યું છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન શરૂઆતમાં તેના વિશે શંકાસ્પદ હતું પરંતુ રમતગમત મંત્રી સાથે વ્યાપક ચર્ચા પછી તેણે તેને ટેકો પણ આપ્યો છે. ■

# દુલીપ ટ્રોફીમાં વેસ્ટ ઝોનના કોચ બન્યા કિરણ પોવાર

મુંબઈઃ મુંબઈના ભૂતપૂર્વ ક્રિકેટર કિરણ પોવારને દુલીપ ટ્રોફી માટે વેસ્ટ ઝોન ટીમના કોચ બનાવવામાં આવ્યા છે. દુલીપ ટ્રોફી ૨૮ ઑગસ્ટથી બેંગલૂરુમાં શરૂ થઈ રહી છે. આ સિઝનમાં આ ટૂર્નામેન્ટ ફરીથી ક્ષેત્રીય ફોર્મેટમાં રમાશે અને બેંગલૂરુમાં બીસીસીઆઈના 'સેન્ટર ઑફ એક્સેલન્સ' ગ્રાઉન્ડ પર યોજાશે.

દુલીપ ટ્રોફીની પહેલી મેચ નોર્થ ઝોન અને ઈસ્ટ ઝોન વચ્ચે રમાશે. ગુજરાતના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન પલ્લવ વોરાને સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મુંબઈ ક્રિકેટ એસોસિયેશન દ્વારા કરવામાં આવેલી અન્ય નિમણૂકોમાં, ડૉ. જયદેવ પંડ્યાને ફિઝિયો, મહેશ પાટિલને 'સ્ટ્રેન્થ ઍન્ડડ કન્ડિશનીંગ' કોચ, પ્રદીપસિંહ ચંપાવતને ટીમ વિશ્લેષક અને આકાશ ચૌધરીને મસાજ કરનાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે દત્તા મીઠબાવકર ટીમ મેનેજર રહેશે.

ટૂનામેન્ટની ૨૦૨૩-૨૪ સિઝનમાં અગાઉના ઝોનલ વર્ઝનની ફાઇનલમાં પહોંચેલી વેસ્ટ ઝોન અને સાઉથ ઝોનની ટીમો સેમિ-ફાઇનલ તબક્કામાં તેમના અભિયાનની શરૂઆત કરશે, જ્યારે અન્ય ચાર ટીમ ક્વાર્ટર-ફાઇનલથી શરૂઆત કરશે. ■

# કુસ્તીબાજ સુશીલ કુમારના હત્યાકેસમાં જામીન રદ કર્યા

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે બુધવારે ભૂતપૂર્વ જુનિયર રાષ્ટ્રીય વિજેતા સાગર ધનકરની દિલ્હીમાં છાત્રશાળ સ્ટેડિયમમાં કરાયેલી હત્યાના કેસમાં ઑલિમ્પિક ચંદ્રક વિજેતા સુશીલ કુમારને અપાયેલા જામીન રદ કર્યા છે. જસ્ટિસ સંજય કારોલ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રની બેન્ચે સુશીલ કુમારને જામીન આપવાના દિલ્હી હાઈ કોર્ટના હુકમને બાજુ પર મૂકી દીધો છે. કુસ્તીબાજને એક અઠવાડિયામાં શરણે થવાનો સમય આપ્યો છે. સાગર ધનકરના પિતા અશોક ધનકરે દિલ્હી હાઈ કોર્ટના જામીન આપવાના હુકમને પડકાર્યો હતો. કુમાર અને બીજાઓએ મે ૨૦૨૧માં કથિત સંપત્તિ વિવાદમાં સાગરને જીવલેણ માર મારવાનો આરોપ છે. સાગર ધનકરના બે મિત્રો પણ આ હુમલામાં ઘાયલ થયા હતા. પોસ્ટમોર્ટમના અહેવાલ પ્રમાણે સાગર પર તીક્ષ્ણ વસ્તુથી હુમલો કરતાં તેને મગજમાં ડેમેજ થઈ હતી. કુમારની મે ૨૦૨૧માં ધરપકડ કરવામાં આવી હતી અને સેશન્સ કોર્ટે ૧૯ જુલાઈ, ૨૦૨૩એ ઘૂંટણની સર્જરી કરવા વચગાળાના જામીન આપ્યા હતા. ■



# ગેરકાયદે ઑનલાઈન બેટિંગ ઍપ કેસઃ ઈડીએ કરી સુરેશ રાઈનાની પૂછપરછ



નવી દિલ્હીઃ મની લૉન્ડરિંગ કેસ સાથે સંકળાયેલી ગેરકાયદે ઑનલાઈન બેટિંગ ઍપ સંબંધિત કેસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ બુધવારે ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રાઈનાની પૂછપરછ કરી હતી, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ઈડી સમક્ષ બુધવારે ૧૧:૦૦ વાગ્યે હાજર થતાં અગાઉ ૩૮ વર્ષનો સુરેશ રાઈના સેન્ટ્રલ દિલ્હીસ્થિત ઈડીના કાર્યાલયની બહાર ઈડીના કર્મચારીઓ તેમ જ સીઆઈએસએફના અધિકારીઓ સાથે વાતચીત કરતો જોવા મળ્યો હતો.

વનએક્સબૅટ નામ ધરાવતી સ્પોર્ટ્સ બેટિંગ ઍપ સંબંધિત તપાસના ભાગરૂપ પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત ઈડીએ રાઈનાનું નિવેદન નોંધ્યું હતું.

રાઈના ચોક્કસ જાહેરાતના કરાર મારફતે આ ઍપ સાથે સંકળાયેલો હોવાનું માનવામાં આવે છે. રાઈના આ ઍપ સાથે કઈ રીતે સંકળાયેલો હતો અને તેણે ફી તરીકે કેટલી રકમ મેળવી હતી તેમ જ બંને વચ્ચે વાતચીત-સંદેશવ્યવહારનું માધ્યમ કયું હતું એ સહિત ઈડી તમામ માહિતી મેળવવા માગતું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તપાસના ભાગરૂપ ઈડીએ તાજેતરમાં જ ગૂગલ અને મૅટાના પ્રતિનિધિઓને પણ પૂછપરછ માટે બોલાવ્યા હતા.

પારિમૅચ નામ ધરાવતી ઑનલાઈન બેટિંગ ઍપ વિરુદ્ધની તપાસના ભાગરૂપ ઈડીએ મંગળવારે મુંબઈ સહિત દેશના વિવિધ વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. (એજન્સી)■

# મારા પર મારા કરતાં પણ વધુ વિશ્વાસ ગંભીરનેઃ આકાશદીપ

નવી દિલ્હીઃ ભારતીય ટીમના ફાસ્ટ બોલર આકાશદીપે જણાવ્યું હતું કે કેવી રીતે ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલે ઈંગ્લેન્ડ પ્રવાસ પર તેમનું સમર્થન કર્યું હતું. આકાશદીપે ગંભીરની ખૂબ પ્રશંસા કરી હતી. આકાશ દીપે કહ્યું હતું કે કોચને મારા પર મારા કરતા પણ વધુ વિશ્વાસ છે. આકાશદીપ ઇંગ્લેન્ડ સામે પાંચમાંથી ત્રણ ટેસ્ટ મેચ રમ્યો અને બર્મિંગમ અને લંડનમાં જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આકાશદીપ એ એક મેચમાં ૧૦ વિકેટ લઈને અને બીજી મેચમાં અડધી સદી ફટકારીને ભારતની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ઝડપી બોલર આકાશદીપે કહ્યું હતું કે ઇંગ્લેન્ડનો તેનો પહેલો પ્રવાસ ખૂબ સરળ રહ્યો કારણ કે કોચ પોતાના કરતાં વધુ તેના પર વિશ્વાસ રાખતા હતા, એક કેપ્ટન જેણે મુશ્કેલ સમયમાં તેને ટેકો આપ્યો હતો અને ઘરેલું વાતાવરણ હતું, જ્યાં પરિસ્થિતિ બહારના મેદાન કરતાં ઘર જેવી હતી. પરંતુ ઓવલમાં ૬૬ રન બનાવ્યા પછી મુખ્ય કોચ ગૌતમ ગંભીરે તેને જે કહ્યું તે તે ભૂલી શકતો નથી.

૨૯ વર્ષીય ખેલાડીએ કહ્યું હતું કે, ગૌતમભાઈએ મને કહ્યું હતું કે, તું પોતે જાણતો નથી કે તે શું કરી શકે છે. હું તને કહી રહ્યો છું કે તું આ કરી શકે છે. તમારે હંમેશાં એ જ સમર્પણ સાથે રમવું પડશે. ગૌતમભાઈ ખૂબ જ ઉત્સાહી કોચ છે. તે હંમેશાં અમને પ્રેરણા આપે છે. તે મારી બેટિંગ અને બોલિંગ બંનેમાં મારા કરતાં વધુ વિશ્વાસ રાખે છે.



તેમણે કહ્યું કે નવો કેપ્ટન શાંત છે પણ મેદાન પર તેના ઘણા વિચારો છે. તેણે કહ્યું હતું કે, 'તે ખૂબ જ સારો કેપ્ટન છે. એવું નથી કે તે નવો કેપ્ટન છે. તે છેલ્લા કેટલાંક વર્ષોથી આઇપીએલમાં કેપ્ટનશીપ કરી રહ્યો છે, જે એક મોટું પ્લેટફોર્મ છે. આ અનુભવ ઘણો મહત્ત્વ ધરાવે છે. જ્યારે કોઈ કેપ્ટન તમને ટેકો આપે છે અને વસ્તુઓને સારી રીતે સમજે છે, ત્યારે તે ઘણો ફરક પાડે છે. મેં ગયા વર્ષે તેની કેપ્ટનશિપમાં દુલીપ ટ્રોફી રમી હતી. તે શાંત ખેલાડી છે અને તેની પાસે ઘણા વિચારો છે. જ્યારે કોઈ શાંત રહે છે, ત્યારે તે મેદાન પર સારા નિર્ણયો લેવામાં મદદ કરે છે.

આ આકાશદીપનો ઇંગ્લેન્ડનો પહેલો પ્રવાસ હતો પરંતુ મોટાભાગે તેને લાગ્યું કે તે ઉપખંડીય પીચો પર રમી રહ્યો છે, જ્યાં ઝડપી બોલરો માટે ખૂબ ઓછી હિલચાલ હોય છે. અમે ઇંગ્લેન્ડમાં રમેલી પાંચ ટેસ્ટમાંથી ચારમાં પીચો સામાન્ય ઇંગ્લેન્ડની વિકેટો જેવી નહોતી જે આપણે વર્ષોથી સાંભળી કે જોઈ છે.

પોતાની ફિટનેસ વિશે વાત કરતા આકાશદીપે કહ્યું હતું કે, મેદાન પર ઇજાઓ ટાળી શકાતી નથી. જો તમારે બાઉન્ડ્રી બચાવવા માટે ડાઇવ મારવી પડે, તો તમારે તે કરવું પડશે. તમે એવું ન વિચારી શકો કે મને ઇજા થશે. આકાશદીપ અત્યાર સુધીમાં ૧૦ ટેસ્ટ મેચ રમી ચૂક્યો છે અને ૨૮ વિકેટો ઝડપી છે. જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેને ફક્ત રમતના લાંબા ફોર્મેટ માટે જ પસંદ કરવામાં આવ્યો છે, ત્યારે તેણે કહ્યું કે તેને હજુ સુધી કંઈ ચોક્કસ કહેવામાં આવ્યું નથી. જ્યારે તેમને લાગે છે કે તેમને કોઈપણ ફોર્મેટમાં મારી જરૂર છે, ત્યારે તેઓ મને ફોન કરશે. મારું કામ સારું પ્રદર્શન કરવાનું અને ટીમમાં જોડાવા માટે તૈયાર રહેવાનું છે. ■

# અમેરિકન ઇન્ફ્લેશનના ઇંધણે સુધારેલા માહોલ વચ્ચે સેન્સેક્સ ૩૦૪ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટીએ ફરી ૨૪,૬૦૦ની સપાટી હાંસલ કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના રિટેલ ફુગાવામાં નરમાઈને કારણે સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વ વ્યાજ દરમાં ઘટાડો કરશે એવી અટકળો વચ્ચે વૈશ્વિક બજારમાં આવેલા સુધારા સાથે સ્થાનિક ફૂગાવામાં પણ નોંધપાત્ર ઘટાડો થવાથી સુધરેલા સેન્ટિમેન્ટને કારણે ખાસ કરીને મેટલ, ઓટો, ફાર્મા અને નાણાકીય શેરોની આગેવાનીએ નવેસરની લેવાલી નીકળતાં શેરબજાર ગ્રીન ઝોનમાં આગળ વધ્યો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સ ૦.૩૮ ટકા અથવા ૩૦૪.૩૨ પોઈન્ટ વધીને ૮૦,૫૩૯.૯૧ પોઇન્ટ પર બંધ થયો હતો, દિવસ દરમિયાન તે ૪૪૮.૧૫ પોઇન્ટના ઉછાળા સાથે ૮૦,૬૮૩.૭૪ સુધી ઊંચે ગયો હતો. જ્યારે નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ ૦.૫૪ ટકા અથવા ૧૩૧.૯૫ પોઈન્ટ વધીને ૨૪,૬૧૯.૩૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે જુલાઈમાં છૂટક ફુગાવો ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હોવાના કારણે સ્થાનિક ઇક્વિટીમાં સકારાત્મક વલણ જોવા મળ્યું હતું. ભારતીય ઇક્વિટીમાં વ્યાપક આશાવાદ જોવા મળ્યો હતો કારણ કે સીપીઆઇ આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેના કારણે ઓટો અને ધાતુઓના નેતૃત્વમાં વિવેકાધીન ખર્ચમાં પુનરુત્થાનની આશા જાગી હતી. વૈશ્વિક સ્તરે, ચીનના ટેરિફ સમયમર્યાદાના વિસ્તરણ અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો.

ટ્રમ્પના વેપાર વલણ, ટેરિફ અને વૈશ્વિક જોખમોની આસપાસ અનિશ્ચિતતા વધતી રહી હોવાથી બજારના અંડરટોનમાં સાવચેતીનું વલણ જોવા મળે છે. રોકાણકારોની નજર ૧૫ ઓગસ્ટના રોજ ટ્રમ્પ-પુતિન મુલાકાત પર મંડાયેલી છે. મંગળવારે જાહેર કરાયેલા સરકારી ડેટા અનુસાર, રિટેલ ઇન્ફલેશન જુલાઈમાં ૧.૫૫ ટકાના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચ્યું છે, જે જાન્યુઆરી ૨૦૧૯ પછી પહેલી વાર રિઝર્વ બેંકના કમ્ફર્ટ ઝોનથી નીચુ સ્તર બતાવે છે.

ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઇટર્નલ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેન્ક, ટાટા મોટર્સ અને પાવર ગ્રીડ સેન્સેક્સના શેરોમાં ટોપ ગેઇનર હતાં, જ્યારે અદાણી પોર્ટ, આઇટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટાઇટન ટોપ લુઝર્સ શેરોની યાદીમાં હતાં. સત્રના પ્રારંભથી જ સુધારાનો માહોલ જોવા મળ્યો હતો. સવારના સત્રમાં નિફ્ટી પેકમાં એપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઇઝ, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, હીરો મોટોકોર્પ, એચડીએફસી લાઇફ ઇન્શ્યોરન્સ કંપની અને કોટક મહિન્દ્રા બેંક જેવા શેરોમાં છ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

કેપિટલ માર્કેટ નિયામક ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્રતિબંધિત કર્યા છે. કુલ રૂ. ૧૨૦ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે, અને હવે તેઓ લિસ્ટેડ કંપનીઓમાં મુખ્ય હોદ્દા પર કામ નહીં કરી શકે. એનએસડીએલમાં નફો વાર્ષિક



ધોરણે ૧૫ ટકા વધ્યો હોવા છતાં તેની આવક અપેક્ષિત લક્ષ્યાંક ચૂકી ગઇ હોવાથી તેના શેરમાં પાંચ ટકાનો ઘટાડો જોવાયો હતો.

એચએએલના નફામાં વાર્ષિક ધોરણે ચાર ટકાનો ઘટાડો થવા છતાં બ્રોકરેજિસે ડીપી વધાર્યો હોવાથી તેના શેર ત્રણ ટકા વધ્યા હતા. અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટ્રક્ચર્ડ ફાઇનાન્સમાં વિશેષતા ધરાવતી ઇન્વેસ્ટમેન્ચ મેનેજમેન્ટ ફર્મ નિસસ ફાઇનાન્સ સર્વિસીસ કંપની લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૯૧.૪૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮.૭૨ કરોડની કુલ આવક, ૮૩.૧૯ ટકાના વધારા સાથે રૂ. ૨૧.૬૯ કરોડનો એબિટા અને ૧૦૩.૫૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧૬.૮૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પ્રાઇમરી માર્કેટમાં વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડના બુક બિલ્ડ ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે અને આઇપીઓ ૨૧ ઓગસ્ટના રોજ બંધ થશે. ફાળવણી ૨૨ ઓગસ્ટના રોજ અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ ૨૬ ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૧૫થી રૂ. ૩૩૨ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૪૫ શેરની છે.

રિગલ રિસોર્સિસનો આઇપીઓ બે દિવસમાં ૭.૨૦ ગણો ભરાયો હોવાના અહેવાલ હતા. ફેક્ટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડના આઇપીઓ લાવી રહી છે. જેમ એરોમેટિક્સનો રૂ. ૪૫૧.૨૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૯ ઓગસ્ટના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ ઓગસ્ટના રોજ બંધ થશે. ફાળવણી ૨૨ ઓગસ્ટે અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ ૨૬ ઓગસ્ટના રોજ છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૩૦૯થી રૂ. ૩૨૫ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઇઝ ૪૬ છે.

સારા પરિણામને પગલે હોનાસાના શેર ૧૩ ટકા વધ્યા હતા. મલ્ટીમીડિયા પ્રોડક્શન હાઉસ, સ્ટુડિયો એલએસડી લિમિટેડ, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે અને તે એનએસઇ ઇમર્જ પ્લેટફોર્મ મારફત રૂ. ૭૦.૧૩ કરોડ એકત્ર કરવાનો ઉદ્દેશ ધરાવે છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૮થી રૂ. ૫૧ પ્રતિ શેર નક્કી થઇ છે અને મિનિમમ લોટ સાઇઝ ૨૦૦૦ ઇક્વિટી શેરની છે. ભરણું વીસમી ઓગસ્ટે બંધ થશે.

સુઝલોન એનર્જીના શેર ત્રણ ટકાથી વધુ ઘટ્યા હતા. પેટીએમને આરબીઆઇની ઓનલાઇન પેમેન્ટ એગ્રીગેટરની માન્યતા મળતાં તેના શેરમાં ઉછાળો હતો. ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇક્વિપમેન્ટ ઉદ્યોગમાં અગ્રણી ખેલાડીઓમાંની એક, પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે પહેલા ક્વાર્ટરના કોન્સોલિડેટેડ અનઓડિટેડ પરિણામમાં ૫૯.૮૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૪૧.૫૫ કરોડની કુલ આવક, ૧૭.૩૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૪.૨૮ કરોડનો એબિટા અને ૪૯.૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨.૬૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. ડ્રાયફ્રુટ્સ, તેજાના અને નમકીન ઉત્પાદનોના સોર્સિંગ, પ્રોસેસિંગ અને માર્કેટિંગ ક્ષેત્રની અગ્રણી કંપની લીઓ ડ્રાઇફ્રૂટ એન્ડ સ્પાઇસેસ ટ્રેડિંગ લિમિટેડે ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત કેન્દ્રીય પોલીસ કલ્યાણ ભંડાર તરફથી નોંધપાત્ર સપ્લાય ઓર્ડર પ્રાપ્ત થયો હોવાનું જાહેર કર્યુ છે. આ કરાર હેઠળ કંપની તેજાના, સૂકા ફળો, ઘી અને નમકીન સહિત વિવિધ પ્રકારના ઉત્પાદનોનો સપ્લાય કરશે. કરાર હેઠળ ૪૦ ઉત્પાદનો માટે મંજૂરીઓ પ્રાપ્ત થઇ છે.

ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કૃષિ ઉત્પાદન એફએમસીજી ક્ષેત્રે કાર્યરત સર્વેશ્વર ફૂડ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં ૨૯.૩૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૦૧.૩૫ કરોડની આવક હાંસલ કરી છે. એ જ સાથે, વાર્ષિક ધોરણે ૩૬.૨૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૧૩ કરોડનો એબિટા અને ૫.૩૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૭.૦૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

સેશાસાઇ ટેકેએ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે. વિશ્વની ઇન્સ્ટન્ટ બીવરેજીસની સૌથી મોટી કંપની રસના પ્રાઇવેટ લિમિટેડે રેડી ટુ ડ્રીન્ક સેગમેન્ટમાં ૧૦૦ ટકા ભારતીય બનાવટનું રમ્પીન લોન્ચ કર્યુ છે. કંપની આરટીડી બિઝનેસમાં રૂ. ૧૦૦૦ કરોડનો હિસ્સો હાંસલ કરવા ધારે છે. એક અંદાજ અનુસાર ૨૦૩૩ સુધીમાં ૧૧.૯૦ ટકા સીએજીઆર સાથે ભારતનું ફળોના રસનું માર્કેટ રૂ. ૨૨૮૫૫ કરોડને આંબી જશે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઝડપથી ઊંચા મથાળે સ્થિર થયો હતો. યુરોપિયન બજારો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે ઊંચા બંધ થયા હતા.


વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા સત્રમાં મંગળવારે ૩,૩૯૮.૮૦ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર વેચ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, સેન્સેક્સ ૩૬૮.૪૯ પોઈન્ટ અથવા ૦.૪૬ ટકા ઘટીને ૮૦,૨૩૫.૫૯ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૯૭.૬૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૪,૪૮૭.૪૦ પર બંધ થયો હતો. ■

# અમેરિકામાં ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ: વ્યાજદરમાં કપાતની શક્યતા પ્રબળ

## શુદ્ધ સોનું ₹ ૪૨૭ વધીને ફરી ₹ એક લાખની પાર, ચાંદી ₹ ૧૯૬૨ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત જુલાઈ મહિનામાં અમેરિકામાં ફુગાવા અથવા તો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં બજારની ૦.૩ ટકાની વૃદ્ધિની અપેક્ષા સામે ૦.૨ ટકા વધી આવ્યો હોવાના નિર્દેશો સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ૦.૫થી ૦.૬ ટકાનો તથા ચાંદીના ભાવમાં ૧.૭ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી રૂ. ૧૯૬૨નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૬થી ૪૨૭ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાના ભાવે ફરી રૂ. એક લાખની સપાટી કુદાવી હતી.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીના ભાવ એક ટકા કરતાં વધુ ઉછળી આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નીચા મથાળેથી નીકળેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૬૨ના ચમકારા સાથે રૂ. ૧,૧૫,૨૭૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સોનામાં પણ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૬ વધીને રૂ. ૯૯,૬૯૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૨૭ વધીને રૂ. ૧,૦૦,૦૯૭ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે સપ્ટેમ્બરમાં રેટ કટના આશાવાદ હેઠળ હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૩૬૩.૬૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૫ ટકા વધીને ૩૪૧૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૭ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૩૮.૫૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે અમેરિકામાં ફુગાવામાં ઘટાડાની સાથે વ્યાજદરમાં કપાતનો આશાવાદ સપાટી પર આવવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં સોનામાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, આગામી શુક્રવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન સાથે યુક્રેનના મુદ્દે યોજાનારી બેઠકને ધ્યાનમાં લેતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું કેસીએમ ટ્રેડના વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે જો આ બેઠકમાં યુદ્ધ વિરામ અંગે કોઈ નક્કર પરિણામ ન આવે તો સોનાના ભાવમાં ઔંસદીઠ ૩૪૦૦ ડૉલર ભણીની આગેકૂચ જોવા મળી શકે છે.

ગત જુલાઈ મહિનામાં અમેરિકાનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં આગલા જૂન મહિનામાં જોવા મળેલી ૦.૩ ટકાની વૃદ્ધિ સામે ૦.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી અને ફુગાવો વધીને ૨.૭ ટકાના સ્તરે રહ્યો હતો. જોકે, બજાર વર્તુળો ફુગાવામાં ૦.૩ ટકાની વૃદ્ધિ રાખી રહ્યા હોવાથી ફેડરલ દ્વારા આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કપાત મૂકવામાં આવે તેવી શક્યતા પ્રબળ બની હતી. તેમ જ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હવે સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કપાતની ૯૦ ટકા ધારણા બજાર વર્તુળો રાખી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વ્યાજદરમાં કપાતનાં સંજોગોમાં રોકાણકારોની સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલી રહેતી હોય છે. જોકે, હવે રોકાણકારોની નજર સપ્તાહના અંતે જાહેર થનારા અમેરિકાનાં પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ, બેરોજગારી તથા રિટેલ વેચાણના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયામાં ૧૬ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત ગઈકાલે જુલાઈ મહિનાનો ફુગાવો ઘટીને આઠ વર્ષની નીચી ૧.૫૫ ટકાની સપાટીએ રહ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૫ પૈસા મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના સુધારા સાથે ૮૭.૪૭ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૯૮.૮૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૬૩ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૭.૬૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૨ અને ઉપરમાં ૮૭.૩૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસા વધીને ૮૭.૪૭ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે ગઈકાલે અમેરિકામાં જુલાઈ મહિનાના ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળી હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતા આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેવાથી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવતા રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં વિશ્લેષક દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે આ ઉપરાંત સ્થાનિક સ્તરે ફુગાવામાં ઘટાડો અને ઈક્વિટી મર્કેટમાં જોવા મળેલા સુધારાને પગલે રૂપિયો વધી આવ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૫.૭૬ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૪ ટકા ઘટીને ૯૭.૬૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. વધુમાં સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૦૪.૩૨ પૉઈન્ટનો અને ૧૩૧.૯૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ટીન અને નિકલ સિવાયની ધાતુમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે મુખ્યત્વે ટીન અને નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચ સુધીનો ધીમો સુધારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ટીન અને નિકલમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૬ અને રૂ. ૧૮નો ઉછાળો આવ્યા બાદ આજે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નીકળેલી નફારૂપી વેચવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૦૩૩ના મથાળે અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા.

આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૧૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૨૯, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૨૯, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૨, રૂ. ૮૪૨, રૂ. ૭૬૭, રૂ. ૫૬૫ અને રૂ. ૨૭૪ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૨૬૧ના મથાળે રહ્યા હતા. ■

# મિલો પાછળ ખાંડમાં આગેકૂચ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં થયાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. છથી ૨૦ની આગેકૂચ જોવા મળી હતી. તેમ જ મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે હાજરમાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના સુધારા સાથે રૂ. ૪૦૫૦થી ૪૦૯૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ અને ઉપલા મથાળેથી



રૂ. છ વધીને રૂ. ૪૧૦૨થી ૪૧૮૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૫થી ૪૦૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૩૫થી ૪૦૭૫માં થયાના અહેવાલ હતા. ■

# મલયેશિયા પાછળ આયાતી તેલમાં સુધારો આગળ ધપ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં સાધારણ એક સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૩ રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ તેલ બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન, ક્રૂડ પામતેલ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આગળ ધપ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે હાજરમાં છૂટાછવાયા વેપારો હતા, પરંતુ ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપાર નિરસ રહ્યાના અહેવાલ હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫ અને જીવનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.



આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૨૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે નવી મગફળીની ૧૫૦ ગૂણીની આવક સામે વેપાર રૂ. ૭૦૦થી ૧૦૯૦માં થયા હતા. જોકે, આજે રાજકોટ મથકે મગફળીની આવકો નહોતી.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, ક્રૂડ પામતેલના રૂ. ૧૦૨૦થી ૧૦૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦, સોયા ડિગમના રૂ. ૧૦૩૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સન ક્રૂડના રૂ. ૧૩૧૦, સરસવના રૂ. ૧૬૨૦ અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતના મથકો પર તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં, લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં અને વૉશ્ડ કૉટનના રૂ. ૧૩૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ભાવનગરની એચસીજી હોસ્પિટલને ₹ ૭.૨૨ કરોડની પેનલ્ટી ફટકારાઈ: હોસ્પિટલને પીએમ જેવાય યોજનામાંથી સસ્પેન્ડ કરાયા બાદ ફરી શરૂ કરાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના મેઘાણી સર્કલ પાસે આવેલ એચ.સી.જી. હોસ્પિટલમાં પી.એમ.જે.એ.વાય. યોજનામાં ક્ષતિઓને કારણે હોસ્પિટલને આરોગ્ય વિભાગની ગાંધીનગરની કચેરી ખાતેથી ૬ માસ પૂર્વે રૂ. ૭.૨૨ કરોડની પેનલ્ટી ફટકારવામાં આવી હતી અને પેનલ્ટી નહીં ભરતા ૧૪ દિવસ પૂર્વે યોજનામાંથી હોસ્પિટલને સસ્પેન્ડ કરવામાં આવી હતી પરંતુ ત્યારબાદ તત્કાલ ફરી હોસ્પિટલમાં યોજના શરૂ કરી દેવામાં આવી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના મેઘાણી સર્કલ ખાતે આવેલ એચ.સી.જી. હોસ્પિટલમાં પીએમજેએવાય યોજનામાં ક્ષતિના પગલે આરોગ્ય વિભાગની ગાંધીનગરની કચેરીથી હોસ્પિટલને આશરે ૬ માસ પૂર્વે રૂ. ૭,૨૨,૯૦,૨૦૫ ની પેનલ્ટી કરવામાં આવી હતી, જેમાં ૨ દર્દીઓ પાસેથી અનુક્રમે રૂ. ૬ હજાર અને ૧૯ હજારનું મની ચાર્જિંગ જોવા મળેલ છે, જ્યારે હોસ્પિટલના કેસોનું એનાલીસીસ કરતા ૩૯ કેસોમાં અપ કોડીંગ (પેકેજમાં વિસંગતતા) જોવા મળી હતી તેમજ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ રેડિયેશન મશીનમાં સીબીસીટી શકય ન હોવાથી ગત તા. ૧૧ જુલાઈ-૨૦૨૩ થી ગત તા. ૨૧ મે-૨૦૨૪ દરમિયાન હોસ્પિટલ દ્વારા મૂકવામાં આવેલ રેડિયેશનના કુલ ૯૯૬ કેસમાંથી ૪૪૩ કેસ જેના પેકેજ કોડ હતા તે આ મશીન દ્વારા સારવાર આપી શકાય નહિ છતાં સારવાર આપવામાં આવી હતી.

હોસ્પિટલે પેનલ્ટી નહીં ભરતા અધિક નિયામક (ત.સે.) ગાંધીનગર દ્વારા ગત તા. ૨૯ જુલાઈ-૨૦૨૫ના રોજ પીએમજેએવાય યોજનામાંથી હોસ્પિટલને સસ્પેન્ડ કરવા હુકમ કર્યો હતો પરંતુ સસ્પેન્ડ કર્યા બાદ થોડા જ કલાકમાં ફરી યોજના હોસ્પિટલમાં શરૂ કરી દેવામાં આવી હતી તેમ મહાપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

ભાવનગર મહાપાલિકાના મેડિકલ ઓફીસર ઓફ હેલ્થ ડો. આર. કે. સિન્હાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, એચસીજી હોસ્પિટલની પીએમજેએવાય યોજનામાં ક્ષતિઓની ફરિયાદ ઈન્સ્યોરન્સ કંપનીના અધિકારીએ ગાંધીનગરની કચેરીમાં કરી હતી, જેના પગલે ગાંધીનગરથી પેનલ્ટી કરવામાં આવી હતી. પેનલ્ટી નહીં ભરતા એચસીજી હોસ્પિટલમાં યોજના સસ્પેન્ડ કરવા હુકમ પણ ગાંધીનગરથી થયો હતો પરંતુ ત્યારબાદ થોડા કલાકમાં ફરી યોજના હોસ્પિટલ ખાતે શરૂ કરી દેવામાં આવી હતી. ગાંધીનગરની કચેરીએથી તમામ નિર્ણય કરાતા હોવાથી તેઓને અન્ય કોઈ જાણકારી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે પીએમજેએવાય યોજનામાં વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધી કેશલેસ સારવાર પીએમજેએવાય યોજના અંતર્ગત નિયત માપદંડો ધરાવતા પરિવારોને કુટુંબદીઠ વાર્ષિક રૂ. ૧૦ લાખ સુધી નિયત કરેલ પ્રાથમિક, સેકન્ડરી તેમજ ટર્શરી બિમારીઓ માટે કેશલેસ સારવાર આપવામાં આવે છે, જેનો લાભ ઘણા દર્દીઓ લેતા હોય છે. ■



શ્રાવણ કૃષ્ણ ચોથ અને પાંચમની સંયુક્ત તિથિ પર શ્રી સોમનાથ મહાદેવને ''શ્રી ગણેશ દર્શન'' શૃંગાર કરાયો હતો. શ્રી ગણેશની પ્રતિકૃતિના દર્શન મેળવી ભાવિકો ધન્ય બન્યા હતા. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)



રાજકોટમાં લોકમેળાની તૈયારીના ભાગરૂપે વરસાદી પાણી ભરાયા હતા ત્યાં કપચી પાથરી દેવામાં આવી હતી. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# મુંદરાના ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસના સૂત્રધાર એવા માજી સરપંચના જામીન વડી અદાલતે નકાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વર્ષ ૨૦૨૧ના કચ્છના બંદરીય મુંદરાના ચકચારી કસ્ટોડિયલ ડેથ કેસમાં મુખ્ય સૂત્રધાર તરીકે બતાવાયેલા આરોપી એવા સમાઘોઘા ગામના માજી સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાની નિયમિત જામીન અરજી રાજ્યની નામદાર વડી અદાલતે નામંજૂર કરી દીધી હતી.

પોતાનું લાંબા સમયથી જેલમાં હોવું અને કેસ પૂરો થવામાં હજુ સમય લાગે તેમ હોવાનું જણાવી જયવીરસિંહ જાડેજા માટે હાઈ કોર્ટ સમક્ષ આ જામીન અરજી દાખલ કરાઈ હતી, જેની સુનાવણી દરમિયાન સરકાર પક્ષે જામીન આપવા સામે વિરોધ દર્શાવી છેક સર્વોચ્ચ અદાલત સુધી આરોપીને જામીન ન મળ્યાની રજૂઆત કરી હતી. બંને પક્ષને સાંભળી કેસ પૂર્ણતા તરફ આગળ વધી રહ્યો છે ત્યારે જામીન આપવાનું કોઈ કારણ રહેતું ન હોવાના તારણ સાથે હાઈ કોર્ટના ન્યાયાધીશ એ.વાય. કોગ્જેએ આ જામીન અરજી નામંજૂર કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને ગેરબંધારણીય રીતે ઉઠાવીને, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે જણનું મોત નીપજ્યું હતું, એક જણને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ મામલે તત્કાલીન પી.આઈ. પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી. જીઆરડીના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજા સહિત દસ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ■

# અબડાસાની જર્જરિત વાયોર પ્રાથમિક શાળાના આચાર્ય ખંડમાં છતના મસમોટાં પોપડા પડયાઃ જાહેર રજા હોવાથી જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના વાયોર ગામમાં સ્થિત એક જર્જરિત થઇ ગયેલી સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય ખંડમાં છત ઉપરથી ભારેખમ પોપડા ખરી પડ્યા હતા, સદ્‌ભાગ્યે આ ઘટના રજાના દિવસે બની હોવાથી કોઈ જાનહાની સર્જાઈ ન હતી.

આ અંગે સરકારી શાળાના આચાર્ય દિનેશ ગામિતે જણાવ્યું હતું કે, ગત શુક્રવાર, શનિવાર અને રવિવારે શાળામાં જાહેર રજા હતી. રવિવારે સાંજે તેઓ વહીવટી કામ માટે શાળામાં ગયા ત્યારે આચાર્ય ખંડમાં છતના પોપડા જમીન પર પડેલા જોવા મળ્યા હતા. આ ઘટનામાં કચેરીમાં રહેલું કોમ્પ્યુટર, પ્રિન્ટર, છતના પંખા અને રાચરચીલાને ભારે નુકસાન પહોંચ્યું હતું.

નવાઈ પમાડતી બાબત એ છે કે પ્રાથમિક શિક્ષણ વિભાગની ટીઆરપી ટીમે ગત ૨૯મી જુલાઈના રોજ આ સંકુલની ચકાસણી કરી હતી. તે સમયે ''સબ સલામત''નો રિપોર્ટ આપવામાં આવ્યો હતો. દીવાલોમાં કોઈ પણ સ્થળે તિરાડ જોવા મળી ન હતી. આ અચાનક બનેલી ઘટનાથી શાળાનો સ્ટાફ અચંબામાં મુકાયો છે.

આ બનાવ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરીને જાણ કરવામાં આવી છે અને ઉચ્ચ કચેરી તરફથી તપાસ કરી નિવારણ માટેની ખાતરી આપવામાં આવી હતી. હાલ આ શાળામાં બાલ વાટિકાથી લઈને ધોરણ આઠ સુધીમાં ૨૯૫ બાળકો અભ્યાસ કરે છે. ■

# ભુજમાંથી ચાલતી એસયુવી કારમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો બુકી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ક્રિકેટ મેચ પર રમવામાં આવતો સટ્ટો હવે જાણે બારમાસી બની ગયો છે. ભુજમાંથી ફરી એકવાર ચાલતી કારમાં ક્રિકેટ મેચો પર ઓનલાઇન સટ્ટો રમાડતા ઓમ ધર્મેન્દ્ર ડાભી નામના બુકીની એલસીબીએ ધરપકડ કરી લીધી હતી.

આ કાર્યવાહી અંગે સ્થાનિક ગુન્હાશોધક શાખાના ઇન્ચાર્જ પી.આઇ. એચ.આર. જેઠીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાત્રી પેટ્રોલિંગ દરમ્યાન મળેલી ખાનગી બાતમીના આધારે ભુજના હિલગાર્ડનથી નરસિંહ મહેતા નગર બાજુ જતા માર્ગ પર કાળા રંગની કારમાં બેઠેલા ઓમ ધર્મેન્દ્ર ડાભી (રહે. નરસિંહ મહેતા નગર, નવી રાવલ વાડી,ભુજ)ને ઝડપી લીધો હતો.

આ શખસ પોતાના સ્માર્ટફોનમાં ઇન્સ્ટોલ કરેલા એપ્લિકેશનની આઇ.ડી વડે ઓસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમી-રમાડી રહ્યો હતો. ઓમને મીત રાઠોડે આપેલી માસ્ટર આઇ.ડી.માં સટ્ટો રમવાના ઉપયોગની ૩૦ લાખની બેલેન્સ મળી આવી હતી. એક લાખના બે મોંઘેરા સ્માર્ટફોન, ૨૦ લાખની ફોર્ચ્યુનર કાર અને આઇ.ડી.માં ૩૦ લાખના બેલેન્સ સહિતના મુદ્દામાલ સાથે બુકીને ઝડપી એ-ડિવિઝન પોલીસ મથકે જુગારધારા તળે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમ એચ.આર જેઠીએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરમાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ઇન્સ્યોરન્સ અંગે વિશિષ્ઠ પ્રકારનાં માર્ગદર્શન સેમીનાર યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ધિ ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડનાં સંયુક્ત ઉપક્રમે ઇન્સ્યોરન્સ અંગે વિશિષ્ઠ પ્રકારનાં માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ચેમ્બરની બેન્કિંગ અને ફાયનાન્સીયલ સર્વિસીસ કમિટીના ચેરમેન સી.એ. ઉન્મેશભાઈ મેહતાએ શાબ્દિક સ્વાગતની સાથે સાથે વેપાર ઉદ્યોગમાં રહેલ જોખમ માટે ઇન્સ્યોરન્સનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ધિ ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડનાં જનરલ મેનેજર મેરી અબ્રાહમએ જણાવ્યું હતું કે તેમની કંપની ભારતની સૌથી મોટી મલ્ટીનેશનલ જનરલ ઈન્સ્યોરન્સ કંપની છે. ભારતના જનરલ ઈન્સ્યોરન્સ માર્કેટમાં તેમની કંપનીનો સૌથી મોટો હિસ્સો લગભગ ૧૫ ટકા જેટલો છે.

ધિ ન્યુ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડના ચીફ મેનેજર નરેન્દ્રબાબુએ અલગ અલગ પ્રકારની લાયેબીલીટી વિષે વાત કરતા જણાવેલ કે સાયબર ફ્રોડથી થયેલ આર્થિક નુકસાન, સાયબર લાયેબીલીટી પોલીસીમાં કવર કરી શકાય છે. પ્રોપર્ટી ડેમેજ લાયેબીલીટીમાં આગ વગેરે કારણોસર થયેલ નુકસાન ઈન્સ્યોરન્સમાં કવર કરી શકાય છે. પ્રોડક્ટ લાયેબીલીટી પોલીસીમાં કોઈ ઉત્પાદક કંપની દ્વારા થયેલ ઉત્પાદન અથવા પ્રોડક્ટના સેવનથી ઉપભોક્તાને નુકસાન થાય તેને ભરપાઈ કરવાની જવાબદારી આ પોલીસી દ્વારા ઈન્સ્યોરન્સ કંપની પર ટ્રાન્સફર કરી શકાય છે. એરર એન્ડ ઓમીશન લાયેબીલીટી જેમાં ડોક્ટર, વકીલ, આર્કિટેક્ટ, એન્જિનિયર વગેરેને ઘણીવાર તેમના ક્લાયન્ટ સાથે પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે તેવા સમયે ક્લાયન્ટને થયેલા નુકસાનની જવાબદારી વીમા કંપનીને ટ્રાન્સફર કરી શકાય છે. ■

# ભાવનગરમાં આજે કૉંગ્રેસ દ્વારા મશાલ રેલી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દેશની જનતા ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પંચની મિલીભગતથી વોટ ચોરીની પોલ લોકસભા કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીજી દ્વારા પકડાઈ ગઈ છે ત્યારે સમગ્ર દેશમાં કૉંગ્રેસ પક્ષ દ્વારા વોટ ચોર ગાદી છોડનું અભિયાન ચાલી રહ્યું છે તેના ભાગરૂપે તા. ૧૪ના સાંજના ૭ કલાકે કૉંગ્રેસ કાર્યાલય અષ્ટ વિનાયક કોમ્પ્લેક્સ માધવદર્શન સામે વાઘાવાડી રોડથી એક વિશાળ વિરાટ મશાલ રેલી નીકળનારી છે અને તે રેલી નવાપરા ચોક થઈ હાલુરિયા ચોક ખાતે શહીદ સ્મારક સુધી ફરશે.

આ રેલીમાં કૉંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો, વિધાનસભા લડેલા, કોર્પોરેટરો, જિલ્લાપંચાયત સભ્યો, યુવા કૉંગ્રેસ, સેવાદળ, મહિલા કૉંગ્રેસ, એનએસયુઆઈ, શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ (લાલભા) જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રવીણભાઈ રાઠોડ જિલ્લા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા બળદેવભાઈ સોલંકી, મહાનગરપાલિકા ના વિરોધ પક્ષના નેતા જીતુભાઈ સોલંકીએ જોડાવા અનુરોધ કર્યો હતો. ■

# જામનગર લોકમેળામાં મનમાની પર તંત્રની લગામઃ નિયમ વિરુદ્ધ રાઈડ્સ પર તાળાં માર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરના પ્રદર્શન મેદાન પર શ્રાવણી લોકમેળાનું આયોજન થઈ રહ્યું છે. આ દરમિયાન ડે. મ્યુનિ. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાએ સંબંધિત અધિકારીઓ સાથે મેળાના સ્થળની મુલાકાત લીધી હતી.

મહાનગરપાલિકાની વિવિધ ટીમોએ મેળા પૂર્વે તૈયારીઓની સમીક્ષા કરી. તમામ સ્ટોલ ધારકો અને રાઈડ સંચાલકોને નિર્ધારિત એસ.ઓ.પી.નું પાલન કરવા સૂચના આપી.

તંત્રએ સ્ટોલની ચોકસાઈથી માપણી કરી હતી. વધારાની જગ્યા કબજે કરનારાઓને તાત્કાલિક ખાલી કરવા આદેશ આપ્યો હતો.

મેળામાં બે નાના પ્લોટને જોડીને એક મોટી રાઈડ મૂકવાનો પ્રયાસ થયો હતો. મહાનગરપાલિકાએ આવી બે રાઈડ પર તાળા મારી દીધાં હતાં.

આ કાર્યવાહીમાં નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા અને અસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણવા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, લાઈટ વિભાગ, ફાયર વિભાગ અને અન્ય સહાયક ટીમોએ સંયુક્ત કામગીરી કરી હતી.

તેમણે મેળા વિસ્તારને નિયમો અનુસાર સુવ્યવસ્થિત બનાવ્યો હતો. તંત્રએ નિયમભંગ કરનારા સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ■

# રાજકોટમાં આજથી લોકમેળાનો પ્રારંભ થશેઃ ગ્રાઉન્ડના માર્ગો ૧૦ ફૂટ પહોળા કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રની ભાતીગળ લોક સંસ્કૃતિની ઝલક દર્શાવતા રાજકોટના લોકમેળાનો રેસકોર્સ ગ્રાઉન્ડમાં પ્રારંભ થશે. જન્માષ્ટમીના પાંચ દિવસીય લોકમેળાની તૈયારીઓને તંત્ર દ્વારા બુધવારે આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ લોકમેળાનું ઉદ્‌ઘાટન જિલ્લાના પ્રભારી પ્રધાન રાઘવજીભાઈ પટેલના હસ્તે થશે. લોકમેળાનો પ્રારંભ થતાની સાથે જ મોજમસ્તીનો માહોલ છવાઈ જશે.

આ દરમિયાન જિલ્લા કલેકટર ડૉ. ઓમપ્રકાશે લોકમેળા સમિતિના હોદ્દેદારો સાથે રેસકોર્સ ગ્રાઉન્ડની મુલાકાત લઈ સ્થળ તપાસ કરી હતી, જેમાં વરસાદના પગલે રેસકોર્સ ગ્રાઉન્ડમાં છવાયેલ કાદવ-કીચડને હટાવી ગ્રાઉન્ડને ચોખ્ખું રાખવા માટે કલેકટર ડૉ. ઓમપ્રકાશે અધિકારીઓને આદેશ આપ્યા હતા, જેના પગલે મેળાના ગ્રાઉન્ડમાં તાબડતોબ મોરમ પાથરવામાં આવી હતી.

કલેકટર ડૉ.ઓમપ્રકાશે આ તકે જણાવ્યું હતું કે લોકમેળામાં દર વખત કરતા આ વખતે આંતરિક માર્ગો વધુ ૧૦ ફૂટ પહોળા કરી દેવામાં આવ્યા હતા, જેના કારણે આ મેળામાં મુલાકાતીઓ આરામથી મેળાને માણી શકશે. આ ઉપરાંત મેળામાં કોઈ આકસ્મિક દુર્ઘટના સર્જાય તો ફાયર અને એમ્બ્યુલન્સ જેવા વાહનો પણ સરળતાથી આવન જાવન કરી શકશે. તેઓએ જણાવ્યું હતું કે લોકમેળામાં ખાસ પાંચ જેટલા વોચ ટાવર ઊભા કરવામાં આવ્યા છે.

આ વોચ ટાવર પર ક્વિક રિસ્પોન્સ ટીમ એનડીઆરએફ, એસડીઆરએફ અને પોલીસ જવાનો સ્ટેન્ડ ટુ રહેશે. મેળામાં આ વખતે નગરજનોને અવનવી રાઈડસની રંગત માણવા મળશે. મોટી રાઈડસના તમામ ૩૪ પ્લોટ ઉપર રાઈડ્સનું ફીટીંગ પરીપૂર્ણ કરી દેવામાં આવ્યો છે. કેટલાક પ્લોટોમાં રાઈડસ પાછળ દબાણો ખટકાયેલ છે તેને હટાવવા માટે આદેશ આપી દેવામાં આવ્યો છે.

કલેકટર ડૉ.ઓમપ્રકાશે આ મુલાકાત દરમ્યાન લોકમેળામાં રાઈડસ ફીટીંગ તથા ખાણીપીણી તથા રમકડાના સ્ટોલ, એક્ઝિબિશનની તૈયારી સહિતની કામગીરીની સમીક્ષા કરી હતી. તેની સાથોસાથ અધિકારીઓ અને કોન્ટ્રાકટરોને અધૂરી કામગીરી ઝડપભેર પરીપૂર્ણ કરવા માટે તેઓએ તાકીદ કરી હતી. લોકમેળામાં અન્ડરગ્રાઉન્ડ કેબલ પણ ફીટ કરી વીજ કનેકશનોની ફાળવણી કરી દેવામાં આવી હતી.

આ વખતે લોકમેળામાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ઊભરતા કલાકારોને પણ પર્ફોર્મન્સ આપવાની તક પૂરી પાડવામાં આવી છે. મેળા દરમ્યાન બપોરથી રાત્રી સુધી અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ થશે. ■

### ભાવનગર યુનિ.માં એનએસયુઆઈનું વિરોધ પ્રદર્શન

# વિવિધ કોર્ષમાં પ્રવેશવંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા મુદ્દે કુલપતિને રજૂઆત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ કોર્સમાં પ્રવેશવંચિત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કુલપતિને રજૂઆત કરવામાં આવી હતી, જ્યાં કુલપતિની ઓફિસ બહાર એનએસયુઆઈ દ્વારા રામધૂન કરવામાં આવી હતી અને જો તાત્કાલિક નિર્ણય કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલનની ચમકી ઉચ્ચારી હતી.

મળતી માહિતી પ્રમાણે, ભાવનગર યુનિવર્સિટીમાં જ્યારથી જી-કાસ પ્રક્રિયા ચાલુ થઈ છે, ત્યારથી પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને મુશ્કેલીઓ પડે છે. અત્યારના સમયમાં વિદ્યાર્થીઓનું રોજગાર આપતા વિવિધ કોર્ષોમાં સીટો ભરાઈ ગઇ છે, બી.એ. તેમજ બી.કોમની મોટાભાગની કોલેજોમાં ઘણી સીટો ખાલી છે, વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત છે. તેથી ડિપ્લોમા કોર્સમાં સીટોનો વર્ગ વધારો આપવા તેમજ પ્રવેશ પ્રક્રિયા ઓફલાઈન શરૂ કરવી, જેના કારણે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર થાય તે અંગે રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે એનએસયુઆઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી જોઈએ છીએ કે જી-કાસ પોર્ટલને કારણે વિદ્યાર્થીઓને એડમિશન લેવામાં તકલીફ પડી રહી છે. સરકારે માત્ર એની એજન્સીઓને ફાયદા કરાવવા માટે જી-કાસ પોર્ટલની રચના કરી છે, ગયા વર્ષે પણ આ પોર્ટલમાં પ્રવેશ પ્રક્રિયા ફેલ ગઈ હતી, જેના કારણે સરકારી ઘણી યુનિવર્સિટીઓ ખાલી છે. જ્યારે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ ભરાઈ ગઈ છે. ■

# ગીર સોમનાથમાં દેવાયત ખવડની બબાલ મુદ્દે થયો મોટો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાણીતા કલાકાર દેવાયત ખવડ ફરી એક વખત ચર્ચામાં આવ્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના ચિત્રોડ ગામે દેવાયત ખવડે બબાલ કરી હોવાની ઘટના સામે આવી હતી ત્યારે હવે બબાલ મામલે ખુલાસો થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર દેવાયત ખવડની બુકાની ખૂલી ગઈ અને હુમલાનો ભોગ બનનાર તરત જ ઓળખી ગયા હતા.

ગીર સોમનાથના ડીવાયએસપી વી. આર. ખેંગારે જણાવ્યું, દેવાયત ખવડ અને અન્ય શખ્સોએ રેકી કરી હતી. પૂર્વ આયોજિત કાવતરું કરી માર મરાયો હતો. દેવાયત ખવડ અને અન્ય શખ્સોએ બુકાની બાંધી હતી. દેવાયત ખવડની બુકાની ખૂલી ગઈ હતી. બુકાની ખૂલી જતાં ધ્રુવરાજસિંહ ઓળખી ગયા હતા. પોલીસ દ્વારા દેવાયત ખવડ સહિત અન્ય ૧૫ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરાઈ હતી. હાલ નાસી ગયેલા આરોપીઓની શોધખોળ ચાલુ છે. આરોપીઓની ધરપકડ કરવા માટે પોલીસની અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. તાલાલા પીઆઈ આ કેસની તપાસ કરી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે, ધ્રુરાજસિંહ દ્વારા તેમના ત્યાં એક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડાયરામાં દેવાયત ખવડને આવવાનું હતું. તેમણે અગાઉથી આઠ લાખ રૂપિયા લીધા હતા અને કોઈ કારણસર ગયા નહોતા. આ બાબતને લઈને અગાઉ તેમની વચ્ચે માથાકૂટ થઈ હતી, જેનું મનદુખ રાખ્યું હતું, જ્યારે ધ્રુવરાજસિંહ સાસણ આવ્યા છે, તે બાબતની તેમને માહિતી મળી હતી, જે બાબતે તેની રેકી કરી ઈરાદાપૂર્વક કાવતરું રચી તેને મારવા માટે આવ્યા હતા, જ્યારે આ ઘટનાને અંજામ આપીને ફરાર થઈ ગયા હતા. ■

# જામનગર લોકમેળામાં નિયમ વિરુદ્ધ રાઈડ્સને તંત્રએ તાળા માર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર શહેરના પ્રદર્શન મેદાન પર શ્રાવણી લોકમેળાનું આયોજન થયું છે. આ દરમિયાન ડેપ્યુટી મ્યુનિ. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલાએ સંબંધિત અધિકારીઓ સાથે મેળાના સ્થળની મુલાકાત લીધી હતી. મહાનગરપાલિકાની વિવિધ ટીમોએ મેળા પૂર્વે તૈયારીઓની સમીક્ષા કરી હતી. તમામ સ્ટોલ ધારકો અને રાઈડ સંચાલકોને નિર્ધારિત એસ.ઓ.પી.નું પાલન કરવા સૂચના આપી હતી. તંત્રએ સ્ટોલની ચોકસાઈથી માપણી કરી હતી. વધારાની જગ્યા કબજે કરનારાઓને તાત્કાલિક ખાલી કરવા આદેશ આપ્યો હતો.

મેળામાં બે નાના પ્લોટને જોડીને એક મોટી રાઈડ મૂકવાનો પ્રયાસ થયો હતો. મહાનગરપાલિકાએ આવી બે રાઈડ પર તાળા મારી દીધા હતા. આ કાર્યવાહીમાં નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા અને અસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણવા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

મેળામાં બે નાના પ્લોટને જોડીને એક મોટી રાઈડ મૂકવાનો પ્રયાસ થયો હતો. મહાનગરપાલિકાએ આવી બે રાઈડ પર તાળા મારી દીધા હતા. તંત્રની કાર્યવાહીથી રાઇડ્સ સંચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. ■